શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર

આજીવન લવાજમ : રૂા. ૧૫૦૦/-

# કચ્છશ્રુતિ

વર્ષ : ૩૨મું
ઓગસ્ટ : ૨૦૧૭ • અંક : ૨
પાના નં. : ૧૦ (કુલ પેજ : ૫૨)

૧૫ ઓગસ્ટ, ૨૦૧૭ • પ્રસિદ્ધ કર્યા તા. ૧૦-૦૮-૨૦૧૭ • કિંમત : રૂા. ૧૮/-







તંત્રી મંડળ : અશોક મહેતા (મુખ્ય તંત્રી) • દિનેશભાઈ આર. મહેતા • ભોલાભાઈ ગોલીબાર

મુખ્ય કાર્યાલય : શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલીસબ્રીજ, અમદાવાદ - ૩૮૦૦૦૬. • ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com • Website : www.kutchisamajahmedabad.org.

Girlie™

Ladies Bag | Ladies Foot Wear

Unit-1, Ground Floor, Urja House, Swastic Cross Road,
C.G. Road, Ahmedabad - 380009.
Ph. : 079-26562011
E-mail : girlie.ahmedabad@gmail.com

ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેન્ક લિ.

મીઠાખળી છ રસ્તા, નવરંગપુરા, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૬૪૦૦૯૬૯-૭૦

- ફિક્સ ડીપોઝિટ ઉપર આકર્ષક વ્યાજદરો
- બચત તથા કરંટ ખાતા માટેની યોજના
- રૂા. ૧ કરોડ સુધીની લોન ધિરાણની વિવિધ યોજનાઓ અને વ્યાજનો દર

FD ના ખાતેદાર માટે ૯૦ થી ૬૫% સુધી OD માત્ર ૧ % વધુ વ્યાજ થી તેમજ થર્ડ પાર્ટી OD માટે પણ માત્ર ૧% વધુ વ્યાજ.

વિવિધ સાઈઝના લોકર ફક્ત ગ્રાહકો માટે વગર વ્યાજની ડીપોઝિટથી

SILICON®
ZERO MAINTENANCE LAMINATE

RANGE
- Romantic Veneer
- Zero Maintenance Laminate
- Plyboards
- Engineered Prelam Particle Board
- Doors

Customer Care: 09376327182, 09375021100
Email: info@silicon-group.com; coordinator@silicon-group.com
Web.: www.silicon-group.com

Navinbhai Patel
Director
Mob. : 9825034905

Ramjibhai Patel
Ratanshibhai Patel

PATIDAR

PATIDAR PACKERS PVT. LTD.

Wooden Boxes Crafts & Pallets.
Mfrgs. & Specialist in Seaworthy Packaging.

Opp. Ahmedabad Steel Craft, Near G.V.M.M., Odhav Road, Ahmedabad - 382 415.
Ph.: 079 - 22901233, 22902433, 22900933

Aashish Dinesh Mehta

Vikas Infrastructure
Land Developers & Investors

804, Aakridi Heights, Opp. Aangan Party Plot,
Nr. Prerna Tirth Derasar, Satellite, Ahmedabad-15.

(M) : 93741 31715, 94288 26997

Email : vikas_infra@rediffmail.com

હિમાંશુ ભાઈલાલ ઠક્કર
+91 98793 01004
+91 93740 01004

પ્રેરણા સ્ત્રોત
- શ્રી લોહાણા મહાપરિષદ
- અખિલ ગુજરાત લોહાણા સમાજ
- શ્રી અખિલ ગુજરાત કચ્છ વાગડ લોહાણા મહાજન
- શ્રી કચ્છ વાગડ લોહાણા મહાજન ટ્રસ્ટ અમદાવાદ
- શ્રી જલારામ અભ્યુદય જનસેવા ટ્રસ્ટ
- શ્રી કચ્છી સમાજ અમદાવાદ

અમર રઘુવંશમ્
શ્રી રઘુકુળ વિશ્વ

jaymahaparishad@gmail.com
shreeraghuvansham@gmail.com

મહેમાનોનું માન, સ્નેહીઓનું સન્માન... કર્ણાવતીની દાબેલી થી જ શોભે...

મણીનગરના પ્રખ્યાત
કર્ણાવતી™ દાબેલી સેન્ટર

આપકા સ્વાદ... હર પલ યાદ...

Our Main Branch
Maninagar
1, Radhamandir Complex, Opp. Hirabhai Tower,
Uttamnagar, Maninagar, Karnavati - 380 008.
Drive-In-Road
LL /12, Indraprastha Tower, Nr. Himalaya Mall, Drive - In - Road, Bodakdev, Ahmedabad- 380052.
Bopal
A -01 & 02, New York Arcade, Nr. Bhavya Park, Opp. Inductherm, Bopal, Ahmedabad.
★ Food's Regent Spice Products (Mfg. Dabeli Instant Masala)
6,7,8, Ground Floor, Karmam Avenue, Opp. Surya City,
B/h.Hirabhai Tower, Maninagar, Ahmedabad.

Mahendra Sangoi
Chairman, M.D.

RAMDEV
GROUP

Mfg. of
Cement Concrete Blocks
& Pavers
Builders and Developers

Ami Zarna, Opp. Navneet Hi-tech Hospital, L.T. Road, Dhaisar (E). Mumbai-400 068.
Telefax : 28940150/51 • E-mail : mahedrasangoi@ramdevgroupindia.com
Website : www.ramdevgroupindia.com

વર્ષ-૩૨ ● અંક - ૨

૧૫ ઓગસ્ટ, ૨૦૧૭



**માનદ્ સલાહકાર**

શ્રી હંસરાજ કંસારા

**તંત્રી મંડળ**

**અશોક મહેતા - મુખ્ય તંત્રી**

મો. ૯૮૨૫૩૨૨૬૮૯/૯૮૭૯૦૬૩૧૦૦

**દિનેશ આર. મહેતા**

મો. ૯૯૨૪૩૪૨૬૨૮

**ભોલાભાઈ ગોલીબાર**

ફોન : (૦૭૯) ૨૬૬૦૬૮૮૮

**વ્યવસ્થાપક સમિતિ/જાહેરાત સમિતિ**

**શ્રી મનુભાઈ કોટડિયા - કન્વીનર**

મો. ૯૬૦૧૨ ૭૫૦૭૮

**શ્રી ભરત ઓઝા - સભ્ય**

મો. ૯૮૨૫૭ ૧૪૮૩૩

**શ્રી સુનીલ દાવડા - સભ્ય**

મો. ૯૮૨૫૦ ૨૧૪૨૩

**વિભાગીય સંપાદન**

વતનના વાવડ - ભરત ઓઝા
ગાંધીનગર ગાથા - વર્ષા મહેતા
મહિલા વિશ્વ - રેખાબેન શુકલ
કલરવ - દિનેશ માંકડ
શબ્દ-શોધ - પ્રદીપ જોશી-આદિપુર



**પત્ર વ્યવહારનું સરનામું**

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com

●

Kutchshruti Available on
www.kutchisamajahmedabad.org
www.asanjokutch.com
www.hellokutchis.com

**કચ્છ શ્રુતિ લવાજમ**

૨ વર્ષ : રૂા. ૫૦૦/-
૫ વર્ષ : રૂા. ૧૦૦૦/-
આજીવન : રૂા. ૧૫૦૦/-

ચેક/ડ્રાફ્ટ : 'શ્રી કચ્છી સમાજ-અમદાવાદ'ના નામનો મોકલવો.



'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' તંત્રી મંડળનું સહમત હોવું આવશ્યક નથી. - મુખ્ય તંત્રી


# આ અંકમાં....

## વિભાગ-૧ :-

### તંત્રી લેખ


- ૨૦૧૭ના આઝાદી પર્વે થોડું ચિંતન કરી લઈએ ........................... **અશોક મહેતા**....૪
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા આયોજિત નવરાત્રિ પ્રસંગે રાસ ગરબાનો કાર્યક્રમ ● નવરાત્રિ પ્રસંગના વિવિધ સૌજન્ય.......... ....૬-૭


### પ્રસંગ વિશેષ


- આઝાદીની પૂર્વ સંધ્યાએ ............................................. **ડૉ. ગિરીશ વીછીવોરા**....૯


### દેશ ભક્તિ


- રાષ્ટ્રપ્રેમલક્ષી ગીતો ................................................................................ ....૧૨
- આઝાદી દિવસ......................................................... **દિનેશ આર. મહેતા**....૧૫
- શહીદ જવાનોના પરિવારોને અનોખી સેલ્યૂટ ............................ **ફયસલ બકીલી**....૧૬


### પ્રજા તંત્ર


- સરકાર એટલે માનવ વસાહતની કારોબારી...! ........... **દિનેશ પાંચાલ, જર્નાલિસ્ટ**....૧૮


### કચ્છ


- સરકીક : કચ્છ અને કચ્છીઓ માટે આન, બાન અને શાન...**ડૉ. મિહિર એમ. વોરા**....૨૧


### પ્રતિભા


- વિરાટ અને અસીમ આકાશનો સ્પર્શ! .................................. **હરેશ ધોળકિયા**.....૨૨


### દિશા સૂચન


- પ્રગતિ આ રીતે પણ થઈ શકે – (૧)................................... **અશોક મહેતા**.....૨૪


### અતીતમાં નજર


- અતીતની અટારીએથી – ૪ ....................................... **ભાવાનુવાદ : ભરત ભટ્ટ**....૨૬


### સમાજની ક્ષિતિજો


- પતંગ અને સંબંધમાં જેટલા સાંધા હોય એટલા જ વાંધા હોય ..... **ભોલાભાઈ ગોલીબાર**....૨૮


### વિચાર મંથન


- વાંચન, વિચાર, ચિંતન અને સમાજ..................................... **ભીમજી નાકરાણી**....૨૯


### વાર્તા


- સંકલ્પ ........................................................................ **રમીલા મહેતા**....૩૧
- વાત-વાતમાં : પપ્પુની કીટલી ......................................... **બલવીરસિંહ જાડેજા**....૩૩


### સ્વાસ્થ્ય


- માનસિક સ્ટ્રેસની શરીર પર અસર-૬ : સારવાર-૨ .... **ડૉ. મણિલાલ ગડા, મનોચિકિત્સક**....૩૫
  **ડૉ. દિપ્તી શાહ (ગડા) મનોચિકિત્સક અને બાળ મનોચિકિત્સક**


### મેઘ ધનુષ


- કાવ્ય – ગઝલ – હાઈકુ .......................................................................... ....૩૭


### વિવિધતા


- પ્રતિભાવ ● અન્ય સંસ્થાના સમાચાર ● વિવિધ માહિતી................................. ૩૮-૪૦


## વિભાગ-૨ :-


- પરિવાર સમાચાર ● સમાજ સમાચાર ............................................................. ૪૩-૪૭
- શ્રી કચ્છી સમાજ - અમદાવાદનો દૈનિક અહેવાલ ................................................ ૪૮
- **શબ્દ શોધ : ક્રમાંક-૬૩** ................................... **પ્રદીપ જોશી**....૫૦

તંત્રીલેખ

# ૨૦૧૭ના આઝાદી પર્વે

# થોડું ચિંતન કરી લઈએ



અશોક મહેતા

૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ એ વર્ષોની ગુલામી બાદનો ભારત દેશનો આઝાદી દિવસ, સ્વતંત્રતાનો દિવસ. શક, હૂણ, મોગલ, પોર્ટુગીઝ, અંગ્રેજ વગેરે પ્રકારના વિવિધ દેશોના લૂંટારાઓ અને સત્તાધીશો સામે ગુલામી વેઠેલ પ્રજા ગુલામીની ઝંઝીર તોડી આઝાદ બની. એ સમયે પ્રજાએ કેટકેટલા સ્વપ્નો નિહાળેલ હશે? તે સમયના નેતાઓએ પણ ઉજ્જવળ ભવિષ્યના સ્વપ્નાઓ સેવેલ હશે! માત્ર સેવાભાવનાથી જ આગળ આવેલ નેતાઓએ ભારતના ભવિષ્યને વિકાસમય, ગતિશીલ અને ઉજ્જવળ બનાવવા માત્ર સ્વપ્ન સેવેલ નહીં પરંતુ તેના માટે અથાગ પ્રયત્નો પણ કરેલ હતા. એ સમયે જાહેર કાર્યો માત્ર સેવાભાવનાથી જ કરવામાં આવતા. ૭૦ વર્ષ પછી આજે પરિસ્થિતિ શું છે? મૂલ્યાંકન કરીએ.

હા, ભારત દેશે સારો એવો વિકાસ સાધેલ છે. દુનિયા સાથે કદમ મિલાવવા પ્રયાસ કરી રહેલ છે. અંતરીક્ષ ક્ષેત્રે આપણે હરણફાળ ભરેલ છે. ઉદ્યોગો ધમધમવા લાગ્યા છે. અનેક લોકોને રોજી-રોટી મળતી થઈ છે. લક્ઝરીની અનેક આઈટમો આજે જીવન જરૂરિયાત બની ગયેલ છે. પરંતુ પ્રજાના બધા વિભાગોને હજુ આ વિકાસના ફળો ચાખવા મળી શક્યા નથી. પ્રજાનો સારો એવો વર્ગ તેનાથી વંચિત રહી જવા પામેલ છે. પ્રજામાં સારી એવી અસમાનતા પ્રવર્તી રહેલ છે.

અન્ય તરફ આપણી નેતાગીરીમાં જે સરફરોશીની ભાવના હતી – સેવાની ભાવના હતી તેને લૂણો લાગી ગયેલ છે. વિચારસરણી અને સિદ્ધાંતની દૃષ્ટિએ આપણે યોગ્ય રાહે નથી ચાલી રહ્યા તેનો ભાસ આજે માત્ર ચિંતકોને નહીં પરંતુ જન માનસને પણ કોતરી રહેલ છે. એક તરફ મહાત્મા ગાંધીજીના જાહેર જીવનને તેમજ તેની નેતાગીરીને મૂલવો અને અન્ય તરફ નરેન્દ્ર મોદીના માનસ અને નેતાગીરીને મૂકો. વિચારસરણીમાં જમીન - આસમાનનો ફરક દેખાશે. ઉત્તર - દક્ષિણ ધ્રુવ જેટલું અંતર આપણી જાહેર વિચારસરણીમાં પડી ગયેલ છે.

સરકારે હંમેશાં જનતાની સુખાકારીના - પ્રગતિના કાર્યો કરવાના હોય છે. પ્રજાનો બહોળો વર્ગ પોતાનો વિકાસ સાધી શકે તેવી તકો પૂરી પાડવી, ઉદ્યોગો ધમધમાટ ચાલે તેવી તેના માટે અનુકૂળ પોલિસીઓ બનાવવી, રોજી માટે બહોળા પ્રમાણમાં નોકરીની તકો ઊભી કરાવવી, રસ્તાઓ વગેરે બંધાવવા, ખેતીનો વિકાસ થાય તેવા પગલાંઓ ભરવા વગેરે પ્રકારના અનેક કાર્યો સરકારે કરવાના હોય છે. સરકારી અધિકારીઓ પર તે માટે જાહેર સેવકોનું નિયંત્રણ હોય છે. આ બધા જ પ્રકારના કાર્યો તેઓની દેશ માટે સેવા નથી પરંતુ તેમની ફરજનો એક ભાગ છે તેવું મૂલ્યાંકન તારવવું જોઈએ. સેવાના કાર્યો તો અન્ય અનેક રીતે થઈ શકે છે. શિક્ષણ ક્ષેત્ર, તબીબી ક્ષેત્ર, જાહેર સુખાકારીનું ક્ષેત્ર વગેરે પ્રકારના વિભાગોથી પ્રજાની સેવા સારી રીતે કરી શકાય છે.

ભારતના અત્યારના રાજકીય પક્ષો સેવાની ભાવનાને બાજુ પર મૂકી માત્ર અને માત્ર સત્તાલક્ષી બની ગયેલ છે. અને તેના કારણે સ્વની ઉન્નતિ - આર્થિક રીતે અથવા તો પોતાના મહત્ત્વની દૃષ્ટિએ - સાધવામાં જ પડી ગયેલ છે. તેમના કાર્યોમાં પ્રજાકીય સેવાની ભાવના તો ક્યાંયે અલોપ થઈ ગયેલ છે. તાજેતરનો બિહારનો જ દાખલો લો. નીતિશકુમારનો આખેઆખો જદયુ પક્ષ કોંગ્રેસ રાજદ અને જનતા દળ (યુ)નું ગઠબંધન તોડી ભાજપના ખોળે જઈને બેસી ગયો. આમાં રાજકીય સિધ્ધાંતની વાત ક્યાં આવી? તેજસ્વી પર ભ્રષ્ટાચારના આટલા પ્રહાર થયા પછી પણ પોતાને નિરપરાધી સાબિત કર્યા વગર સત્તા પર ચીટકી રહેવું તેમાં ન્યાયની વાત ક્યાં આવી? ગુજરાતમાં કેટલાક કોંગ્રેસીઓ તાજેતરમાં જ ભાજપમાં જોડાઈ ગયા. સેક્યુલરવાદને વરેલ પક્ષના ધારાસભ્યો હિંદુત્વવાદને વરેલ પક્ષમાં સામેલ થઈ ગયા. આમાં સિદ્ધાંતવાદી વિચારસરણીની વાત ક્યાં રહી? માત્ર સ્વના ફાયદાની લાલચ સિવાય બીજું શું હોઈ શકે?

*સ્વના ફાયદાની આ પ્રથાએ જ ભ્રષ્ટાચારને વિકસાવવા દીધો છે. આ વર્ષો દરમિયાન તે એકદમ ફૂલ્યોફાલ્યો છે. કોંગ્રેસ, ભાજપ કે અન્ય કોઈ પણ રાજકીય પક્ષ તેનાથી બાકાત રહી શકેલ નથી. ચિદંબરમ્, લાલુપ્રસાદ, જયલલીતા, શશીકલા જેવા રાજકીય નેતાઓ હોય કે રાજકીય સત્તાધારીઓના સહારે લલીત મોદી કે વિજય માલ્યા જેવા વ્યાપારી કુલમુખત્યારો હોય પરંતુ આ બધા દરેક તળિયેથી ભ્રષ્ટાચારના રંગે રંગાયેલા જ છે અને તેનાથી વિશેષ તો આ ભ્રષ્ટાચાર છેક છેવાડાના પદાધિકારી અથવા તો જનમાનસ સુધી વ્યાપી ગયેલ છે.*

*માત્ર બે ઈંચના વરસાદમાં ડામરના રસ્તાઓ ઉખડી જઈ માત્ર કાંકરી જ દેખાતી હોય તેવી અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની પરિસ્થિતિમાં જેટલું એન્જિનિરિંગ જવાબદાર છે, તેટલા જ તેના ઉપરી અમલદારો એટલે કે મ્યુનિસિપલ કમિશનરો અને કોર્પોરેટરો જવાબદાર છે. લાગ આવે ત્યારે કટકી કરી લેવાની ભાવના, તેરી ભી ચૂપ અને મેરી ભી ચૂપની પરિસ્થિતિ સર્જી દે છે. અંતે પરેશાન તો પ્રજા જ થાય છે. ટેક્ષના નાણાં પૂરેપૂરા ચૂકવ્યા પછી હેરાન તો તેને જ થવાનું આવે છે. મુંબઈના મધ્ય ભાગમાં આવેલા ૧૪ માળના મિડાસ ટાવરને કોઈ પણ જાતની પરમિશન લીધા વગર બંધાતા સાડા ત્રણ વર્ષ લાગ્યા. આ કઈ રીતે શક્ય થઈ શકે? રાતોરાત તો બંધાઈ નથી ગયા! તો પછી લાગતા વળગતા અધિકારીઓને કટકી ના મળેલ હોય તો તેઓ કઈ રીતે ચૂપ બેસી શકે? આજ પ્રકારની પરિસ્થિતિ પોલીસ ડિપાર્ટમેન્ટ, ઈન્કમટેક્ષ વિભાગ, શિક્ષણ ખાતું, હેલ્થ ખાતું, બાંધકામ વિભાગ, પછાત વર્ગના ખાતા વગેરે અનેક પ્રકારની શાખાઓમાં પ્રવર્તી રહેલ છે. પરિસ્થિતિ એટલી હદ સુધી વણસી ગયેલ છે કે મુખ્યમંત્રી અને પ્રધાનમંત્રીને પણ આજ સિસ્ટમના એક ભાગ તરીકે પ્રજા ગણના કરતી થઈ ગયેલ છે.*

*એક અન્ય હકીકત કે જે ગંભીર વિચાર માંગે છે. ૩૦ જાન્યુઆરી, ૧૯૪૮ના રોજ કટ્ટર હિંદુત્વવાદી ગોડસેએ મહાત્મા ગાંધીજીનું ખૂન કર્યું. ત્યારે સરદાર વલ્લભભાઈ પટેલે ગૃહપ્રધાન તરીકે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ - આર.એસ.એસ. પર પ્રતિબંધ લાદી દીધેલ હતો. એ સમયે સારાયે દેશમાં આર.એસ.એસ.ની ખૂબ જ અવમૂલ્યતા થયેલ હતી અને આજે એ જ આર.એસ.એસ.ની વિચારસરણી ધરાવતી તેની ભગીની સંસ્થા ભાજપ ભારતમાં સત્તાના સ્થાને ટોપ પર બિરાજમાન છે. આર.એસ.એસ.ના ત્રણ પાયાના કાર્યકરોમાંથી એક કાર્યકર રાષ્ટ્રપતિ બની ગયેલ છે. અન્ય કાર્યકર વડાપ્રધાનની ખુરશી શોભાવે છે અને આપશ્રી આ અંક વાંચશો ત્યાં લગી ત્રીજા કાર્યકર ઉપરાષ્ટ્રપતિ બની ગયેલ હશે. આને પ્રજા માનસના વિચારસરણીના બદલાવની પરિસ્થિતિ સમજવી કે સમય સમયની બલિહારી સમજવી?*

*રાષ્ટ્રની આજની આ પરિસ્થિતિમાં નગીનદાસ સંઘવી, ગુણવંત શાહ, જય વસાવડા, ખલીલ ધનતેજવી, સુદર્શન ઉપાધ્યાય, યાસીન દલાલ, ભવેન કચ્છી, ભાલચંદ્ર જાની, વિરેન્દ્ર કપૂર, ધૈવંત ત્રિવેદી જેવા અનેક નામી - અનામી વિચારવંત લેખકો અને પત્રકારો ગમે તેવી તેજાબી કલમ વાપરી આ ભ્રષ્ટાચાર સામે બાંગ પોકારતા રહે પરંતુ ભારતના સત્તાપક્ષના કે અન્ય પક્ષના અનેક લોકોને ભ્રષ્ટાચારની સિસ્ટમની પૂરી ફાવટ આવી ગયેલ હોવાથી અને લોકોને પોતાના ત્વરીત ફાયદા સિવાય લાંબાગાળાના નુકસાન દેખાતા જ ન હોય ત્યાં આ પત્રકારોની તેજાબી કોલમની ધાર અસરકારક કઈ રીતે બની શકે? આ પરિસ્થિતિને આપણી કમનસીબી જ ગણવી રહી!*

***૨૦૩, સવિતા એન્કલેવ, સમર્પણ બંગ્લોઝની બાજુમાં, જજીસ બંગલો ચાર રસ્તા પાસે,***
***બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯***

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ : દીપોત્સવી તહેવાર

ચાલુ વર્ષ દરમિયાન દીપોત્સવી તહેવારના સમયે સમાજના સભ્યોને મિષ્ટાન્ન, ફરસાણ, ડ્રાયફ્રુટ વગેરે કિફાયતી દરે મળી રહે એ રીતે શ્રી કચ્છી સમાજ - અમદાવાદ તરફથી વ્યવસ્થા કરવામાં આવનાર છે.

વિગતવાર માહિતી 'કચ્છશ્રુતિ'ના સપ્ટેમ્બર-૨૦૧૭ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.

***માનદ્ મંત્રી, શ્રી કચ્છી સમાજ - અમદાવાદ***

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા આયોજિત

# નવરાત્રિ પ્રસંગે રાસ-ગરબાનો કાર્યક્રમ

| • દિવસ • | • સમય • | • સ્થળ • |
|---|---|---|
| રવિવાર, તા. ૨૪-૯-૨૦૧૭ (ચોથું નવરાત્ર) | સાંજના ૭.૦૦ વાગ્યાથી પ્રથમ સમૂહ ભોજન અને ત્યારબાદ ગરબા | સાનિધ્ય પાર્ટી પ્લોટ, જોધપુર ચાર રસ્તા પાસે. |

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ તરફથી ચાલુ વર્ષ દરમ્યાન એક દિવસ માટે નવરાત્રિ કાર્યક્રમ ઉજવવાનું નક્કી કરવામાં આવેલ છે. **રવિવાર, તા. ૨૪-૯-૨૦૧૭, આસો સુદ ચોથ** એટલે કે નવરાત્રિના ચોથા દિવસે આ કાર્યક્રમ **સાનિધ્ય પાર્ટી પ્લોટ**, જોધપુર ચાર રસ્તા પાસે, સેટેલાઇટ ખાતે યોજવામાં આવનાર છે. આ કાર્યક્રમને માણવા સહુ કચ્છી પરિવારોને પધારવાનું ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવે છે.

૭.૦૦ વાગે સમૂહભોજન શરૂ કરી દેવામાં આવશે.

૮.૩૦ વાગે મહાનુભાવોના વરદ્ હસ્તે આરતી ઉતારવામાં આવશે.

૮.૪૫ વાગે પ્રસાદના વિતરણ બાદ ગરબા શરૂ કરી દેવામાં આવનાર છે.

એન્ટ્રી પાસની કિંમત વ્યક્તિ દીઠ માત્ર રૂા. ૫૦/- રાખવામાં આવેલ છે.

સાથેના લિસ્ટ પ્રમાણેના સ્થળોએથી તા. ૧-૯-૨૦૧૭થી નવરાત્રિ પાસનું વિતરણ શરૂ કરી દેવામાં આવશે.

***રાસ-ગરબાના કાર્યક્રમમાં ઈનામ વિતરણ નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે.***

| | | | |
|---|---|---|---|
| **(એ) બેસ્ટ ડ્રેસ માટે :** | ૧. | ૫થી ૧૦ વર્ષની ઉંમર સુધી | : પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર |
| | ૨. | ૧૦થી ૨૦ વર્ષની ઉંમર સુધી | : પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર |
| | ૩. | ૨૦થી ૪૦ વર્ષની ઉંમર સુધી | : પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર |
| | ૪. | ૪૦ વર્ષથી ઉપરની ઉંમરની વ્યક્તિ માટે | : પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર |
| **(બી) બેસ્ટ પરફોર્મન્સ માટે :** | ૧. | ૫થી ૧૦ વર્ષની ઉંમર સુધી | : પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર |
| | ૨. | ૧૦થી ૨૦ વર્ષની ઉંમર સુધી | : પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર |
| | ૩. | ૨૦થી ૪૦ વર્ષની ઉંમર સુધી | : પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર |
| | ૪. | ૪૦ વર્ષથી ઉપરની ઉંમરની વ્યક્તિ માટે | : પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર |
| **(સી) ઓવરઓલ પરફોર્મન્સ માટે :** | ૧. | પુરુષ વ્યક્તિ | : પ્રથમ ક્રમાંકે |
| | ૨. | મહિલા વ્યક્તિ | : પ્રથમ ક્રમાંકે |
| | ૩. | બેસ્ટ કપલ | : પ્રથમ ક્રમાંકે |

## આપશ્રીની ઉપસ્થિતિ એ જ કાર્યક્રમની સફળતા.

**હિમાંશુ ઠક્કર**
માનદ્ મંત્રી
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

**અશોક મહેતા**
મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

# નવરાત્રિ પ્રસંગના વિવિધ સૌજન્ય

*નવરાત્રિ એ કચ્છી માડુનો મનગમતો તહેવાર*
*કચ્છના ગામેગામ આ દિવસે ઢોલ ઢબુકી ઉઠે*
*નવયૌવન થનગનતું નાચવા માંડે, હિલોળા લે, હીંચ લે.*
*શહેરોમાં પણ આ નવયૌવન હિલોળા લેતો નવરાત્રિ માણે, જાણે ધરતી પર સ્વર્ગ ઉતરી આવ્યું.*
*કચ્છી માડુ દિલેર પણ તેટલો જ!*
*કોઈ પણ ઉજવણીમાં તેની દિલેરી પાછી ના પડે.*

અને એટલે જ અમને માત્ર ખાત્રી નથી પરંતુ પૂરેપૂરો વિશ્વાસ છે કે આ નવરાત્રિના ખર્ચને પહોંચી વળવા સૌજન્યની જે યોજના બનાવવામાં આવેલ છે તે વિના સંકોચે પરિપૂર્ણ કરી દેવામાં આવશે.

યોજના નીચે મુજબ પ્રસ્તુત કરવામાં આવે છે.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા નવરાત્રિ પ્રસંગે રાસ-ગરબાના કાર્યક્રમનું આયોજન રવિવાર, તા. ૨૪-૯-૨૦૧૭ના રોજ કરવામાં આવ્યું છે.

- ★ *પાર્ટી પ્લોટનું સૌજન્ય : રૂા. ૫૧,000/-*
- ★ *નવરાત્રિ પાસની પાછળની જાહેરાતના : રૂા. ૫૧,000/-*
- ★ *ઑરકેસ્ટ્રા માટેનું સૌજન્ય : રૂા. ૫૧,000/- (અથવા રૂા. ૧૧000/-ના એક એવા પાંચ નામ)*
- ★ *પ્રસાદનું સૌજન્ય : રૂા. ૨૫,000/-*
- ★ *બેસ્ટ ડ્રેસિસના ઈનામ માટેનું સૌજન્ય : રૂા. ૨૫,000/-*
- ★ *બેસ્ટ પરફોર્મન્સના ઈનામ માટેનું સૌજન્ય : રૂા. ૨૫,000/-*
- ★ *ઓવરઓલ પરફોર્મન્સના ઈનામ માટેનું સૌજન્ય : રૂા. ૨૫,000/-*
- ★ *જમણવારનું સૌજન્ય (૧૧ નામ) : રૂા. ૧૧,000/- દરેકના*
- ★ *પાર્ટી પ્લોટ પર પ્રસારિત કરવામાં આવનાર ૬' x ૩'ની સાઈઝના બેનર (ગ્રાઉન્ડ પર કોઈ યોગ્ય સ્થળે ફ્લેક્સથી અથવા સ્ટેજની પાછળ ડિજીટલ સિસ્ટમથી) : રૂા. ૫,000/- દરેકના*

**સૌ કચ્છી પરિવારોને ઉદાર દિલે સહકાર આપવા અપીલ કરવામાં આવે છે.**

**હિમાંશુ ઠક્કર**
**માનદ્ મંત્રી**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

**અશોક મહેતા**
**મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ**
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**

*વીરતા વિના અન્યાય અને જુલ્મનો પ્રતિકાર ન થાય. જે પ્રજાને જુલ્મોનો સામનો કરવાનો સંદેશ ધર્મક્ષેત્રોથી નથી અપાતો તે પ્રજા આપોઆપ નમાલી થઈ જાય છે. મોટાભાગના કથાકારો અને કીર્તનકારોએ આ જ કામ કર્યું છે અને કરી રહ્યા છે.*
***– સ્વામી સચ્ચિદાનંદ***

# શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

**નવરાત્રિ પ્રસંગે રાસ-ગરબા • રવિવાર, તા. ૨૪-૯-૨૦૧૭**

**સ્થળ : સાનિધ્ય પાર્ટી પ્લોટ, જોધપુર ચાર રસ્તા પાસે, સેટેલાઇટ, અમદાવાદ.**

## પાસના વિતરણ કેન્દ્રો

**• નવરાત્રિ પાસના વિતરણ કેન્દ્રો નીચે મુજબ નક્કી કરવામાં આવેલ છે •**

**(શુક્રવાર, તા. ૧-૯-૨૦૧૭ના રોજથી આ પાસનું વિતરણ શરૂ કરવામાં આવશે.)**

૧. **શ્રી કચ્છી સમાજ - અમદાવાદ :** ૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમ સામે, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. ફોન : (૦૭૯) ૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪

૨. **શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ : શ્રી કચ્છી જૈન ભવન,** ૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, નવચેતન હાઈસ્કૂલ સામે, એલિસબ્રિજ, પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬. ફોન : ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧

૩. **શ્રી કચ્છી લેવા પટેલ સમાજવાડી - નારણપુરા :** સેન્ટ ઝેવિયર્સ સ્કૂલની સામે, કામનાથ મહાદેવ સામે, ઘરડાઘર રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩. મો. ૯૦૯૯૨ ૧૧૭૧૮

૪. **શ્રી કચ્છ કડવા પાટીદાર સમાજવાડી - ગીતા મંદિર :** ગીતા મંદિર પાસે, નાળા રોડ, અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૨૫૩૫ ૮૭૫૯

૫. **દામુભાઈ વિદ્યાર્થી ભવન - નારાણપુરા :** વિઠ્ઠલભાઈ પટેલ કોલોની, લખુડી તલાવડી પાસે, નારાણપુરા, અમદાવાદ.

૬. **શ્રી અમિત ભવાનજીભાઈ પટેલ : રવિ એન્ટરપ્રાઇઝ,** સહકારી લાટી બજાર વિભાગ-૨, ગીતા મંદિર પાછળ, એસ.ટી. સ્ટેન્ડ પાસે, અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૨૫૩૯૯૪૨૩

૭. **શ્રી આણંદજી વેલજી વીરા : નાડકો ડ્રેસિસ**, વી.એસ. હોસ્પિટલની સામે, આશ્રમ રોડ, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬. ફોન : (૦૭૯) ૨૬૫૭૫૩૮૪

૮. **શ્રી જૈમીનભાઈ જે. સોની : જે. જે. જ્વેલર્સ,** સુપર મૉલ, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯. મો. ૯૮૨૪૫ ૪૬૬૫૦

૯. **શ્રી નીતિનભાઈ ધનજી ગાલા : એસ. નીતિનકુમાર એન્ડ કું.,** ૧૧૪/૧-બી, સિંધી કોમર્શિયલ માર્કેટ, ચોખાબજાર, કાલુપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૨. ફોન : ૨૨૧૨૦૦૫૧

૧૦. **શ્રી વિજયભાઈ દેઢિયા : વિજય સ્ટોર્સ,** રાજકમલ બેકરીની બાજુમાં, વલ્લભવાડી, જવાહરચોક, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮. મોબાઈલ : ૮૧૨૮૮ ૮૪૬૦૦

૧૧. **શ્રી પ્રબોધભાઈ ઠક્કર : કર્ણાવતી દાબેલી સેન્ટર,** ૧, રાધામંદિર કોમ્પ્લેક્સ, હીરાભાઈ ટાવરની સામે, ઉત્તમનગર, મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.

૧૨. **શ્રી સુનીલભાઈ હંસરાજભાઈ દાવડા : આરતી કોર્પોરેશન,** ૩૮, પી.ડી. એસ્ટેટ, રેવાભાઈ એસ્ટેટની બાજુમાં, સી.ટી.એમ., અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦ ૦૨૬.

૧૩. **શ્રી મનસુખભાઈ વશરામભાઈ પટેલ : લક્ષ્મી સો મિલ,** ઓઢવ, અમદાવાદ. ફોન : ૨૨૮૭૦૧૨૯ મો. ૯૩૨૭૦ ૧૩૩૯૦

૧૪. **શ્રી સુનિલભાઈ પટેલ : પ્રગતિ યુવક મંડળ,** શંકર વિજય સૉ મિલ, રામજી મંદિર સામે, કઠલાલ રોડ, સીંગરવા, તાલુકો : દસક્રોઈ, અમદાવાદ-૩૮૨ ૪૩૦. મો. ૯૧૭૩૦ ૧૬૩૦૭

૧૫. **શ્રી જગદીશ દામજી ભાનુશાળી :** ૭૯, સૂરધારા સોસાયટી, કડવા પટેલ સમાજવાડીની પાછળ, દહેગામ રોડ, નરોડા, અમદાવાદ-૩૮૨ ૩૩૦. મો. ૯૮૭૯૮ ૭૭૭૧૦

૧૬. **શ્રી નીલેન્દુ વોરા :** ૪૪૫/૨, સેક્ટર ૫/એ, અંબાજી મંદિર પાસે, ગાંધીનગર-૩૮૨ ૦૦૬. મો. ૯૪૨૭૮ ૦૧૪૦૩

૧૭. **શ્રીમતી વર્ષાબેન મહેતા :** મહેતા ગ્રુપ ટ્યુસન્સ, પ્લોટ નં. ૬૭૬, સેક્ટર-૨૪, આદર્શનગર, ગાંધીનગર. મો. ૯૪૨૮૦ ૪૯૦૦૮

પ્રસંગ વિશેષ

# આઝાદીની પૂર્વ સંધ્યાએ

• ડૉ. ગિરીશ વીછીવોરા •

૧૯૪૨ એપ્રિલની ૯/૧૦ તારીખે બ્રિટીશ સરકારે કોંગ્રેસના પ્રથમ અને બીજી હરોળના લગભગ બધા નેતાઓને પકડી લીધા. ક્વીટ ઈન્ડિયાનો ઠરાવ મુંબઈના ત્યારના ગ્વાલિયા ટેંક મેદાન (હવે ઓગસ્ટ ક્રાંતિ મેદાન)માં કોંગ્રેસ મહા સમિતિએ પસાર કર્યો તેની રાતે જ મહાત્મા ગાંધીજીથી લઈ લગભગ બધા નેતાઓને પકડી જેલભેગા કરી દીધા. વાતાવરણમાં સન્નાટો અને ઉત્તેજના ફેલાઇ ગઇ. દેશ આખો ખળભળી ઉઠ્યો. કોંગ્રેસના નેતાઓને સહેજે આવું કોઈ પગલું સરકાર લેશે તેની ગંધ હતી જ. ફળ સ્વરૂપ તેમણે બીજી ત્રીજી કક્ષાની નેતાગીરી અને પ્રચારતંત્રની વ્યવસ્થા કરી લીધી હતી. તે પ્રમાણે દેશ આખામાં અસહકાર અને અહિંસક ચળવળ, દેખાવો, હડતાળ વગેરે થયા. અલબત્ત હિંસક પ્રવૃત્તિઓ, રેલવે, તાર, સંદેશા વ્યવહારના અન્ય સાધનને હાનિ પહોંચાડવી – એ બધું થયું. જાનહાનિ પણ થઈ. સન્નાટો ફેલાઇ ગયો. ઘણા નાસીપાસ થયા. બ્રિટીશ સરકાર પ્રત્યે થોડાને અહોભાવ હતો, તે કહેવા લાગ્યા, આવી ચળવળ આપણું ગજું નહીં. આઝાદી આવી લડતથી નહીં આવે. બધાને જેલમાં પૂરી દીધા, હવે કયો કાકો છોડાવવા આવશે? અંગ્રેજપૂજક વર્ગ સાવ નગણ્ય નો'તો.

કદાચ કોંગ્રેસીઓને ખબર નો'તી કે ખબર હતી ને જાણી જોઈને જાહેર નો'તું કર્યું કે આઝાદ હિંદ ફોજનો ઈમ્ફાલમાં વીજયી પ્રવેશ થઈ ચૂક્યો હતો. બ્રિટીશ સરકારે તો બધું બરાબર છુપાવ્યું, કારણ ભારતના લોકોને ખબર પડે કે આઝાદ હિંદ ફોજ અને તેના સર્વેસર્વા લાડીલા **નેતા સુભાષચંદ્ર બોઝે** ભારતની ભૂમિ પર પગ મૂકી દીધો હતો અને થોડોક ભાગ આઝાદ કર્યો હતો તો પ્રજાને સંભાળવી મુશ્કેલ થઈ પડે. કોંગ્રેસીઓને કદાચ ખબર હશે છતાં બધું છુપાવ્યું કારણ લોકોનો જુવાળ સુભાષ તરફી થઈ જાય. સાવ પાંગળી થઈ ગયેલી અંગ્રેજ સત્તા ગબડી પડે. ભાગે તો દિલ્હીની ગાદી માટે સત્તાની સાઠમારી થાય. કદાચ લોહિયાળ થાય તો સહેજે સુભાષબાબુની આઝાદ હિંદ ફોજને આપણું સૈન્ય ટેકો આપે. કારણ આઝાદ હિંદ ફોજના મોટાભાગના અફસરો અને સૈનિકો ભારતીય સેનાના પકડાયેલા યુધ્ધકેદીઓ હતા જેમને નેતાજીએ છોડાવી પોતાની સેના ઊભી કરી હતી. દુર્ભાગ્યે નેતાજીની સેનાને જાપાનની મદદ મળી અને પીછેહઠ કરવી પડી. વિમાનમાં પલાયન થતાં નેતાજીનું વિમાન કોઈએ તોડી પાડ્યું કે એમને બંદીવાન બનાવી દીધા, તેની નક્કર માહિતી આજપર્યંત મળી નથી.

બધા નેતાઓ જેલમાં હતા. બીજી ત્રીજી હરોળ અને કોંગ્રેસી કાર્યકરોએ ભૂગર્ભમાં રહી, રેડિયો, પત્રિકા વગેરે પ્રચારના સાધનો દ્વારા લોકોનો જુસ્સો ટકાવી રાખ્યો. વાતાવરણ તંગ હતું. તેમાં પણ જાપાને કલકત્તા પર બોમ્બમારો કર્યો એટલે લોકોની હિંમત ઓસરી ગઈ. મુંબઈ કલકત્તા જેવા મોટા શહેરોમાંથી લોકોએ ઉચાળા ભરી પોતાના સ્વદેશ તરફ આંધળી દોટ મૂકી. મોટા શહેરો ખાલીખમ થઈ ગયા. **કચ્છમાં આવી રીતે પોતાનો ધંધો રોજગાર છોડી સ્વદેશ પાછા ફરેલા લોકોનાં ટોળાં દરેક ગામમાં દેખાવા લાગ્યા.** બહુ જૂજ લોકો પોતાની ખેતી કે અન્ય કામમાં જોડાયા, બાકીના આખો દિવસ રખડતા રહ્યા યા કોઈ રમત-ગમતમાં સમય પસાર કરતા રહ્યા. **કોટડા નિવાસી મુલજી સિક્કા** કલકત્તાની બહુ મોટી પાર્ટી. મુંબઈમાં પણ સિક્કાનગર જેવી મિલકતો. આખુ કુટુંબ કોટડા આવ્યું. ત્યારના એ કુટુંબના વડીલ **કાનજીભાઇ** હતા. રેડિયો લાવ્યા. ડીઝલથી ચાલતા મશીનથી વીજળી ઉત્પન્ન કરી પોતાના અતિવિશાળ નિવાસને વીજળી પૂરી પાડીય રેડિયો સાંભળવા એમના ઓળખીતા એમના બંગલે જતા. રેડિયો મોટા અવાજે બોલતો. રસ્તા પર લોકો ઊભા રહી સાંભળતા. એવા જ બીજા ધનપતિ **બાબુભાઈ ખીમજી નાગજી**. એમને ક્રિકેટનો શોખ. જીનિંગ ફેક્ટરીમાં પીચ બનાવી. સાંજે ત્યાં ક્રિકેટ રમાતી. ઘણા સ્થાનિકો એમાં ભાગ લેતા. **ઇસ્માઇલ હજામ** એમાંનો એક હતો. એ સ્પીન બોલર હતો. પાઘડી પહેરી બોલીંગ કરતો ને ઘણાને આઉટ કરી, તરખાટ મચાવી, મનોરંજન પૂરું પાડતો.

પૂનાની યરવડા જેલમાં **ગાંધીજી, કસ્તુરબા, મહાદેવ દેસાઈ** અને અન્ય પ્રથમ હરોળના નેતાઓને **આગાખાન મહેલ**માં રાખવામાં આવ્યા હતા. જેલ

નિવાસ દરમ્યાન ગાંધીજીનું એપેન્ડિક્સનું ઑપરેશન, મહાદેવભાઈ દેસાઇ અને કસ્તુરબા ગાંધીનું અવસાન મુખ્ય ઘટનાઓ કહેવાય. કહેવાય છે કે મહાદેવભાઈ દેસાઇને અંગ્રેજોએ બહુ હેરાન કર્યા. ત્રીજી કક્ષાની મારપીટ કરી, કારણ મહાદેવભાઈ ગાંધીજીના રહસ્ય સચિવ હતા. એમનું બ્લડપ્રેસર બહુ ઊંચું રહેવા લાગ્યું. એનાથી છેવટે એમનું અવસાન થયું. એમને એક દીકરો હતો. સૌ એને **'બાબલો'** કહેતા. કસ્તુરબાની સમાધિ લગભગ ૧૯૪૬માં જોઈ ત્યારે બધા નેતાઓ મુક્ત થયેલા, છતાં સમાધિ જોતાં રોમાંચ થયેલો.

વિશ્વયુધ્ધ તો ૧૯૪૪માં પૂરું થયું. મિત્ર રાજ્યોનો અણુબોમ્બથી વિજય થયો હતો. એ યુધ્ધથી બ્રિટન એકદમ ખોખલું થઈ ગયું હતું. અંદરખાનેથી ત્યારના બ્રિટનના પ્રાઈમ મિનિસ્ટર **વિન્સેન્ટ ચર્ચિલ**ને સમજાઈ ગયું હતું કે હવે ભારત માનસહિત છોડ્યું તો સારું નહિં તો ભાગવું ભારે પડશે. બ્રિટીશ સરકારે **સ્ટેફર્ડ ક્રીપ્સ**ના વડપણ હેઠળ એક પ્રતિનિધિ મંડળ મંત્રણા માટે મોકલ્યું. વાટાઘાટો પડી ભાંગી. **છેવટે ૧૫ ઓગસ્ટ, ૧૯૪૭ના દિવસે આઝાદી આપવાની જાહેરાત થઈ.**

ખંધા બ્રિટીશ રાજકારણીઓ, એમના ઓફિસરો, સાથે આપણા કેટલાક બ્રાઉન સાહેબોએ હળીમળી જે કારસ્તાનો કર્યા હતા તેના પર એક નજર નાખવા જેવી છે. ન છુટકે આપવું પડ્યું તે આપ્યું, સુખથી ન ભોગવી શકે તેની પૂરી તકેદારી રાખી. પાકિસ્તાન **ઝીણા**ને પસંદ નો'તું. ઝીણા પૂરા રાષ્ટ્રવાદી મુસલમાન હતા. એમને કટ્ટર કોણે બનાવ્યા? કોંગ્રેસે જ. વિધિની એ વક્રતા છે કે એક ખરા રાષ્ટ્રવાદી વિચારસરણી ધરાવનારને કટ્ટર કોમવાદી બનવું પડ્યું. કારણ ઝીણા ગજબના તીવ્ર બુધ્ધિશાળી હતા. દૂરંદેશી અને તડને ફડ કરી દેનારા હતા. મહાત્મા ગાંધીજીની આજુબાજુ હા જી હા નું બહુધા ગ્રુપ હતું. તેમાં અપવાદ સરદાર પટેલ અને બીજા એક-બે હતા. ઝીણા મહાત્મા ગાંધીના ચેલાઓમાંથી કોઈને ગમતા નો'તા. ગાંધીજીને પણ હા માં હા પુરાવનાર ગમતો. ફળ સ્વરૂપ ઝીણાએ કોંગ્રેસ છોડી, મુસ્લિમ લીગ સ્થાપી. તેનાથી પહેલાં સુભાષચંદ્ર બોઝ બળવો કરી દેશ છોડી ગયા હતા. **જયપ્રકાશ નારાયણે** કોંગ્રેસ એટલા માટે જ છોડી. લિસ્ટ લાંબું છે.

પાકિસ્તાન તો આપવાનું નક્કી થયું. પૂર્વ અને પશ્ચિમ બે પાંખ. ભારતને હંમેશાં પજવી શકે. શુક્રગુજારી **ઇંદીરા ગાંધી**ની કે એમણે બાંગ્લાદેશ બનાવ્યું ને સિક્કીમ પણ સર કર્યું. કાશ્મીરના મહારાજાને 'તમે સ્વતંત્ર છો' એવું લોલીપોપ અંગ્રેજોએ બતાવેલું. ફળસ્વરૂપ કાશ્મીરના **મહારાજા હરિસીંગ** વાડ પર બેઠા હતા. પાકિસ્તાન થયું તેના થોડા જ સમયમાં તાયફાવાળાના નામે પાકિસ્તાને કાશ્મીર પર હુમલો કર્યો. શ્રીનગર સર કરવા આવતા હતા ત્યારે મહારાજાએ દિલ્હીના પગ પકડ્યા. સરદાર વલ્લભભાઈએ તાબડતોબ વિમાન વાટે સેવા મોકલી એમને મારી હટાવ્યા. કાશ્મીર આખું આપણે કબજે કરી શક્યા હોત. પરંતુ બ્રિટીશરોને એ મંજૂર નહોતું. તેઓ પોતાનો પડછાયો **માઉન્ટ બેટન**ના સ્વરૂપમાં છોડી ગયા હતા. નહેરૂ કાશ્મીરનો પ્રશ્ન યુનોમાં લઈ જવા જરા પણ તૈયાર નો'તા. કારણ અન્ય મહારાજાઓની જેમ કાશ્મીરે પણ જોડાણ ખત પર મોડી, પણ સહી કરી આપી હતી. ગમેતેમ કરી કાશ્મીરનો પ્રશ્ન આંતરરાષ્ટ્રીય બને ને જમાના સુધી જલતો રહી ભારતને પજવતો રહે એ બ્રિટીશરોની નેમ કામ આવી. કહેવત છે કે 'Rest is History'. તેવું જ હિમાલય બાજુનું. ચીન, તિબેટ વગેરેની સરહદો નક્કી કરવા બ્રિટીશરોએ ત્રણ દેશો (ચીન, તિબેટ, લડાખ) સાથે મંત્રણા કરી હતી. એમાં ચીનને જાણીજોઈ **મેકમોરન લાઈન**ની વાત જ ન કરી અને પાછળથી ઉપજાવી કાઢી. ફળ સ્વરૂપ ચીન સાથે સરહદ બાબત ચકમક ઝરતી રહે છે. જતી વખતે બ્રિટીશરોએ બધા રજવાડાંને સાર્વભૌમ સ્વતંત્ર રાજ્યો જાહેર કરી દીધા. એનો મતલબ એવો કે પાંચસોથી વધુ સ્વતંત્ર રાજ્યો આખા હિંદુસ્તાનમાં ફેલાયેલા રહે એને પોતાની મનમાની કરે. અહીં ગૃહમંત્રી તરીકે સરદાર વલ્લભભાઈ પટેલ, એમના સનદી અધિકારીઓને ભાવનગરના **મહારાજા કૃષ્ણકુમારસિંહજી** અને થોડા અન્ય એમની વિચારસરણી ધરાવનારા રાજ્યોએ પહેલ કરી, આસ્તે આસ્તે બધાએ જોડાણ ખત પર સહી કરી. અપવાદમાં જુનાગઢ, પાકિસ્તાનની દોરવણીથી અલગ રહ્યું. **શામળદાસ ગાંધી**ની આરઝી હકુમત અને ભારતીય સેનાની દેખરેખ નીચે જુનાગઢ સર થયું. નવાબ ભાગી છુટ્યા. પાકિસ્તાનમાં એક સામાન્ય આદમી તરીકે જન્નતનશીન થયા.

વધારે સામનો કર્યો હૈદ્રાબાદે. સમૃધ્ધ સમ્રાટ અને વિસ્તારી રાજ્ય. જેને કચ્છની જેમ પોતાનું ચલણ પણ હતું, તેણે વિરોધ કર્યો. પ્રજા પર રઝાકારો, એના નોકરિયાત સ્વયં સેવકોએ જુલમ ગુજાર્યો. **કનૈયાલાલ મુન્શી**ની દક્ષ બુધ્ધિ અને પ્રજાનો સહકાર જોઈ ભારતીય સેનાએ હુમલો કરી એને સર કર્યું. નવાબ સાહેબ શરણે આવ્યા. હૈદ્રાબાદનું સંપૂર્ણ વિલીનીકરણ થતાં અલબત્ત થોડો સમય લાગ્યો. બધા રાજ્યોને તેમની મહેસૂલી

આવક, વિસ્તાર અને બ્રિટીશરોએ આપેલી કક્ષા પ્રમાણે સાલિયાણું નક્કી કરવામાં આવ્યું. બીજા પણ થોડા વિશેષ અધિકારો જેવા કે પરદેશ આવે જાય ત્યારે કસ્ટમ દ્વારા એમની ઓછી કનડગત તેમજ દેશમાં પણ એમને થોડાક વિશિષ્ટ અધિકારો આપવામાં આવ્યા. જેમાંનો ઘણાનો દુરૂપયોગ અમુક રાજ્યોએ છડેચોક કર્યો. કદાચ સ્વતંત્ર ભારતની મોટી ભૂલ કે નાલેશી કહેવાય એવું પગલું ઈંદીરા ગાંધીએ એમના સાલિયાણા બંધ કરીને ભર્યું. ભારત સરકારની એ પવિત્ર બાંહેધરી હતી અને સમયાધીન પણ હતી. રાજકીય કારણોસર સાલિયાણું બંધ કર્યું ત્યારે રાજાઓ એનો વિરોધ કરી શકે તેમ નો'તા. મૂક મને સ્વીકારી લીધું. એક સ્વતંત્ર રાજ્ય સત્તાએ આપેલી બાંહેધરી એ જ સત્તા તોડે, કોઈપણ કારણ આપ્યા વિના પોતાની મનમાની કરે એ અક્ષમ્ય ગણાય.

બીજા વિશ્વયુધ્ધ વખતે ચર્ચિલ બ્રિટનના પ્રાઈમ મિનિસ્ટ હતા. ભારતની આઝાદીની વાતોએ વેગ પકડ્યો ત્યારે એણે એક વેદવાક્ય ઉચ્ચાર્યું. શરૂઆતમાં તો બધાએ હસી કાઢ્યું, કારણ એ આપણા અહમ્‌નું ઘાતક હતું. હવે બધા ચર્ચિલની એ ભવિષ્યવાણીના બે મોઢે વખાણ કરે છે. ચર્ચિલે કહ્યું હતું કે 'ભારતીય લોકો અને એના નેતાઓ એટલા વામણા છે. રાજ ચલાવવાની જવાબદારી માટે તદ્દન બિનલાયકાતવાળા છે. એમને ધૂરા મળશે તો થોડા જ સમયમાં દેશમાં અંધાધૂંધી સર્જાશે.' **આપણે અત્યારે શું જોઈ રહ્યા છીએ?**

મહાત્મા ગાંધીજીની કોંગ્રેસ પાછળથી એમના હયાતીકાળમાં કેવી થઈ ગઈ હતી એ જાણવું મહત્ત્વનું છે. બહુધા મધ્યમ અને નીચલા સ્તરના નેતાઓ યા કાર્યકરોનો ચર્ચાનો મુદ્દો એક જ રહેતો. આઝાદી તો હવે આવશે જ. કોણ કયા હોદ્દા પર જશે, ખાસ કરીને કોણ પ્રાઈમ મિનિસ્ટર બનશે યા કોણ બીજા મહત્ત્વના હોદ્દા પર રહેશે તેની ચર્ચા જ મુખ્ય રહેતી. સેવાસુશ્રુષા કરવાનું કામ બહુધા નકામું થતું ગયું હતું. મોટા નેતાઓ વચ્ચેની ઘુરકીઓ - ગાદી મેળવવા માટેની શાંત સરોવરમાં ફેંકેલ પથ્થરા જેવી હતી. બધાની ભલામણ યા નાલાયકી એક યા બીજા રૂપે મહાત્માજી આગળ પહોંચતી. મનોમન મહાત્માજી માથુ કુટતા. સત્તા માટે તૈયાર થઈ ગયેલા પોતાના અનુયાયીઓને આવા પાગલ થઈ ગયેલા જોઈ એમણે દિલ્હી છોડી ઠેઠ નોઆખલીમાં ભ્રમણ કરવાનું પસંદ કર્યું. સત્તા પર આવ્યા પછી એમના ચેલાઓની સત્તા માટેની લાલસા અને કડાકૂટ જોઈ તેઓ અંદરથી હતાશ થઈ ગયા હતા. ક્યારેક એ હતાશા એમના પ્રાર્થના પછીના પ્રવચનોમાં દેખાતી. એથીયે વધુ અમુક કોંગ્રેસીઓને સત્તાનો નશો એવો ચડ્યો હતો કે મનોમન ધૂંધવાઈ, કહેતા રહેતા કે આ ડોસો નકામી બકબક કરે છે. જલ્દી મરે તો છુટકો થાય. કદાચ ભગવાને એમની પ્રાર્થના સાંભળી, ને મહાત્માજીનું બલિદાન દેવાયું. એ થયું ત્યારે આવનારા દિવસોના અણસાર મળી ગયા હતા. ચર્ચિલને ગળા સુધી ખાતરી હતી તે હકીકત બનતી રહી. ત્યારબાદના સમયમાં આપણે વિવિધ ક્ષેત્રે પ્રગતિ કરી છે.

*૫૦/૪, રામસદન,*
*બ્રાહ્મણવાડા, ક્રોસ રોડ, માટુંગા, મુંબઈ.*
*મો. ૯૮૭૦૪ ૦૬૧૭૭*

## ઘંટલા ડુંગરનાં ઘંટલી સાથે લગ્ન

રવાઆતાએ એવુ નીમ લીધું હતું કે નાતની પહેરામણી કરીશ એટલે કે આખી નાતને જમાડીશ. પણ જમાડવા કેમ? રવાઆતા પાસે તો પ્રસંગ કરવાનું કોઈ નિમિત્ત જ નથી. શું કરવું? નાતને ન જમાડે તો નાત જેવું મોટુ દુશ્મન કોણ? રવાઆતાની આંખો પહેલેથી જ મિંચાયેલી હતી, પણ અંતરના ચક્ષુ ઉઘાડા હતાં. સાસણના પાદરમાં ઉભેલી બે ટેકરીઓ ઘંટલો અને ઘંટલી રવાઆતાને યાદ આવી. રવાઆતાએ ઘંટલાને પોતાનો દીકરો ગણ્યો...કોણે કહ્યું કે દર વખતે દીકરો માતાની કુખમાંથી અવતરો મનેખ જ હોય. પ્રકૃત્તિની રચના પણ આપણો પરિવાર ન હોઈ શકે?

સામે પક્ષ જૂનાગઢના દિવાને ઘંટલી દત્તક લીધી. પૂનમે લગન લેવાયા, રવાઆતાએ નાતને જમાડવાનું વચન પાળ્યું. એ વાતને રજૂ કરતું ગીત પણ લખાયું...

*ઘંટલો પરણે ઘંટલીને અણવર વાહાંઢોર!*
*હીરણ મેઘલ જાનડિયું, ને ગીરમાં ઝાકમઝોળ!*

આકાશ તે દિવસે માંડવો હતો અને ગીરની હિરણ-મેઘલ જેવી નદીઓ જાનડિયું બની હતી. બાજુમાં ઉભેલો વાહાંઢોર નામનો ડુંગર તે દી' અણવર બન્યો હતો. લગ્નની એ માન્યતાને કારણે આજે પણ ગીરના માલધારીઓ ઘંટલો ઘંટલી પર ઘાસ ચરાવવા નથી જતાં કેમ કે એ માત્ર પ્રાકૃતિક રચનાઓ નથી, એક સમયના વર વધુ છે. સાસણના પાદરમાંથી દેખાતા એ પહાડી દંપતિને જોવા જોકે કોઈ પ્રવાસીઓ નથી જતાં કેમ કે સાસણ જતાં સૌ કોઈને જલદી સિંહ જોઈ લેવા હોય છે. પેઢીઓથી કર્ણોપકર્ણ કહેવાતી આવતી આ લોકકથાનું રસપ્રદ વર્ણન ધ્રુવ ભટ્ટે પોતાની નવલકથા 'અકૂપાર'માં કર્યું છે.

# દેશ ભક્તિ

દેશ ભક્તિ

*ભારત સ્વાતંત્ર્ય થયે ૭૦ વર્ષ થઈ ગયા છે. અત્યારના માહોલમાં દેશપ્રેમની દાઝ ખૂબ જ જરૂરી છે. તેનાં અંતર્ગત યુવકો-યુવતીઓને તૈયાર કરવામાં દેશ ભક્તિના ગીતોનો ખૂબ જ મોટો ફાળો રહે છે. રાષ્ટ્રગીત કોને કહીશું? રાષ્ટ્રપ્રેમલક્ષી ગીતનો અર્થ સ્વયંસૂચિત છે. આમ છતાં તેના પૂરા અર્થ માટે જોઈએ તો રાષ્ટ્રની સાંસ્કૃતિક પરંપરાઓ, તેનો ભવ્ય ભૂતકાળ, તેનાં વર્તમાનની તેજસ્વીતા, તેના ઉજજ્વળ ભવિષ્યની નિશ્ચિતતા, રાષ્ટ્રના રક્ષણ અને પ્રગતિ માટે તથા તેના સ્વાતંત્ર્ય માટેની લડતમાં જેમણે બલિદાન આપ્યાં, યોગદાન આપ્યું... આ પ્રકારના વિવિધ પાસાંઓને આલેખતું, બિરદાવતું અને તે દ્વારા નાગરિકોમાં રાષ્ટ્ર માટે પ્રેમ, લગાવ, ખુમારી જગાવતું ગીત એટલે રાષ્ટ્રપ્રેમલક્ષી ગીત. આવા ગીતોમાં વ્યક્તિ કરતાં, વ્યક્તિના રાષ્ટ્રપ્રત્યેના યોગદાનના મહિમાને વધારે મહત્ત્વ આપવામાં આવે છે. તેના અન્વયે ઓગસ્ટ-૨૦૧૬માં દેશભક્તિનાં કેટલાંક ગીતોનો સમાવેશ કરતો 'કચ્છશ્રુતિ'નો વિશેષાંક પ્રસારિત કરવામાં આવેલ. એ જ અંકમાંથી કેટલાક ગીતો અત્રે ફરી પ્રસ્તુત કર્યા છે. જે ગીતો આજના યુવાવર્ગને દેશના ઉત્થાન માટે પ્રેરણા આપે તેવા છે.*

## દેશ ભક્તિનાં ગીતો






### રાષ્ટ્રગીત

જન ગણ મન અધિનાયક જય હે, ભારત ભાગ્યવિધાતા
પંજાબ - સિંધ ગુજરાત મરાઠા દ્રાવિડ - ઉત્કલ - બંગા
વિંધ્ય હિમાચલ યમુના ગંગા, ઉચ્છલ જલધિ - તરંગા
તવ શુભ નામે જાગે, તવ શુભ આશિષ માગે
ગાહે તવ યશ ગાથા
જન ગણ - મંગલ દાયક જય હે ભારત ભાગ્યવિધાતા
જય હે, જય હે, જય હે, જય જય જય જય હે!

*– ગુરુદેવ ટાગોર*

### ।। વંદે માતરમ્ ।।

વંદે માતરમ્ વંદે માતરમ્
સુજલાં સુફલાં, મલયજશીતલામ્
સશ્યશ્યામલાં માતરમ્, વંદે માતરમ્
શુભ્ર જ્યોત્સ્ના પુલકિતયામિનીમ્
ફુલ્લ કુસુમિત - દ્રુમદલ શોભિનીમ્
સુહાસિનિ સુમધુર ભાષિણીમ્
સુખદાં વરદાં માતરમ્
વંદે માતરમ્ વંદે માતરમ્

*– બંકીમચંદ્ર ચટ્ટોપાધ્યાય*

## સારે જહાં સે અચ્છા

સારે જહાં સે અચ્છા, હિન્દોસ્તાં હમારા,
હમ બુલબુલેં હૈ ઉસકે વહ ગુલિસતાં હમારા – સારે.

ગુરબતમેં હો અગર હમ, રહતા હૈ દિલ વતનમેં,
સમઝો વહીં હમેં ભી, દિલ હો જહાં હમારા – સારે.

પરબત વહ સબસે ઊંચા, હમસાયા આસમાંકા,
વહ સંતરી હમારા, વહ પાસબાં હમારા – સારે.

ગોદીમેં ખેલતી હૈ, જિસકી હજારોં નદિયાં,
ગુલ્શન હૈ જિન કે દમ સે, રશ્કે જીના હમારા – સારે.

અય આબરૂદે ગંગા! વહ દિન હૈ યાદ તુઝકો,
ઉતરા તેરે કિનારે, જબ કારવાં હમારા – સારે.

મઝહબ નહીં સિખાતા, આપસમેં બૈર રખના,
હિંદી હૈ હમ વતન હૈ, હિન્દોસ્તાં હમારા – સારે.

યૂનાનો મિસરો રુમા, સબ મિટ ગયે જહાંસે,
અબ તક મગર હૈ બાકી, નામોનિશાં હમારા – સારે.

કુછ બાત હૈ કિ હસ્તી મિટતી નહીં હમારી,
સદિયોં રહા હૈ દુશ્મન દૌરે જમાં હમારા – સારે.

ઈકબાલ! કોઈ મહરમ અપના નહીં જહાં મેં,
માલુમ કયા કિસીકો દર્દે નિહાં હમારા – સારે.

*– ઇકબાલ*

## ઝંડા ઊંચા રહે હમારા

વિજયી વિશ્વ તિરંગા પ્યારા,
ઝંડા ઊંચા રહે હમારા!

સદા શક્તિ સરસાને વાલા,
વીરોં કો હરષાને વાલા,
પ્રેમ સુધા બરસાને વાલા,
માતૃભૂમિ કા તન-મન સારા,
ઝંડા ઊંચા રહે હમારા!

ઈસ ઝંડે કે નીચે નિર્ભય,
હોવે મહા શક્તિ કા સંચય,
બોલો ભારત માતા કી જય,
સબલ રાષ્ટ્ર હૈ ધ્યેય હમારા,
ઝંડા ઊંચા રહે હમારા!

આઓ પ્યારે વીરો આઓ
દેશધર્મ પર બલિ બલિ જાઓ,
એક સાથ સબ મિલકર ગાઓ
પ્યારા ભારત દેશ હમારા,
ઝંડા ઊંચા રહે હમારા!

ઈસકી શાન ન જાને પાયે,
ચાહે જાન ભલે હી જાયે,
વિશ્વ વિજય કર કે દિખલાયેં,
તબ હોવે પ્રણ પૂર્ણ હમારા,
ઝંડા ઊંચા રહે હમારા!

*– શ્યામલાલ ગુપ્ત 'પાર્ષદ'*

## એ મેરે પ્યારે વતન

એ મેરે પ્યારે વતન એ મેરે બિછડે ચમન
તુઝ પે દિલ કુરબાન... એ મેરે પ્યારે વતન
તૂ હી મેરી આરજૂ તૂ હી મેરી આબરુ
તૂ હી મેરી જાન. એ મેરે પ્યારે વતન.

તેરે દામન સે જો આયે ઉન હવાઓં કો સલામ
ચૂમ લૂં મૈં ઉસ જુબાં કો જીસ પે આયે તેરા નામ
સબસે પ્યારી સુબહ તેરી સબસે રંગી તેરી શ્યામ,
તુજ પે દિલ કુરબાન. એ મેરે પ્યારે વતન...

માં કા દિલ બનકે કભી સીને સે લગ જાતા હૈ તૂ
ઔર કભી નન્હીં સી બેટી બનકે યાદ આતા હૈ તૂ
જિતના યાદ આતા હૈ મુઝકો ઉતના તડપાતા હૈ તૂ
તુઝ પે દિલ કુરબાન. એ મેરે પ્યારે વતન...

છોડકર તેરી જમીં કો દૂર આ પહુંચે હૈં હમ
ફિર ભી હૈ યહી તમન્ના તેરે જર્રાકી કસમ
હૈ જહાં પૈદા હુએ હૈ ઉસ જગહ હી નિકલે દમ
તુઝ પે દિલ કુરમાન. એ મેરે પ્યારે વતન...

## ઇન્સાફ કી ડગર પે બચ્ચોં દિખાઓં ચલ કે

ઈન્સાફ કી ડગર પે બચ્ચોં દિખાઓ ચલ કે
યે દેશ હૈ તુમ્હારા નેતા તુમ્હી હો કલકે
ઈન્સાફ કી ડગર પે બચ્ચોં દિખાઓ ચલ કે
યે દેશ હૈ તુમ્હારા નેતા તુમ્હી હો કલકે

દુનિયા કે રંજ સહેના ઔર કુછ ન મુંહસે કહેના
દુનિયા કે રંજ સહેના ઔર કુછ ન મુંહસે કહેના
સચ્ચાઈઓં કે બલપે આગે કો બઢતે રહેના
સચ્ચાઈઓં કે બલપે આગે કો બઢતે રહેના
રખ દોગે એક દિન તુમ સંસાર કો બદલ કે
રખ દોગે એક દિન તુમ સંસાર કો બદલ કે
ઈન્સાફ કી ડગર પે બચ્ચોં દિખાઓ ચલ કે
યે દેશ હૈ તુમ્હારા નેતા તુમ્હી હો કલકે

અપને હો યા પરાયે સબકે લિયે હૈ ન્યાયે
અપને હો યા પરાયે સબકે લિયે હૈ ન્યાયે
દેખો કદમ તુમ્હારા હરગીઝ ન ડગમગાયે
દેખો કદમ તુમ્હારા હરગીઝ ન ડગમગાયે
રસ્તે બડે કઠિન હૈ ચલના સંભલ સંભલ કે
રસ્તે બડે કઠિન હૈ ચલના સંભલ સંભલ કે
ઈન્સાફ કી ડગર પે બચ્ચોં દિખાઓ ચલ કે
યે દેશ હૈ તુમ્હારા નેતા તુમ્હી હો કલકે

ઈન્સાનિયત કે સરપે ઈજ્જત કા તાજ રખના
ઈન્સાનિયત કે સરપે ઈજ્જત કા તાજ રખના
તન મન કી ભેટ દે કર ભારત કી લાજ રખના
તન મન કી ભેટ દે કર ભારત કી લાજ રખના
જીવન નયા મિલેગા અંતિમ ચિતા મેં જલ કે
જીવન નયા મિલેગા અંતિમ ચિતા મેં જલ કે
ઈન્સાફ કી ડગર પે બચ્ચોં દિખાઓ ચલ કે
યે દેશ હૈ તુમ્હારા નેતા તુમ્હી હો કલકે

ઈન્સાફ કી ડગર પે બચ્ચોં દિખાઓ ચલ કે
યે દેશ હૈ તુમ્હારા નેતા તુમ્હી હો કલકે

## સરકાર એટલે માનવ વસાહતની કારોબારી...!

(અનુસંધાન : પાના નં.-૧૮ ઉપરથી ચાલુ)

ટોળાવૃત્તિ તેમનું સ્થાયી લક્ષણ છે. ઘેટાંના ટોળાને હાંકનારો (ખભે ડાંગવાળો) એક ભરવાડ હોય છે, તે રીતે આ સંપ્રદાયોને પણ ડાંગવાળા ભરવાડ (ગુરૂ)ની જરૂર હોય છે. એક બીજી મુશ્કેલી એ છે કે રાજકીય પક્ષો લોકોને રાજી રાખવા તેમની અંધશ્રદ્ધાને ઍન્કેશ કરવાનું ચૂકતાં નથી. આપણા દેશમાં યુનિવર્સિટીઓના નામે ઘણી 'ડીમ્ડ' યુનિવર્સિટીઓનો રાફડો ફાટ્યો છે. એમાંની કેટલીક યુનિવર્સિટીઓ જ્યોતિષ, પૂજાપાઠ, કર્મકાંડો વગેરે વિષયોમાં ડિગ્રીઓ અને ડિપ્લોમા આપે છે. એમ કહો કે અંધશ્રદ્ધાનું કાયદેસરનું ઉત્પાદન કરીને તેનું ધોળી ધજાએ વેચાણ કરે છે. વધુ દુઃખની વાત તો એ છે કે આવી મોટાભાગની સંસ્થાઓને દેશની તિજોરીમાંથી ગ્રાન્ટ આપવામાં આવે છે. સરવાળે મામલો કંઈક એવો થવા જાય છે કે સત્ય શોધકોના કમાણીમાંથી ભગત ભૂવાઓનું ભરણપોષણ થાય છે. યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશને કૉલેજ કક્ષાએ જ્યોતિષ, વિજ્ઞાન અને કર્મકાંડનો અભ્યાસક્રમ દાખલ કરવાનો નિર્ણય લીધો ત્યારથી 'ડીમ્ડ ટુ બી યુનિવર્સિટી' ગણાતી ઘણી સંસ્કૃત શીખવતી સંસ્થાઓને જીવતદાન મળ્યું. ભલે મળ્યું... પણ વિજ્ઞાન દ્વારા જે અંધશ્રધ્ધા સાબિત થઈ છે તેને પણ સત્ય ઠેરવવાની અશોભનીય કોશિશ કરવામાં આવે છે. આ રીતે હિંદુ કર્મકાંડોનું શિક્ષણ આપતી અનેક સંસ્થાઓનું એક નેટવર્ક અસ્તિત્વમાં આવ્યું છે. પોતાના સ્વાર્થ ખાતર લોકોને અંધશ્રદ્ધાનો ગાંજો પીવડાવીને ઘેનમાં સુવડાવી રાખવાની કોશિશ થઈ રહી છે. આ અતિ દુઃખદ બાબત છે.

દોસ્તો, સમજો તો બાઈબલ, કુરાન કે ગીતાના શ્લોક જેવું સત્ય એ છે કે વિજ્ઞાન અને રેશનાલિઝમનો વિકાસ ખૂબ જરૂરી છે. **સંશોધન અને જ્ઞાનપ્રાપ્તિમાં જ સમગ્ર વિશ્વનું કલ્યાણ રહેલું છે.** પણ આસ્તિકોનો બહોળો જનસમૂહ અંધશ્રદ્ધાના યુગલ ગીત વડે આખો સમાજ ગજવી શકે છે. નાસ્તિકોમાં હું... બાવો અને મંગળદાસ છીએ. વળી એમાં પણ ખરી મુશ્કેલી ત્યાંથી શરૂ થાય છે કે પહેલાં લોકોનો વિશ્વાસ સંપાદન કરીને ધીમે ધીમે તેમનું અજ્ઞાન દૂર કરવું જોઈએ એને બદલે તેઓ - 'ભગવાન છે જ નહીં... તેને ભજવાનું બંધ કરો' આવી વાતોનો પ્રચાર કરે છે. એ કારણે લોકો તેમનાથી ભડકીને ભાગે છે. તેમની સાચી અને ઉપયોગી વાતો સાંભળવા પણ કોઈ તૈયાર નથી થતું. ટૂંકમાં રેશનાલિઝમની સ્થિતિ પેલા ઘરડા વૃદ્ધ જેવી થઈ છે. જેની ઉપયોગીતા ઘણી હોવા છતાં તેની હાલત કેવી થઈ છે – (જુઓ 'ધૂપછાંવ'માં.)

**ધૂપછાંવ :** *દાદા વિચારે, ક્યાં છે ખૂણો ઘરમાં મારે કાજ?*
*પણ ભીંત પર બચી છે જગા ફોટા જેટલી.*

*– રઈશ મણિઆર*
*સી-૧૨, મજૂર મહાજન સોસાયટી, ગણદેવી રોડ, પો. કાલિયાવાડી, જમાલપોર, નવસારી-૩૯૬ ૪૨૭. મો. ૯૪૨૮૧ ૬૦૫૦૮*

દેશ ભક્તિ

# આઝાદી દિવસ

• દિનેશ આર. મહેતા •

૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ એટલે ભારતના ઈતિહાસનું એક સોનેરી પૃષ્ઠ. આ ૧૫મી ઓગસ્ટના રોજ વિદેશી શાસનના કાળા વાદળો વિખરાયા હતા. વિદેશીઓ તરફથી થયેલા અત્યાચારો તે દિવસે બંધ થયા અને સૂર્યના સોનેરી કિરણો સર્વત્ર ફેલાયા. જનજીવને કેટલાય સમય બાદ નવી અંગડાઈ લીધી હતી. અને દરેક સ્થળે આનંદ અને ઉત્સાહનું વાતાવરણ છવાઈ ગયું હતું. આ રીતે ૧૫મી ઓગસ્ટે ભારત પર વિજયનું સ્મિત વેર્યું. ભારતની જનતાએ જે દિને પોતાના ભાગ્યોદયનું નવપ્રભાત નિહાળ્યું એ મહાદિવસ એટલે આઝાદી દિન.

ઈ.સ. ૧૯૨૯નો દિવસ ભારતના ઈતિહાસમાં અમર થઈ જશે. ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામની તવારીખનો એ ગૌરવવંતો દિવસ હતો. તે સાલમાં જ રાવી નદીના કાંઠે કોંગ્રેસના અધિવેશનમાં, 'પૂર્ણ સ્વરાજ્ય પ્રાપ્ત કરીને જ જંપીશું' એવી દ્રઢ પ્રતિજ્ઞા લેવાઈ હતી. આપણી ભવ્ય પ્રતિજ્ઞા સામે બ્રિટિશ સરકારને આખરે નમતું આપવું પડ્યું અને આપણે આઝાદ થયા. ત્યારબાદ લોખંડી પુરુષ સરદાર પટેલે ૬૦૦ માંડલિક રાજ્યોને (દેશી રજવાડાંને) સમજાવીને ભારતનું ઐક્ય સાધ્યું.

પ્રત્યેક વર્ષે આપણા દેશમાં આ દિવસને રાષ્ટ્રીય તહેવાર તરીકે ઉજવવામાં આવે છે. સવારના ધ્વજવંદન થાય છે અને પ્રભાતફેરી જેવા કાર્યક્રમોનું આયોજન થતું હોય છે. રાષ્ટ્રના નેતાઓ લોકોને એકતાના સંદેશા પાઠવે છે. દરેક સ્થળે ભવ્ય પરેડનું આયોજન થાય છે. દરેક સ્થળે ત્રિરંગા ઝંડા ફરકાવવામાં આવે છે અને 'જન-ગણ-મન અધિનાયક જય હૈ, ભારત ભાગ્યવિધાતા' રાષ્ટ્રગીત ગાવામાં આવે છે. ફક્ત સરકારી મકાનો જ નહીં પરંતુ ખાનગી મકાનો પણ રંગબેરંગી રોશનીથી ઝળહળી ઊઠે છે. દરેક સ્થળે સ્વદેશ ભક્તિ અને શૌર્યગીતોના સૂરો રણકી ઊઠે છે. પ્યારી ભારતભૂમિને ખાતર દેહનું બલિદાન દેનાર અનેક શહીદોની શૌર્ય ગાથાઓનું ત્યારે પારાયણ થાય છે. તેમનાં સંસ્મરણોને યાદ કરી પ્રજાની આંખો ભીની બને છે.

૧૫મી ઓગસ્ટના દિને ફક્ત આનંદ મનાવ્યે રાષ્ટ્ર પ્રત્યેની આપણી ફરજ પૂરી થતી નથી. **દેશના પુનરુત્થાનમાં - વિકાસમાં સર્વગ્રાહી સાથ-સહકાર આપવો એ પ્રત્યેક નાગરિકોની ફરજ બની જાય છે.** આજના આતંકવાદી માહોલમાં દરેક નાગરિક સજાગ રહે અને તેને અનુલક્ષીને જરૂરી કાર્યવાહી કરે તે ખૂબ અગત્યની બાબત છે. **પરસ્પર પ્રાદેશિક અને પક્ષીય ભાવનાથી પ્રેરાઇ લોકો રાષ્ટ્રીય ફરજ વીસરે એ કોઈપણ દેશ માટે ખતરનાક નીવડે.** આપણે સૌ જ્યારે આવા સ્વાર્થોને ત્યજીને રાષ્ટ્રના ઘડતરની સાથે વૈશ્વિક સ્તરે વિકાસ સાધવા સામૂહિક રીતે ફાળો આપીશું ત્યારે જ સાચી આઝાદી સાર્થક બનશે. ત્યારે જ આઝાદીનો સ્વતંત્રતાનો ચંદ્ર સોળે કળાએ દીપી ઊઠશે. આ પવિત્ર દિવસે સૌએ પ્રતિજ્ઞા કરવી જોઈએ કે, **'ભારત મારો દેશ છે, બધા ભારતીયો મારાં ભાઈ-બહેન છે.** હું મારા દેશને ચાહું છું અને તેના સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસાનો મને ગર્વ છે. હું મારા દેશ અને દેશબંધુઓને મારી નિષ્ઠા અર્પું છું. તેનાં કલ્યાણ અને સમૃધ્ધિમાં જ મારું સુખ અને ભવિષ્ય રહ્યું છે. મારા પ્રાણોનું બલિદાન આપીને પણ હું મારા દેશનું રક્ષણ કરીશ.

*સુમિત્રાનંદન પંતની પંક્તિ છે...*

*ધન્ય આજ કા મુક્તિ-દિવસ,*
*ગાઓ જનમંગલ,*
*ભારતલક્ષ્મી સે શોભિત*
*ફિર ભારત - શતદલ!*

---

## સરકીક : કચ્છ અને કચ્છીઓ માટે આન, બાન અને શાન

(અનુસંધાન : પાના નં.-૨૧ ઉપરથી ચાલુ)

ઇન્ડિયા બ્રિજના રસ્તે તમે હશો ત્યારે જ કચ્છની વધુ એક વિશેષતા નજરે ચડશે અને એ છે કર્કવૃત્ત. કર્કવૃત્તની રેખા કચ્છમાંથી પસાર થાય છે. આની નોંધ કરાવતું બોર્ડ દેખાશે ત્યારે એક ફોટો સેલ્ફી લેવાનું ભૂલશો નહીં! છેલ્લે કાશ્મીરથી કચ્છ સુધી આપણી રક્ષા કરતા આપણા તમામ જવાનો માટે જય જવાન અને જય હિંદ સાથે સો સો સલામ અને વંદન... સાથે મિત્રો, મારી વિનંતી છે કે તમારા ૩૬૫ દિવસોમાંથી ૧ દિવસ આપણા જવાનો સાથે ઉજવણી કરો અને તેઓનું માન અને મનોબળ વધારો તે પણ એક દેશભક્તિ કહેવાશે.

અને છેલ્લે, જો પરવાનગી મળે તો જવાનો સાથે જરૂર એક ફોટો લેજો કારણકે તેની યાદ કાયમ રહેશે... ■

દેશ ભક્તિ

# શહીદ જવાનોના પરિવારોને અનોખી સેલ્યૂટ!

• ફયસલ બકીલી •

આપણા ભારતીયોની દેશભક્તિ અને દેશદાઝ બહુ મોસમી રહી છે. સરહદ પર થતી ઘટનાઓને આધારે આપણને દેશદાઝના ઊભરા આવતા હોય છે, જે ક્ષણિક હોય છે, કાયમી નહીં. સમયાંતરે આ ઊભરા વખતે રેલીઓ નીકળે, પૂતળાં બાળવામાં આવે કે સેના માટે કંઈક ભંડોળ એકઠું કરવામાં આવે. શહીદ કે ઘાયલ સૈનિકોને સહાય મોકલવામાં આવે અને પછી બીજી ઘટના સુધી એ વાતને ભૂલી જઈએ...

જો કે સુરતમાં આવા જ એક અભૂતપૂર્વ ઊભરાને એક મહત્ત્વપૂર્ણ વળાંક આપીને જે કાયમી સંસ્થા બનાવવામાં આવી હતી એ હવે ૧૮ વર્ષની પુખ્ત ઉંમરે પહોંચી છે. આ સંસ્થા એટલે "જય જવાન નાગરિક સમિતિ."

વર્ષ ૧૯૯૯માં કારગિલમાં ભીષણ યુદ્ધ થયું હતું. એ સમયગાળા દરમિયાન દેશના દરેક ખૂણે પાકિસ્તાનની નાપાક હરકત વિરુદ્ધ અને સૈનિકોના સહકાર અને સમર્થનમાં રેલીઓ નીકળી હતી. દાન ઉઘરાવવામાં આવતું. ક્યાંક રક્તદાન શિબિરનું પણ આયોજન થતું... એવા સમયે સુરતના વરાછા વિસ્તારના સૌરાષ્ટ્રથી આવીને વસેલા આગેવાનો ભેગા થયા હતા : *'આપણે કારગિલના સૈનિકો માટે શું કરીએ?'* વિચારમંથન થયું. વરાછા સહકારી બેન્કના ચેરમેન અને સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજના પ્રમુખ **કાનજીભાઈ ભાલાળા**એ શહીદ સૈનિકોના પરિવારની આર્થિક મદદ કરવી જોઈએ એવો વિચાર રજૂ કર્યો અને એ બધાએ સ્વીકાર્યો. વરાછા બેંકમાં એક ખાતું ખોલાવવામાં આવ્યું. જેને જે રકમ આપવી હોય એ બેંકમાં જમા કરાવી દે. બસ, માત્ર ૧૫ દિવસના સમયમાં બેંકમાં એક કરોડ ૬૪ લાખ રૂપિયા જમા થઈ ગયા. ખૂબ ઉદાર હાથે લોકોએ મદદ કરી હતી. હીરાના કારીગરોએ એક દિવસનો પગાર આપ્યો તો એમના માલિકોએ એ કર્મચારીના પગાર જેટલી રકમ જમા કરાવી દીધી.

કાનજીભાઈ ભાલાળા કહે છે કે કારગિલમાં ગુજરાતના ૧૨ જવાન શહીદ થયેલા. એ તમામનાં ઘરે અમે બે વખત ગયેલા અને ત્યારે દરેક પરિવારને રૂપિયા ચાર લાખની સહાય કરેલી. હવે શહીદ પરિવારને બે લાખની સહાય કરવામાં આવે છે. આજ સુધી ૧૯૮ શહીદ પરિવારને રૂપિયા ત્રણ કરોડ ૧૭ લાખની સહાય અમે કરી ચૂક્યા છીએ. સૈનિકોને મદદરૂપ બનતી બહુ ઓછી સંસ્થા છે. અમે સ્થાપનાકાળથી એવો ઉદ્દેશ રાખ્યો છે કે દેશના કોઈ પણ ખૂણે ફરજ બજાવતા સૈનિકનું મૃત્યુ થાય અને એ ગુજરાતનો હોય એને આ સહાય આપવામાં આવે. એવી જ રીતે ગુજરાતની જમીન પર કોઈ અપ્રિય ઘટના બને અને કોઈ જવાન શહીદ થાય તો એના પરિવારને આ સહાય આપવામાં આવે.

દર વર્ષે ૨૬ જુલાઈને કારગિલ વિજય દિવસ તરીકે ઊજવવામાં આવે છે. આ દિવસની આસપાસ સુરતમાં સમર્પણ ગૌરવ સમારોહ યોજવામાં આવે છે. આ ભવ્ય સમારોહમાં શહીદ પરિવારોને ખૂબ માન - સમ્માનથી બોલાવવામાં આવે છે અને એમને સહાય અર્પણ કરવામાં આવે છે.

કાનજીભાઈ ભાલાળા ઉમેરે છે કે અમે બહુ સ્પષ્ટ હેતુથી સંસ્થાની સ્થાપના કરી હતી. દેશની સરહદે કે નક્સલવાદમાં કોઈ જવાન શહીદ થાય તો એમના પરિવારને પૂરતું માન ઉપરાંત આર્થિક ટેકો મળવો જોઈએ. અમે શરૂઆતમાં તો એવું વિચારેલું કે જે ફંડ આવ્યું છે એ આપી દઈને આ પ્રવૃત્તિ બંધ કરી દઈશું. પરંતુ એક કાર્યક્રમમાં સ્વામી સચ્ચિદાનંદજીએ એવી લાગણી પ્રગટ કરેલી કે 'જય જવાન નાગરિક સમિતિ'ની પ્રવૃત્તિ બંધ થવી ન જોઈએ. આ એકમાત્ર એવી સંસ્થા છે, જે સૈનિકોના પરિવાર માટે કામ કરે છે. એમની આ લાગણીને માન આપીને આ પ્રવૃત્તિ અમે લોકોના સહયોગથી ચાલુ રાખી છે.

જય જવાન નાગરિક સમિતિની પ્રવૃત્તિમાં કોઈ વહીવટી ખર્ચ થતો નથી. જે ખર્ચ થાય એ ટ્રસ્ટીઓ અને દાતા ઉપાડી લે છે. એટલું જ નહીં, દર વર્ષે જે દિવસે કાર્યક્રમ હોય એ દિવસે જ દાનની અપીલ કરવામાં આવે છે અને સ્વીકારવામાં આવે છે. કાર્યક્રમમાં દર વર્ષે અલગ અલગ લોકો ખર્ચ ઉપાડતા હતા. આ વર્ષે **મુંજાણી બ્રધર્સ** ઉપાડશે, પરંતુ આવતા વર્ષથી તમામ કાર્યક્રમોનો ખર્ચ **યુરો ફૂડ્સના મનહરભાઈ સાસપરા** એકલા જ ઉપાડી લેશે. વાત એક કાર્યક્રમ અને એ દિવસે થતી પ્રવૃત્તિની નથી. આ પ્રવૃત્તિને કારણે

અનેકને પ્રેરણા મળી રહી છે. સૈન્યના અધિકારીઓ પણ આ પ્રવૃત્તિને સહયોગ આપે છે.

*લોકોમાં કેવી અસર થાય છે?*

સંસ્થા સાથે સંકળાયેલા ઍડવોકેટ **અરવિંદ ધડુક** કહે છે કે સુરતમાં એક **સમીર બોઘરા** નામે ઍડવોકેટ અને માજી કોર્પોરેટર છે. એમને ત્યાં ટ્રુ કૉપી કરાવવા આવતા લોકો પાસે એ ફી નથી લેતા, પણ એ પાંચ કે ૧૦ રૂપિયાનું દાન લે છે. આખા વર્ષ દરમિયાન આ રીતે જે દાન ભેગું થાય એ તમામ રકમ એ જય જવાન નાગરિક સમિતિને આપી દે છે. મુંબઈના મિડાસ ટચ નામે પ્રિન્ટિંગ વ્યવસાયી **જય સુધીર થારે** જય જવાન નાગરિક સમિતિનો એક કાર્યક્રમ જોયો હતો. બસ, છેલ્લા પાંચ વર્ષથી એ દર મહિને ૭૫૦૦ રૂપિયાનો ચેક સંસ્થાને મોકલી આપે છે. એવા પણ ઘણા લોકો છે, જે દર વર્ષે સમર્પણ ગૌરવ સમારોહની આમંત્રણ પત્રિકા જાય એટલે એની સાથેજ હજારો રૂપિયાનું દાન મોકલી આપે છે. નવસારીના જી.ડી. હોટેલ એન્ડ રિસોર્ટના માલિક **સતીષ પટેલ**ને શહીદ લોકો માટે થતા આ કામ પ્રત્યે ખૂબ સન્માન હોય છે એટલે એ પણ પોતાની આવકની પચ્ચીસ ટકા રકમ મોકલી આપે છે. બીજી તરફ, સેનામાંથી પણ જેટલા લોકો આ સંસ્થાથી માહિતગાર છે એ અમને મદદ કરતા રહે છે.

૨૦૦૧માં કચ્છમાં આવેલા ભયાનક ભૂકંપ વખતે સેનાના ૩૨ જવાન શહીદ થયા હતા. દેશભરમાંથી આ ૩૨ પરિવારને બોલાવીને એમનું સન્માન કરીને એમને આર્થિક સહાય આપી હતી. આ કાર્યક્રમમાં હવાઈ દળના **એરમાર્શલ વી.કે. ભાટિયા** હાજર હતા. એમણે સુરતીઓ દ્વારા થતી આ સહાયની સરાહના કરીને હવાઈ દળમાંથી નિવૃત્ત થયેલા મિગ-૨૩ વિમાન સુરતને ભેટ આપવાની જાહેરાત કરી હતી. ૨૦૦૯ની સાલમાં આ વિમાન સુરત આવ્યું હતું. હાલ આ વિમાન સરથાણા નેચર પાર્કની સામે એક ટ્રાફિક સર્કલની અંદર મૂકવામાં આવ્યું છે. સુરતીઓની નાગરિક તરીકેની ફરજને સેના તરફથી આ રીતે સન્માન મળ્યું છે. એવી જ રીતે આગામી દિવસોમાં ૧૯૭૧ના યુદ્ધમાં સામેલ આર્મીની ટેન્ક સુરતમાં આવશે. એક કાર્યક્રમમાં **બ્રિગેડિયર બી. એસ. મહેતા** આવ્યા હતા. એમણે યુદ્ધમાં વપરાયેલી ટેન્ક સુરતને મળે એવું સૂચન કરેલું. એ પછી ધારાસભ્ય **પ્રફુલ્લભાઈ પાનસેરિયા**ના સક્રિય પ્રયત્નોથી આ ટેન્ક સુરત આવી રહી છે. આ ટેન્કને કતારગામ વિસ્તારમાં મૂકવામાં આવશે.

આ વર્ષે ૨૨ જુલાઈએ નિવૃત્ત સેનાધ્યક્ષ **જનરલ વેદ પ્રકાશ મલિક**ની હાજરીમાં ૨૩ શહીદ પરિવારોને સહાય અર્પણ થઈ. આ વર્ષે પણ સરહદ પર ઉરી, પઠાણકોટ જેવા બનાવ બન્યા એટલે લોકોમાં રાષ્ટ્રીય ભાવના સતત જાગૃત રહી. **પરિણામે દાનની રકમ ૬૫ લાખ જેટલી જમા થઈ છે. સરહદના પહેરેદાર સૈનિકો માટે આપ્રવૃત્તિ સતત ચાલી રહી છે.**

વેલ, જય જવાન નાગરિક સમિતિએ ૧૯૯૯ પછી શહીદ થયેલા દરેક ગુજરાતી સૈનિકના પરિવારને સહાય આપી છે. આવું કરનારું ગુજરાત સંભવતઃ દેશનું એકમાત્ર રાજ્ય છે. સૈનિકો પ્રત્યેની અનુકંપા અને લાગણી સીઝનલ નહીં, પણ પરમેનન્ટ ધોરણની **જય જવાન નાગરિક સમિતિ જેવી સંસ્થા દરેક રાજ્યમાં થાય તો શહીદ સૈનિકોના પરિવારને ટેકો આપી શકાય.**

**સૌજન્ય : "ચિત્રલેખા"**

## હવે આ આર્થિક સેવા પ્રવૃત્તિ દેશભરમાં કરવી છે...

*જય જવાન નાગરિક સમિતિના કાર્યક્રમમાં વર્ષોથી સહભાગી રહેતા સુખરામ ગ્રુપના **નાનુભાઈ સાવલિયા**ને ગયે વર્ષે એક અલગ વિચાર આવ્યો. જય જવાન નાગરિક સમિતિ જે રીતે ગુજરાત પૂરતી કામગીરી કરે છે એવી જ કામગીરી રાષ્ટ્રીય કક્ષાએ પણ કરવી જોઈએ. આ માટે મોટા ફંડની જરૂર રહે. એ માટે જો **મોરારિબાપુ** રામકથા આપે તો એના યજમાન તરીકે રહેવાની તૈયારી નાનુભાઈએ બતાવી હતી.*

*બસ, હવે બધું નક્કી થઈ ગયું છે. આગામી ૨ ડિસેમ્બરથી ૧૦ ડિસેમ્બર સુધી શૌર્ય સમર્પણ રામકથા સુરતમાં યોજાશે. એ માટે એક નવું "મારુતિ અમર જવાન ટ્રસ્ટ" બનાવવામાં આવ્યું છે.*

*નાનુભાઈ સાવલિયા કહે છે કે વર્ષોથી હું જોઉં છું કે સેનામાં જોડાતા જવાન એકદમ યુવાન હોય અને મોટા ભાગે ગરીબ પરિવારમાંથી આવે છે. આવા જવાન આપણી રક્ષા કરતાં શહીદ થાય પછી એમનાં બાળકો, પરિવાર અને મા-બાપને જોનારું કોઈ નથી રહેતું. આવા પરિવારને આપણે ટેકો આપી શકીએ એવી પ્રેરણા અમને જય જવાન નાગરિક સમિતિની પ્રવૃત્તિમાંથી જ મળી છે. એમની પ્રવૃત્તિ ગુજરાત પૂરતી છે તો અમે રાષ્ટ્રીય કક્ષાએ આ પ્રવૃત્તિ કરીશું. શહીદ સૈનિકના પરિવારને આર્થિક સહયોગ, એમનાં બાળકોને શિક્ષણ અને આરોગ્યમાં મદદ. સેનામાંથી નિવૃત્ત થતાં સૈનિકોને નિવૃત્તિ પછી રોજગારી માટે સહયોગ આપવો અને યુવાનો સેનામાં જોડાય એ માટે તાલીમ આપવાની પ્રવૃત્તિ કરવી એવું અત્યારે પ્રાથમિક તબક્કે વિચાર્યું છે.*

પ્રજાતંત્ર

# સરકાર એટલે માનવ વસાહતની કારોબારી...!



દિનેશ પાંચાલ, જર્નાલિસ્ટ

ન ગમે તોય એક સત્ય સ્વીકારવું પડે એમ છે. નર્મદ અને દુર્ગારામના સમયમાં દેશનો ઝાઝો વિકાસ થયો ન હતો. શિક્ષણનો વ્યાપ પણ વધ્યો ન હતો. છતાં તે જમાનામાં જેટલી અંધશ્રદ્ધા હતી તેના કરતાં આજે અનેકગણી વધી છે. એના કારણો ઘણાં હશે પણ સૌથી મહત્ત્વનું કારણ એ છે કે સમાજ (અને સરકાર બંનેને) એની કોઈ ચિંતા નથી. સમાજ કરતાંય સરકારની જવાબદારી અનેકગણી છે. સમાજ એટલે બીજું કાંઈ નહીં, એક પ્રચંડ માનવ વસાહતની કારોબારી. પણ એની હાલત વણજારાઓની પેઠ જેવી ગણાય. સત્તા પર જે કોઈ વણજારાઓ આવે તેમને ગામના ઉકરડાની ચિંતા નથી હોતી. (ચાર દિવસ ધર્મશાળામાં રહેવા આવેલો મુસાફર ધર્મશાળાને કલર, ચુનો કરાવવાનું વિચારતો નથી) મહોલ્લામાં દરેક ઘરે લીંબુને મરચું લટકાવ્યાં હોય અથવા કાપડની ઢીંગલી કે મંત્રેલું નારિયેળ બાંધ્યું હોય તો સરકાર તેને લોકોની શ્રદ્ધાનો પ્રશ્ન ગણીને નજરઅંદાજ કરે છે. **સરકારને એવી કોઈ ઝંખના નથી હોતી કે સમાજ સુસંસ્કૃત, શિક્ષિક કે જાગૃત હોવો જોઈએ.** વોટ આપનારા હાથ ગમે તેટલા ગંદા હોય તો પણ સરકારને તેનું કોઈ નુકસાન નથી. અંગ્રેજોનું શાસન હટાવવા ગાંધીજી મેદાને પડ્યા હતા. તેમને લાખો દેશવાસીઓનો સાથ મળ્યો હતો. પરંતુ અંધશ્રદ્ધા સામે લડનારા આંગળીને વેઢે ગણાય એટલાં ઓછા છે. રેશનાલિઝમના પાંચ સાત દીવડા સામે અંધશ્રદ્ધાનો સૂરજ મધ્યાહ્ને તપે છે. એથી અજ્ઞાન અને અંધશ્રદ્ધાની ગંદકી હટવાનું નામ નથી લેતી.

આપણી પાયાની સમસ્યા એ છે કે આપણી ગળથૂથીમાં ધર્મ, ભક્તિ, પૂજાપાઠ અને કર્મકાંડો વણાઇ ગયા છે. એથી થયું એવું કે આપણે વિકાસ પામતા ગયા છતાં ગળથૂથીના સંસ્કાર છોડીને નવા વિચારો મુજબનું જીવન જીવવાનું ફાવી શક્યું નહીં. એક ઉદાહરણ જોઈએ. અમે એક ગ્રામીણ ગૃહિણીને ઓળખીએ છીએ. એમને વર્ષોથી જમીન પર બેસીને રસોઇ કરવાની આદત હતી. તેના દીકરાઓએ તેને માર્બલનું સુંદર સ્ટેન્ડિંગ કિચન કરાવી આપ્યું છે. પરંતુ હજીય તે ઊભા રહીને રસોઇ કરવાને બદલે સ્ટેન્ડિંગ કિચનના પ્લેટફોર્મ પર પલાંઠી વાળીને બેસી જઈને રસોઈ કરે છે. આપણને કોમ્પ્યુટર મળ્યાં પણ તેનો ઉપયોગ આપણે કુંડળી કાઢવામાં કે ભવિષ્ય જોવામાં કરીએ છીએ. (મતલબ કિચનના પ્લેટફોર્મ પર પલાંઠી વાળવા જેવો જ એ ઘાટ છે.) એક વાત ન ગમે તોય સ્વીકારવી પડશે. દેશનાં બધા જ અખબારો, મેગેઝિનો તથા સાપ્તાહિકો રાશિ ભવિષ્ય વગેરે છાપે છે. હા, એમાંના કેટલાક અખબારો રેશનાલિઝમને પણ પૂરો ન્યાય આપે છે. પરંતુ **ટી.વી. મીડિયાએ અંધશ્રદ્ધાનો ફેલાવો કરવામાં આડો આંક વાળી દીધો છે.** ભૂત પિશાચની સીરિયલો અને 'રાઝ પીછલે જનમ કા' જેવા વાહિયાત કાર્યક્રમો રજૂ થતા હોય ત્યાં લોકોની માનસિક તંદુરસ્તી શી રીતે સુધરી શકે? અંધશ્રદ્ધાળુ સમાજ ધર્મને કોરાણે મૂકી પોતે ઘડી કાઢેલો એવો (અ)ધર્મ પાળે છે.

**વિનોબાજી**એ ગમી જાય એવી વાત કહી હતી. તેમણે કહેલું કે, 'બે ધર્મો વચ્ચે કદી ઝઘડા થતાં નથી. જે ઝઘડા થાય છે તે બે અધર્મો વચ્ચે થાય છે!' જરા જુદા દૃષ્ટિકોણથી આ મુદ્દા પર વિચારવાનું જરૂરી બને છે. અધર્મ તો ખરાબ જ હોઇ શકે એમાં બેમત નતી. પણ સદીઓ જૂના ધર્મગ્રંથોમાં જે કાંઈ લખ્યું છે તે બધું પણ કેટલું સાચું છે તે સંશોધનનો વિષય છે. કેટલાક ધર્મગ્રંથોમાં એક એકથી ચઢે એવી વાહિયાત... અવૈજ્ઞાનિક (અને વળી અમાનવીય વાતો) લખી છે. એવો **અતાર્કિક ઉપદેશ આપતા દરેક ધર્મના નિયમો અને શરતોને વિજ્ઞાનના ગળણે ગાળીને શુદ્ધ કરવાની જરૂર છે.** પરંતુ ધર્મગ્રંથો તરફ લોકોને આંધળો આદરભાવ હોવાને કારણે લોકો વિજ્ઞાનસિદ્ધ સત્ય પણ સ્વીકારવા તૈયાર નથી. અમારા બચુભાઈ કહે છે કે – 'લોકો એવા અંધશ્રદ્ધાળુ છે કે ધર્મગ્રંથોના પાના પર મૂકીને મેલુ આપવામાં આવે તો તે પણ પ્રસાદ સમજીને આરોગી જાય છે.' વિનોબાજીએ એમ પણ કહ્યું છે – 'જેને આપણે ધર્મ કહીએ છીએ તે વાસ્તવમાં ધર્મ છે જ નહીં. માત્ર પંથ અથવા વાડો છે. સાચા ધર્મની સ્થાપના થવાની તો હજી બાકી છે. માટે જ કહું છું કે, પંથો અને સંપ્રદાયોના દિવસો હવે પૂરાં થયા!' વાત મહદ્ અંશે સાચી છે. પણ સમાજ વચ્ચે જીવી રહેલું તાજું સત્ય એ છે કે સંપ્રદાયોના દિવસો પૂરા નહીં શરૂ થયા છે. દિવસે દિવસે નવા નવા સંપ્રદાયો પેદા થતાં જાય છે. બાબા, સ્વામીઓ કે ગુરૂઓની સંખ્યા વધતી જાય છે. પહેલી નજરે ન દેખાય એ રીતે સમાજ ટોળાઓમાં વહેંચાઈ રહ્યો છે. સમજદારી ભરેલી શ્રદ્ધા અને સાત્ત્વિક ભક્તિને સ્થાને વ્યક્તિપૂજા અને પાદપૂજકોની સંખ્યા વધી રહી છે. લોકો અમુક તમુક સંપ્રદાયોના વાડામાં ઘેટાંની જેમ પૂરાઈ ગયા છે.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૪ ઉપર)**

## શ્રી ગીતાબેન રાંભિયા પરિવાર ચેરિટેબલ ટ્રસ્ટ
(ગીતા સેના) રજિ. ન. ઈ૧૦, ૯૧૦

## શ્રી ગીતાબેન રાંભિયા સ્મૃતિ અહિંસા ટ્રસ્ટ
(ગીતા સેના) રજિ. ન. ઈ૧૧, ૧૯૨

Email : gitaben_rambhiya@yahoo.com • Website : www.gitabenrambhiyatrust.org

ગેરકયદેસર કતલખાને જતા અબોલ જીવોને બચાવી અભયદાન અપાવવાની કામગીરી
અત્યારસુધી ૮૦,૦૦૦ થી વધુ અબોલ જીવોને બચાવેલ છે.
રખડતા બીમાર તથા ઘવાયેલ પશુ-પક્ષીઓને સ્થળ ઉપર સારવાર અપાવવા
એનિમલ હેલ્પલાઈન ચલાવવામાં આવે છે.
અત્યારસુધી ૫૫,૦૦૦ થી વધુ અબોલ જીવોને સારવાર અપાયેલ છે.
કચ્છ થી અમદાવાદ તબીબી સારવાર અર્થે આવતા દર્દીઓને સંસ્થાના કાર્યકર્તાઓ સહાયરૂપ બને છે.
અત્યારસુધી ૬૦૦૦ થી વધુ દર્દીઓને મદદરૂપ થયેલ છે.
સંસ્થાના જીવદયા તેમજ માનવસેવાના કાર્યમા આપ સૌને સહકાર આપવા નર્મ વિનંતી.

૧૧૪૦, ગીતાભવન, માંડવીની પોળ, માણેકચોક, અમદાવાદ - ૩૮૦ ૦૦૧
ફોન : (૦૭૯) ૨૨૧૪૧૧૯૭, ૨૨૧૪૯૫૫૦, ૨૨૧૧૧૪૬૭, ૬૫૪૪૭૫૫૦

**સંસ્થાને આપનુ દાન ૮૦જી(૫) મુજબ કરમુક્તિને પાત્ર છે.**



## Gujarat's Leading Electronic Manufacture
(TOTAL EMS SOLUTION)

**Innovision Systems & Devices**
E-12, Electronic Estate, GIDC, Sector-26, Gandhinagar-382044, Gujarat

**Innovision Systems & Devices Pvt Ltd**
1143, Opp. GEB Sub Station, Chhatral-Kadi Road, Chhatral - 382729, Gujarat

MD-Paresh Shantelal Mehta & Heena Mehta (Nakhatrana-Kutch)
Phone: 0091-79-23287733 Email: innovisionpme@yahoo.com



જીવદયા કરૂણા અહિંસા લુણી પાંજરાપોળ

## શ્રી વર્ધમાન જીવદયા કેન્દ્ર
(લુણી - મુંબઈ) કુ. જ્યોતિ અહિંસાધામ

પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ
પંચગવ્ય આયુર્વેદીક ઓષધીઓનું નિર્માણ અને ટ્રેનીંગ સેન્ટર
બિમાર પશુ-પક્ષીઓનુ દવાખાનુ
એક થી દસ વર્ષ બાળકો માટે પીગી બેંક

બેસ્ટ પાંજરાપોળ, ગૌશાળા, મહાવીર જીવદયા એવોર્ડ, કચ્છગૌરવ-અહિંસારત્ન

કાર્યાલય : ૩૧૫, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, કાનજી મેન્સન, ગોકુલધામ હોટલની બાજુમાં, અલંકાર સિનેમાની પાસે, મુંબઈ - ૪ ફોન : ૨૩૮૧૩૭૩૩, ૬૬૩૮૦૫૦૦

કાર્યક્ષેત્ર : ગામ - લુણી, તાલુકા - મુંદ્રા, જિલ્લો - કચ્છ - ૩૭૦ ૪૧૦
ફોન : ૦૨૮૩૮ - ૨૮૧૧૩૬ • ફેક્સ : ૦૨૮૩૮ - ૨૮૧૨૭૦





II SHRI HARI II

## SHREE SWAMINARAYAN TRAVELS
22, Anilkunj Complex, Paldi Char Rasta, Ahmedabad-7.
Ph. : 079-26579911 • M. : 9825804762, 9099943071
A.C. ROYAL SEMI SLEEPER AND SLEEPER • DAILY SERVICE A.C. COACH

| | | | |
|---|---|---|---|
| • Bhuj | : 9825804763 | Gandhidham | : 9825804703 |
| • Anjar | : 9099943074 | Mandvi | : 9099943070 |
| • Una | : 9825804253 | Rajula | : 9825804754 |

• Div • Pune • Nasik • Sirdi • Mumbai •

| | | | |
|---|---|---|---|
| • Baroda | : 9275051712 | Vidyanagar | : 9825525732 |
| • Raipur | : 9825804761 | | |

• PARCEL SERVICE AVAILABLE • ANY CAR/BUS AVAILABLE •
Visit us : www.sstbus.in



મો.: ૯૯૭૯૮ ૮૧૪૮૭ ફોન : ૦૭૯-૨૬૭૬૩૫૪૪, ૦૭૯-૨૬૭૬૩૪૬૫

## શ્રી હરિ ટ્રાવેલ્સ
યુ-૨૮, રત્નમણી કોમ્પ્લેક્ષ, જોધપુર ચાર રસ્તા પાસે, સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

દર રવિવાર અને પૂનમ

**મહુડી, ખેડબ્રહ્મા, અંબાજી રીટર્ન બસ સર્વિસ**

**લકઝરી, ફોર વ્હીલર ભાડે મળશે.**

## શ્રી હરિ ટ્રાવેલ્સ
પટેલ કાપડ માર્કેટ, ખોડિયાર નગર, સોરઠ પાન પાસે, બાપુનગર, અમદાવાદ. ફોન :૨૨૭૦૦૬૬૬ / ૭૭૭

Sister Concern
એચ. કે. ટ્રાવેલ્સ
ક્રિષ્ના ટ્રાવેલ્સ






## SHREE SAHJANAND TRAVELS
Visit us: www.sst.bookong.com

**23, Anilkunj Centre, Paldi Char Rasta, Ahmedabad.**

M: 9825801354, 9227101354,
Sateliite: 9825804234, Raipur: 9909911306
Bapunagar: 9825804578, Naroda: 9099970078

**Ahmedabad to Bhuj, Gandhidham, Mundra, Mandvi, Nakhatrana, Kotda, Netra, Rajula, Mahuwa**



## FOR CA STUDENT (C.P.T., IPCC, CA FINAL)

AVOID STUDYING IN BIG BATCH OF 100 - 300 STUDENTS,
WE OFFER GROUP TUITION WITH GROUP OF ONLY 30 STUDENTS

FACULTY :- SHIVANG BUCH
B.Com, C.A., M.F.A., MBA (Fin.) Gold Medalist, N.E.T. (Management)

## Shivang Institute
C/O, Sharda, Magal Tirth Tower-A, Near Dharnidhar Derasar,

Phone No. 9429609484 / 079-22772031



## BLUE EYE
YOUR SPY EYE

ALL TYPE OF CCTV ACCESSORIES AVAILABLE





For import anything from China to India
Please contact on below details
China: +86-13410015894 & India: +91 9601271254

**CHINA • INDIA • KENYA**

079 666 31712 / +91 96012 71254 / +91 99099 66554
sales@blueeyetech.in / care@blueeyetech.in
FF 119, Super Plaza, Sandesh Press Road, Vastrapur, Ahmedabad - 380015. INDIA

INSTA-POWER
Humble Efforts to Provide Quality Power
www.confortinstapower.com
ISO 9001:2008, Certified Company
DISTRIBUTION TRANSFORMER
11 KV, 22 KV & 33 KV Class
upto 7000 KVA, Confirming to
IS-2026, IS-1180, 2014



OTHER PRODUCTS
■ Furnace Transformer ■ Lighting Transformer ■ Isolation Trnasformer
■ Online UPS ■ Servo Voltage Stabiliser from 1 KVA to 1000 KVA
WE ALSO UNDERTAKE TRANSFORMER MAINTENANCE, REPAIRING & OIL FILTRATION JOB
COMFORT INSTA-POWER LTD.
Corp. & Regd. Office Vadodara. Mo. : 9825374323
Works 1 (Anjar - Kutch) Mo. : 9925203489
Works 2 (Waghodia - Vadodara)



Navin Rajput : 9998540827
Raj Rajput : 9979888123
SHUKRA
Land Developers Ltd.
12, Zodiac Square, 3nd Floor, Opp. Gurudwara,
S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
M. : 8238044222, 8238055222, 8238066222
E-mail : shukraland@gmail.com
Website : www.shukraland.com



M. : 93750 22555 • Ph. : 2756 0480
FORTUNE SURGICALS
• GLUCOMETER • BLOOD PRESURE MONITER • WHEEL CHAIR • NEBULIZER • AIR BED
• WATER BED • PULSE OXIMETER • OXYGEN-FLOW METER • MORNING WALKER
• EXCERCISE CYCLE • MASSAGER • WEIGHING SCALE • SAUNA BELT • HEATING PED
• HOT WATER BAG • THERMOMETER • ADULT DAIPER • TREAD MILL
C-004, Supat-2, Nr. Vadaj Bus Stand, Nr. St. Laurn Hotel, Ashram Road, Ahmedabad-13



Rajesh Shah
Ayu Plus
Herbal Beauty Products
Everyday Herbal Beauty Care
Mfg. of Herbal Cosmetics & Fincg Products
Khadi & Village Industrial Commission Approved.
"Swastik" Opp. Railway Station, Samakhiyali-370150. Kutch-Gujarat (India).
Tele. Fax. : +91 2837 283854 • M. : +91 98790 33484
Email : everydayharbalcare@gmail.com • Web. : www.everydayharbalcare.com



પ્રતાપ બી. ઠક્કર
મો. : ૯૮૨૫૩૫૯૦૩૫



॥ જય જલારામ ॥
જલારામ એસ્ટેટ
બી/૧, બેન્કર્સ કોલોની, ઓધવરામ કોમ્પલેક્ષ, બીજા માળે,
ટાઉન હોલ સામે, ભુજ-કચ્છ. ૨૫૧૩૪૪.
૧૯/૨૦ આદર્શ ટાવર્સ, મુન્દ્રા-કચ્છ.



પિયુષકુમાર નટવરલાલ ધોળુ
નટવરલાલ ધનજીભાઈ પટેલ
(ઓ.) ૦૨૭૧૪-૨૯૪૫૧૩
મો. : ૯૩૭૪૫ ૮૫૬૫૫, ૯૮૨૫૪ ૮૫૬૫૫,
૯૩૭૪૪ ૪૦૨૩૪, ૯૮૨૫૪ ૪૦૨૫૪
શ્રી આશાપુરા ટીમ્બર ટ્રેડર્સ
શ્રી આશાપુરા સિમેન્ટ ડેપો
દરેક જાતના સાગ, સાલ, ચીલ, દેવદાર, આંબો,
લીમડો જલાઉ લાકડા તેમજ પેકીંગવુડ તથા પ્લાયવુડ વેચનાર.
સિમેન્ટ આર્ટીકલ્સ તથા સિમેન્ટના વિક્રેતા તથા સિમેન્ટ પતરા વેચનાર.
ઠે. મઘીયા, બગોદરા હાઈવે, ધોળકા-૩૮૨૨૨૫. જિ. અમદાવાદ.



Ajay Shah
T. : +91 7926441050
M. : +91 9327000105
E-mail : admin@shahnet.com
Web. : shahnet.com
Shah Net
Technologies Pvt. Ltd.
406, Tilakraj Complex, Panchavati, Ellisbridge, Ahmedabad-380 006.
: Iolite :
Intellectual Property • Management Software
www.iolite.net.in



A world Class Exterior & Interior Acrylic Paints
Indocem Paints
You Can't buy better even at Higher Price,
Indocem (India) Pvt. Ltd.
(An Iso 9001-2000 Certified Company)
Ahmedabad: 27541226, 27544161, 25743401, Fax. 07927544199,
Bangalore: 080-26758800, 26758028, Baroda: 0265-2412446,2434041
Bhopal: 0755-2556785, Bhuj: 02832-223290, 250959, Goa: 0832-2752582
Hubli: 0836-2251415, Hyderabad: 040-24740401, 55598874
Mangalore: 0824-2410320, 4252325, Mumbai: 022-26858636, 26858639
Nasik : 0253-2511247, Pune: 020-26110951
Rajkot: 0281-2222766, Surat: 0261-2543332

કચ્છ

# સરક્રીક : કચ્છ અને કચ્છીઓ માટે આન, બાન અને શાન



ડૉ. મિહિર એમ. વોરા

મિત્રો, તાજેતરમાં જ આપણા લશ્કરના વડા કચ્છ સરહદની મુલાકાત લઈ ગયા. તેમાં આપણા આન, બાન અને શાન સમો કચ્છની સરક્રીકનો મુદ્દો બહુ જ જૂનો છે ત્યારે આવો, આના વિશે આપણે જાણીએ અને માણીએ.

સીયાચીનની બોર્ડરના જેવો જ પ્રશ્ન સરક્રીકનો છે. અલબત્ત એટલો ગુંચવાડાભર્યો નથી છતાંય છેલ્લા પચ્ચીસ વર્ષમાં ભારત - પાકિસ્તાનના પ્રતિનિધિમંડળની ૧૨થી વધારે બેઠક થઈ ગઈ હોવા છતાંય તે વણઉકેલાયેલો છે. આમ તો વિવાદો અને કચ્છની સરક્રીકનો નાતો જૂનો છે. ઈસ્ટ ઇન્ડિયા કંપનીના સેનાપતિ ચાર્લ્સ નૅપિયરે વર્ષ ૧૮૪૨માં સિંધ પ્રાંત જીતી લીધો હતો. જો કે તેમણે સિંધ પ્રાંતનો વહીવટ મુંબઈ રાજ્યને સોંપી દીધો હતો. વહીવટની સરળતા માટે બ્રિટીશરોએ સિંધ, મુંબઈ પ્રાંત વચ્ચે એક સીમારેખા આંકી હતી. આ સરહદ કચ્છની વચ્ચોવચ થઈને પસાર થતી હતી. પરિણામે કચ્છની આ ખાડીને કચ્છથી જુદી કરીને સિંધ પ્રાંત સાથે જોડી દેવાઈ હતી. બીજી બાજુ દિલ્હીની બ્રિટીશ સરકારના મૂળ નકશામાં કચ્છ અને સિંધ વચ્ચેની સીમારેખા કચ્છના રણ સુધી ખેંચવામાં આવી હતી. પરંતુ ખાડીના પ્રદેશમાં તેની કોઈ સ્પષ્ટતા જણાતી નહોતી. આમ, સરક્રીકના વિવાદનું મૂળ આજકાલનું નહીં પરંતુ આશરે પોણા બસ્સો વર્ષ જૂનું છે.

સ્થાનિકો આ ખાડીને **મૂળે બાણગંગા** તરીકે ઓળખતા હતા. **અંગ્રેજોના આગમન બાદ તે સરક્રીક તરીકે ઓળખાવા લાગી.** સ્વાતંત્ર્ય પૂર્વે આશરે ૧૯૦૮માં કચ્છ અને સિંધના તત્કાલીન રાજાઓ વચ્ચે ખાડી મુદ્દે શરૂ થયેલો વિવાદ મુંબઈ રાજ્યની સરકાર સમક્ષ રજૂ કરાયો હતો. વર્ષ ૧૯૧૪માં નવી સરહદો બનાવીને નકશો બનાવીને આ સમસ્યાનો ઉકેલ લાવવામાં આવ્યો હતો. ત્યારબાદ ૪૦-૫૦ વર્ષ કશું જ થયું નહીં અને ફરી વર્ષ ૧૯૬૦થી તેનું ભુત ધૂણવા લાગ્યું છે. સ્વતંત્રતા બાદ સિંધ પ્રાંત પાકિસ્તાનમાં જતો રહ્યો અને પાકિસ્તાનને તો જાણે ભાવતું મળી ગયું. સિંધ અને કચ્છના મહારાજાએ નક્કી કરેલી સરહદો પ્રમાણે પાકિસ્તાને આખી ખાડી પોતાની હોવાનો દાવો કર્યો. ભારતનો પ્રસ્તાવ છે કે રિવરલાઈન માટેના ઇન્ટરનેશનલ લૉ પ્રમાણે કચ્છના રણથી ખાડીના મુખ સુધી એક સીધી રેખાને જ સીમા રેખા તરીકે માન્ય કરવી જોઇએ જે પાકિસ્તાનને મંજૂર નથી.

રાજકીય આંટીઘૂંટી ગમે તે હોય એક વાત દીવા જેવી સ્પષ્ટ છે કે ૧૯૬૫ના યુદ્ધ દરમિયાન કચ્છે ઘણા ઘા ઝીલ્યા છે. ભારતના તમામ રાજકીય પક્ષોએ માત્ર પોતાની રાજકીય રોટલીઓ શેકી છે. બાકી **આની રક્ષા આપણા જવાનોએ જ કરી છે. માટે તમામ જવાનોને સલામ.** સરક્રીકના નામે રાજકીય રોટલી શેકવાના હોય તોય કચ્છી પ્રજાને ૯૬ કિ.મી. (૬૦ માઇલ) લાંબી આ બાણગંગા ખાડી માટે ખૂબ ગર્વ છે. લોકવાયકા એવી પણ છે કે શિવ પ્રભુએ બાણ તાકતા સાવ સૂકાભઠ્ઠ રણમાં અહીં પાણીનું ઝરણું ફૂટ્યું હતું. સંરક્ષણાત્મક મહત્ત્વ ધરાવતી સરક્રીકની ઈકોનોમિક વેલ્યુ પણ ખાસ્સી એવી છે. આ વિસ્તારમાં ઓઇલ અને ગેસનો ભંડાર હોવાનું મનાય છે. એક વખત ખાડીની સરહદ નક્કી થાય તો સામુદ્રિક સરહદો ચોક્કસ કરીને એક્સક્લુઝિવ ઈકોનોમિક ઝોન્સની મર્યાદા નક્કી કરી શકાય. એક વખત ઈકોનોમિક ઝોન્સનો વિસ્તાર નક્કી થાય તો કચ્છી પ્રજાના વિકાસ માટે પણ તે આશિષરૂપ સાબિત થશે.

આમ સરક્રીકનો મુદ્દો ભલે કાંટાળો હોય તોય કચ્છ અને કચ્છીઓ માટે એ આન, બાન અને શાનની વાત છે. કચ્છમાં એવા ઘણાય ગામડાં છે કે જ્યાંથી પાકિસ્તાનના ડુંગર લાઈટિંગ નજરે ચડે છે. રાતના સમયે એ લાઈટિંગ જોઈને આશ્ચર્ય અને આનંદ સાથે જ હૃદયમાં કંઈક બળાપો પણ હોય છે. પાકિસ્તાનની સરહદથી સૌથ નજીકનું સ્થળ એટલે જ ઇન્ડિયા બ્રિજ. ઇન્ડિયા બ્રિજથી ૭૦ કિલોમીટર આગળ સુધી એટલે ભારતના છેલ્લા ઓબ્ઝર્વેશન પોઈન્ટ સુધી ભારતીય નાગરિકોને જવાની પરવાનગી આપવામાં આવે છે. ઇન્ડિયા બ્રિજ અને ઇન્ડો પાક બોર્ડરની મુલાકાત લેવા માટે બી.એસ.એફ. બોર્ડર સિક્યોરિટી ફોર્સના હેડક્વાર્ટરમાંથી વિશેષ પરવાનગી લેવાની હોય છે. રાત દિવસ આંખોમાં તેલ નાંખીને આપણી રક્ષા કરતા જવાનો સાથે બંકર ચોકીઓ પણ જોઈ શકાય છે.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૧૫ ઉપર)**

પ્રતિભા

# વિરાટ અને અસીમ આકાશનો સ્પર્શ!



**હરેશ ધોળકિયા**

શનિવારની રાત છે. ટી.વી. પર "સા રે ગ મ પ – લિટલ ચેમ્પ" કાર્યક્રમ ચાલી રહ્યો છે. આમ પણ બીજા રિયાલિટી શો કરતાં સંગીતના કાર્યક્રમોમાં મીઠાશ હોવાથી વધારે ગમે છે. તેમાં પણ નાટક તો હોય જ છે. તે કદાચ અનિવાર્ય છે, છતાં જ્યારે ગાવાનું શરૂ થાય છે ત્યારે બધું ભૂલાઈ જાય છે. અને તેમાં પણ આ તો નાનાં બાળકોનાં સંગીતનો કાર્યક્રમ છે. હમણાં જ હજી 'રાઈઝિંગ સ્ટાર' ખતમ થયો છે. તેની મીઠાશ હજી કાનમાં ગૂંજે છે. પણ આ લિટલ ચેમ્પ તો એવો અદ્ભુત કાર્યક્રમ છે જે આગળના બધા કાર્યક્રમોને ભૂલાવી દે છે. એક એક બાળક ગીતો એવાં તો અદ્ભુત રીતે ગાય છે કે સાંભળતા સાંભળતા આંખમાંથી અશ્રુ વહેવા લાગે છે, રોમાંચ ખડા થઈ જાય છે. કાર્યક્રમમાં ક્યારેક તો મૂળ ગાયક કે કમ્પોઝર આવે છે જે પણ તેમનાં ગીતો સાંભળી હચમચી જાય છે અને કહે છે કે સારું થયું કે તેણે પહેલાં આ ગીત ગાઈ લીધાં, નહિ તો આ બાળકો તેમની પાસેથી ગીતો છીનવી લેત! ક્યારેક તો નિર્ણાયકો પણ સ્તબ્ધ થઈ જાય છે. તેમની આંખોમાંથી પણ આંસુ નીકળી જાય છે અને દોડીને ભેટી પડે છે અને ખૂબ ખૂબ આશીર્વાદ આપે છે. ક્યારેક તો એમ જ લાગે છે કે આ દસ-અગિયાર-બાર વર્ષનાં બાળકો દ્વારા ખુદ ઈશ્વર જ ગાઈ રહ્યા છે. આટલા નાનાં બાળકોમાં આટલી અદ્ભુતતા કેમ હોઈ શકે! ભગવાન જ તેમને માધ્યમ બનાવી ગાઈ રહ્યા લાગે છે. **સુરેશ વાડેકરે** તો કહ્યું જ કે આ બાળકો શાપિત ગંધર્વો લાગે છે.

કાર્યક્રમ શરૂ થાય છે. અચાનક તેના પ્રવક્તા **ઉદિત નારાયણ** જાહેર કરે છે કે આજે **એ.આર. રહેમાન** આવ્યા છે અને રહેમાન પ્રવેશ કરે છે. હોલમાંનું સમગ્ર ઓડિયન્સ ઊભું થઈ જાય છે અને તાળીઓનો ગડગડાટ રૂમમાં પ્રસરી જાય છે. ખુદ નિર્ણાયકો પણ અદબભેર ઊભા થઈ જાય છે. તેમની આંખો ભરપૂર આદરથી રહેમાનને જોઈ રહે છે. ઉદિત તો તેને પગે જ લાગે છે. જ્યાં સુધી રહેમાન બેસતા નથી, ત્યાં સુધી બધા ઊભા રહે છે. પછી ચુપચાપ બેસે છે. આ કાર્યક્રમમાં બીજી વાર આવું બને છે. આગળ **આશા ભોંસલે** આવેલ ત્યારે પણ આવું જ દશ્ય જોવા મળેલ. તેમનો પ્રવેશ થયો અને જાણે શેરીમાં વીજળીનો ઝાટકો વાગ્યો હોય તેમ બધા ઊભા થઈ ગયેલા અને બધાના હાથ જોડાઈ ગયેલા. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન બધા એક સ્વયં શિસ્તથી બેસી રહેલા. બધાની નજર તેમના તરફ જ ખોડાઈ ગયેલ. ગાનારા પણ તેમના તરફ જ જોઈને ગાતા હતા... આજે પણ એવું જ બનવાનું છે તેની ખાતરી થતી હતી. આજે પણ બધા સતત રહેમાનને જ જોયા કરતા હતા. રહેમાનના હોઠ પર ગૂઢ સ્મિત રમતું હતું.

આવું કેમ થતું હશે? કાર્યક્રમમાં તો બીજા પણ અનેકો આવી ગયા હતા. સુંદર અને રૂપાળી **સોનાક્ષી કે શ્રધ્ધા કપૂર** પણ આવ્યા હતાં કે **અર્જુન કપૂર કે વરુણ ધવન** પણ આવ્યા હતા. ત્યારે પણ બધાએ તાળીઓ તો પાડેલી. પણ તે તેમના પ્રત્યે આકર્ષણ હતું. તે તેમનાં હીરો-હીરોઈન હતા. પણ આશાજી કે રહેમાનની વાત જ અલગ છે. તેમાં કેવળ આકર્ષણ નથી તેઓ તો રોલ મોડેલ છે, તેમના આદર્શ છે. શ્રેષ્ઠત્વ કેવું હોય તેના આદર્શ નમૂના છે. જેને અંગ્રેજીમાં 'લીજેન્ડ' કહે છે તે તેઓ છે. એટલે બીજાઓમાં તાળીઓ પડે, પણ આ લોકો આવે ત્યારે તો બધા અદબભેર ઊભા થઈ જાય. સમગ્ર કાર્યક્રમમાં આદરપૂર્વક વર્તે. પોતે કંઈ પણ કરે તો તેમના સામે જોઈ તેમનો સ્વીકાર ઇચ્છે.

અને આજના કાર્યક્રમમાં પણ એવું બન્યું. એક બાળકીએ રહેમાનનું જ ગીત ગાયું. અદ્ભુત ગાયું. બધા ખુશ થઈ ગયા. રહેમાન પણ ખુશ થઈ ગયા. પણ તેમણે બાળકીને એક સૂચન કર્યું કે તે આ રીતે ગાય. બાળકીએ તે રીતે ગીત ગાયું. તેમણે ફરી ગાવા કહ્યું. ફરી ગાયું. ત્યાં જ્યુરીમાં મૂળ ગાયિકા બેઠી હતી. રહેમાને તેની પાસે ગવડાવ્યું. પછી તેની નકલ કરવા કહ્યું. અને જ્યારે તે બાળકીએ તે પ્રમાણે ગાયું, ત્યારે રહેમાને ખૂબ પ્રશંસા કરી. ત્યારે **હિમેશ રેશમિયા**એ તે બાળકીને કહ્યું કે, 'બસ, આ જ ફરક છે. રહેમાન સરે માત્ર સાંભળ્યું જ નહીં, પણ કેમ ગાવું તે પણ શીખવ્યું. પેલી ગાયિકા પાસે ગવડાવી માર્ગદર્શન આપ્યું. બેટી, તું નસીબદાર છો કે આજે તને બે બે જણે માર્ગદર્શન

આપ્યું. રહેમાન સર હોવાનો આ જ ફાયદો. તું સંગીત શીખ અને સમગ્ર સમય દરમ્યાન તને જે શીખવા મળે તે તને બે મિનિટમાં મળી ગયું."

આનું નામ પ્રતિભા. તેની હાજરી, તેમનાં બે ત્રણ વાક્યો, તેમના હાવભાવ જ જબરદસ્ત કેળવણી આપી દે. જ્યારે **અમિતાભ**ની "પા" ફિલ્મ આવી હતી ત્યારે પછીના ઍવોર્ડ સમારંભમાં તેમને એ અભિનય માટે ઍવોર્ડ મળ્યો હતો. અમિતાભ જ્યારે તે ઍવોર્ડ લેવા આવ્યા, ત્યારે **શાહરૂખ ખાને** તેમને વિનંતી કરી કે 'પા'માં જે ખાસ અભિનય હતો તે તેમણે કેમ કર્યો હતો તેની ઝલક બતાવે. અમિતાભે તરત જ બે મિનિટ માટે બધા સામે એ જ રીતે અભિનય કરી બતાવ્યો. એટલો તો અદ્‌ભુત, જીવંત અભિનય કરી બતાવ્યો કે શાહરૂખ જેવો બાદશાહ તેમને પગે લાગ્યો અને બોલ્યો, "માટે તો આપ શહેનશાહ છો." આખું ઓડિયન્સ મંત્રમુગ્ધ થઇ આ અભિનયને જોઈ રહ્યું. બધા આદરપૂર્વક ઊભા થઈ ગયા. ઍવોર્ડ મળ્યો તેની તાળીઓ તો પડી જ હતી, પણ આ અભિનય જોઈ ફરી બધાએ તાળીઓ પાડી. અનેકોની આંખો ભીની થઈ ગઈ. માંડ બધા બેઠા. આનું નામ જ પ્રતિભા.

**પ્રતિભા એટલે તેને જે સોંપાય તે પળમાં અદ્‌ભુત કરી બતાવે.** કદાચ મૂળ કરતાં પણ વધારે સારી રીતે કરી બતાવે. **મહંમદ રફીએ "બૈજુ બાવરા"માં 'દુનિયા કે રખવાલે...'** ગાયેલ. રફીનું તે શ્રેષ્ઠ ગીત. પછી રફી પાકિસ્તાન ગયા. ત્યાં, માની ન શકાય કે ત્યાંના મુસ્લિમોએ તેમને એ જ ગીત ગાવાની ફરમાઇશ કરી. અને રફીએ ગાયું. પણ છેલ્લે જ્યારે 'રખવાલે' શબ્દ ઊંચાને ઊંચા સૂરમાં લઈ ગયા ત્યારે મૂળ ફિલ્મમાં જે ઊંચાઈએ પૂરું કરેલ, તેના કરતાં પણ એક વધુ સૂરે અહીં પૂરું કરેલ. પાકિસ્તાનના મુસ્લિમોની આંખો વરસી પડી હતી. તે ભૂલી ગયા કે રફીએ 'ભગવાન' શબ્દથી ગીત ગાયેલ. પાછું પાકિસ્તાનમાં ગાયું. બસ! તેઓ તો આ મીઠાશથી છલકાતા સ્વરને સાંભળીને રડી પડ્યા. **પ્રતિભા બધી જ સંકુચિતતા ભૂલાવી અને વ્યક્તિને વિશાળતામાં લઈ જાય છે.** એક વિશિષ્ટ ઊંચાઈની અનુભૂતિ કરાવે છે. **'વંદે માતરમ'** અનેકોએ ગાયું છે. પણ **લતાએ, ઓમકારનાથે અને રહેમાને** જે ગાયું છે, તે તદ્દન અલગ છે જે આ ત્રણેની પ્રતિભાને વ્યક્ત કરે છે. આજે આપણને **રફી, મુકેશ, લતા કે મન્ના ડે સતત યાદ આવે છે** કે તેમનાં ગીતો સાંભળવાની ઈચ્છા થયા કરે છે તે તેમની પ્રતિભાને કારણે જ. **રાજ કપૂર**ની ફિલ્મો કંઈ **'બાહુબલી'** જેવી ભવ્ય નથી છતાં વારંવાર જોવાનું મન થાય છે તેનું કારણ તેના એકેએક દશ્યમાં રાજ કપૂરની પ્રતિભાનાં દર્શન થાય છે. આજે પણ **દિલીપ કુમાર**ની નવા અભિનેતાઓ નકલ કરે છે. ખુદ **નસીરુદ્દીન શાહ** જેવા પણ, ત્યારે આપણને દિલીપકુમારની પ્રતિભા સમજાય છે. આજે પણ જ્યારે આપણે **બિસ્મીલ્લાહખાન**ની શહેનાઇ કે **રવિશંકર**ની સિતાર કે **ઝાકીર હુસેન**ના તબલાં કે **અબ્દુલ કરીમખાં સાહેબ**નું સંગીત સાંભળીએ છીએ ત્યારે વર્ષો પહેલાં થઈ ગયેલ હોવા છતાં, આજની પળે પણ આપણને ગદગદિત કરી શકે છે. આપણી આંખોમાંથી આંસુ ખેરવી શકે છે, આપણને કોઈ બીજા જ પ્રદેશમાં લઈ જઈ શકે છે તેનું શું કારણ? કેવળ તેમની પ્રતિભા. પ્રતિભા પોતે તો ભાવવાચક છે, અદશ્ય છે પણ તે આ વ્યક્તિઓની કૃતિમાં પળેપળ પ્રગટ થાય છે. પ્રગટ થઇ વાતાવરણમાં ઢોળાય છે. સાંભળનાર કે જોનારના ચિત્તને હરી લે છે. તેને અકથ્ય મીઠાશથી ભરી દે છે, એક રોમાંચથી ભરી દે છે. ક્રિકેટમાં રસ ન લેનાર પણ **વિરાટ કોહલી**ની બેટિંગ જોવા કેમ તૈયાર થાય છે? રમતમાં રસ ન લેનાર પણ **સાઇના નહેવાલ** કે **સાનિયા મિર્ઝા** કે **સાક્ષી**ની રમતને કેમ જુએ છે? તત્ત્વજ્ઞાનમાં જરા પણ રસ ન હોય તે પણ રજનીશ - ઓશોને સાંભળવા કે વાંચવા કેમ ઉત્સુક થઈ જાય છે?

જેના તરફ પણ ખેંચાણ થાય ત્યારે સમજવાનું કે તેનું કારણ કેવળ પ્રતિભા હશે અને પ્રતિભાનું લક્ષણ એ હશે કે તેનો સંબંધ કોઈ જાતિ, પ્રદેશ, ભાષા, ધર્મ — કોઈ સાથે નહીં હોય. ભલે કોઇ જાતિ કે ધર્મને ધિક્કારતા હશું, પણ તે જ ધર્મના પ્રતિભાશાળીને સાંભળવા - મળવા તત્પર હશું. ભારતમાં મુસ્લિમ પ્રત્યે જબરો દ્વેષ ચાલે છે છતાં **અબ્દુલ કલામ**નું નામ આવે ત્યારે સમગ્ર ભારત તેને આદર આપે છે. રહેમાનનું ગીત આવે છે ત્યારે પળભર દ્વેષ અદશ્ય થઈ જાય છે. રંગદ્વેષમાં માનતા અમેરિકનો પણ ઓબામાને આદરથી જોતા હતા. ગાંધીને તો સમગ્ર વિશ્વ પ્રેમ કરે છે.

પ્રતિભા વૈશ્વિક, ત્રિકાલીન છે, અસીમ છે, આકાશ જેવી વિશાળ અને વિરાટ છે. તે ગમે ત્યાં હોય, પણ તેની હાજરી પણ, તેનો સ્પર્શ પણ, અરે, તેની સ્મૃતિ પણ કોઈને પણ હચમચાવી નાખે છે. પળમાં વિશાળ કરી નાખે છે. આજીવન તેના પ્રેમી બનાવી દે છે.

જીવનનો હેતુ જ શરૂમાં આવા પ્રતિભાવાનોનો સીધો કે પરોક્ષ સત્સંગ કરવાનો છે. અને પછી, ઇચ્છા હોય તો, અને હોવી જ જોઈએ, એવા જ પ્રતિભાવાન બનવાનો હોવો જોઈએ.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૩૨ ઉપર)**

દિશા સૂચન

# પ્રગતિ આ રીતે પણ થઈ શકે – (૧)



અશોક મહેતા

*ભારતમાં ઉચ્ચ ડિગ્રી ધારક યુવાવર્ગ મોટાભાગે બેકાર છે. તેમના માટે કામધંધા અથવા તો નોકરીની તકો કેવી રીતે ઊભી કરી શકાય તથા ગામડાંની વ્યક્તિ માટે ઓછી મૂડી રોકાણથી કામધંધાની સ્થિતિ કેવી રીતે ઊભી કરી શકાય તેનું દિશાસૂચન પ્રસ્તુત લેખમાંથી મળે છે.*

જોબ ક્રિએશન એ આપણા દેશમાં મોટો પ્રશ્ન છે. ભણેલા ગણેલા લોકો કામ વગર બેકાર રહેવા પામેલ છે. તેની વિગતો અવારનવાર વર્તમાનપત્રોમાં આવતી રહે છે. સરકારશ્રીના શિક્ષણ ખાતામાં, પોલીસ વિભાગમાં કે અન્ય કોઇ ડિપાર્ટમેન્ટમાં ૫૦ ખાલી જગ્યાની સામે ૧૦,૦૦૦ અરજીઓ આવતી હોય તો તેનાથી પરિસ્થિતિનો અંદાજ આવી શકે છે. પરંતુ આ હકીકત માત્ર ભણેલા ગણેલા વર્ગ તરફ અંગૂલી નિર્દેશ કરે છે. ઓછા અભ્યાસવાળા અને ગામડાંમાં રહેતા યુવકની તો તેનાથીયે વધુ બદતર પરિસ્થિતિ રહેવા પામેલ હશે.

મુંદ્રા સ્થિત શ્રી અશ્વિનભાઇ ઝીંઝુવાડિયાનો અભિપ્રાય છે કે ખેતી અને પશુપાલન તેના અનેક ઉપાયોમાંનો એક ઉપાય છે. **જો ખેતી અને પશુપાલનના વ્યવસાયને અપનાવવામાં આવે,** આ વ્યવસાયને વિકસાવવામાં આવે તો આપણે ઠેર ઠેર અનેક લોકોના જીવન નિર્વાહના સાધનો પેદા કરી શકીએ. તદુપરાંત આ વ્યવસાયના અપ્રત્યક્ષ ફાયદાઓની વાત કરીએ તો તેના હિસાબે ડેરી ઉદ્યોગ, ખાદ્યપેદાશ જેવા ઉદ્યોગો, ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ જેવા અન્ય વ્યવસાયોમાં પણ વિકાસ સાધી શકીએ. તેનાથી લાખો લોકોના જીવન નિર્વાહના પ્રશ્નોનો ઉકેલ સાધી શકાય.

બરાબર આ ભાવનાને લક્ષમાં રાખીને ગામડાંઓને બેઠા કરવાના ધ્યેય થકી **છેલ્લા ૧૫-૨૦ વર્ષથી એક વ્યક્તિ કચ્છમાં કાર્ય કરી રહેલ છે** અને પોતાનાથી શક્ય મદદ કરીને પશુપાલન, ખેત તલાવડી, ગામના તળાવો ઊંડા કરાવવા કે અગરિયાઓને પ્રોત્સાહન આપી તેઓને પગભર કરવા વગેરે પ્રકારના અનેક કાર્યો હાથ પર લઈ તેને સફળતાપૂર્વક પાર પાડવાનું જીવન ધ્યેય બનાવી આગળ વધી રહેલ છે. તેની પાછળ જોઈતા નાણાંનું રોકાણ પણ તેઓશ્રી જાતે કરે છે. કેટલીક પરિસ્થિતિમાં બેંક પાસેથી વ્યાજે નાણાં અપાવે છે અને તેની સામે તેટલા જ એમાઉન્ટની રકમ ગેરંટી સ્વરૂપે બેંકમાં જમા રાખે છે જેથી કરીને બેંકને નાણાંનું ધીરાણ કરવામાં હિચકિચાટ ના થાય અને વ્યાજે નાણાં લેનાર પર તે નાણાં પરત કરવાનું દબાણ રહે. કેટલીક પરિસ્થિતિમાં જરૂરિયાત અનુસાર તેઓ બાર મહિને ૧ ટકાના ટોકન વ્યાજે પણ નાણાં ધીરે છે. પરંતુ બિલકુલ મફતમાં કે વિના વ્યાજે કોઈ એમાઉન્ટ ધીરાણ ન કરવાનું કારણ, જે તે વ્યક્તિ તેને કરવામાં આવેલ મદદ માટે સજાગ રહે અને નક્કી કર્યા મુજબના હપ્તાથી તે નાણાં પરત કરે.

આપણે વાત કરીએ છીએ કચ્છના માંડવી શહેરના વતની પરંતુ હાલે દાદર – મુંબઈ સ્થિત **શ્રી ગુણવંત મગનલાલ શાહની.**

તેઓશ્રીના પશુઉછેરના એક કાર્યની વાત કરીએ તો તેમણે કચ્છના નખત્રાણા અને અબડાસા તાલુકાની એક મહિલા સંસ્થા **"સહિયર જો સંગ"**નો સહકાર મેળવી કચ્છના છેક પશ્ચિમ કિનારે આવેલા માતાના મઢથી ૯ કિ.મી. દૂર આવેલ **'મેવાનગર'** ગામ પર પસંદગી ઉતારી. અહીં મોટાભાગની વસ્તી સોઢા રાજપુતોની છે. ગામમાં સ્થાનિક ૭૬ પરિવાર રહે છે. અમુક નીતિ નિયમોને આધીન રહીને દરેક પરિવારને વધુમાં વધુ ૫ ગાયો વસાવી આપી અને ત્યારબાદ તેને લગતી આનુષંગિક વ્યવસ્થાઓ પણ ગોઠવી આપી. ૭૬ પરિવાર માટે આ રીતે ૨૨૪ ગાય (ઓછામાં ઓછા ૮ લિટર દૂધ આપે તેવી) વસાવવા માટે ટોટલ ધીરાણ રૂા. ૩૦,૨૫,૦૦૦નું બેંક દ્વારા ૧૨ ટકાના વ્યાજે કરાવડાવ્યું કે જેની સામે ગેરંટી સ્વરૂપે પોતાની તેટલી જ એમાઉન્ટ બેંકમાં જમા કરાવી. નક્કી કર્યા મુજબ હપ્તા સ્વરૂપે આ રકમ બેંકમાં આ પરિવારો તરફથી નિયમિતપણે જમા કરાવવામાં આવે છે કે જે આ પ્રોજેક્ટની મોટી ઉપલબ્ધિ કહી શકાય. ગામમાં ઉત્પન્ન કરવામાં આવેલ દૂધને ડેરીમાં મોકલાવવાની વ્યવસ્થા કરવામાં આવી. અગાઉ જ્યાં એક લિટર દૂધના ૮થી ૧૦ રૂપિયા ઉપજતા હતા ત્યાં

આ પરિવારોને ૧ લિટર દૂધના રૂા. ૧૫થી ૨૦ (ફેટના ધોરણે) ઉપજવાના શરૂ થયા. દરેક કુટુંબની આવક વધી જવાથી મેળવેલ ધીરાણ હપ્તાવાઇઝ પરત ચૂકવી શકાય છે. સમગ્ર ગામ પગભર થવાના રસ્તે આગળ વધી રહેલ છે.

ગામના પશુઓ માટે જોઈતું જરૂરી ખાણ દાણ જો જથ્થાબંધ ભાવે ખરીદી સીઝન પૂરતું ભરી શકાય તો ખાણ-દાણની કિંમતમાં સારો એવો ઘટાડો થઈ શકે. તે માટે સહકારી મંડળીની રચના કરી ગુણવંતભાઈએ રૂા. ૭ લાખની વગર વ્યાજની લોન આપી. ખાણ દાણ જથ્થાબંધ ભાવે ખરીદાયું. પરિવારોને તેથી સારો એવો ફાયદો થયો. ગુણવંતભાઈને લોન પરત પણ મળી ગઈ.

ત્યારબાદ દરેક ઘરમાં ગોબર ગેસ પ્લાન્ટ આવે તેવા આયોજનો વિચારાયા. એક ગોબર ગેસ પ્લાન્ટની કિંમત રૂા. ૩૧,૦૦૦/- જેવી થાય છે. કે જે સામે સરકારશ્રીની સબસિડી રૂા. ૧૫,૦૦૦/- થી રૂા. ૧૯,૦૦૦/- મળવાપાત્ર છે. બાકી રહેતા નાણાં ગુણવંતભાઈએ ધીર્યા. અત્યાર સુધી ૭ ઘરમાં ગોબર ગેસ પ્લાન્ટ આવી ગયેલ છે. બાકી રહેતી કાર્યવાહી પ્રગતિમાં છે. ખૂબીની વાત એ છે કે ઉપરોક્ત પરિવારમાંથી એક પણ પરિવારે આ લોન વગર વ્યાજે લેવાની માંગણી કરેલ નથી. દરેક પરિવાર સક્ષમ થતો જાય છે. ગોબર ગેસ પ્લાન્ટથી દીવા-બત્તી થઈ શકે છે. લાકડાંનો વપરાશ બંધ થવાથી પર્યાવરણીય ફાયદો થાય છે અને ગોબરમાંથી ગેસ બન્યા પછી વેસ્ટનો બેસ્ટ ઉપયોગ પણ કરવામાં આવે છે.

તેઓશ્રીની બીજી એક યોજના છે. દરેક ગામમાંથી એવી ૩ વ્યક્તિ શોધવી કે જેઓ આર્થિક રીતે બિલકુલ સક્ષમ ના હોય. ઓછામાં ઓછું ૮ લિટર દૂધ આપે તેવી એક-એક ગાય કે જેની કિંમત રૂા. ૧૫,૦૦૦/-ની આસપાસની હોય, તેવી ગાય ખરીદવા દરેક પરિવારને રૂા. ૧૫,૦૦૦/- સુધીની સબસિડી આપવી કે જેની કિંમત ક્યારે પણ પરત લેવાની ન હોય. દરેક ગામમાં આ પ્રકારની વધુમાં વધુ ૩ વ્યક્તિની પસંદગી કરવી. દરેક પરિવાર તથા દરેક ગામને પગભર કરવા આ યોજના અનેક કારણોસર હાલે અમલમાં નથી.

ખાણદાણ જથ્થાબંધ ભાવે ખરીદાય તો ખેડૂતોને ખૂબ જ સસ્તું પડે છે. તે માટે જે ગામ જથ્થાબંધ ભાવે ખાણદાણ ખરીદવાની ઇચ્છા ધરાવતા હોય તેમણે સહુ પ્રથમ તો સહકારી મંડળીની સ્થાપના કરવી પડે અને એ સહકારી મંડળી જો આ યોજનામાં આગળ વધે તો તે સહકારી મંડળીને વાર્ષિક માત્ર ૧ ટકાના ટોકન વ્યાજથી જરૂરિયાતની રકમનું ધીરાણ કરવા ગુણવંતભાઈ સદાયે તત્પર રહે છે. અંજાર તાલુકાના ધમડકા ગામે આ લોન ગુણવંતભાઈ પાસેથી મેળવેલ છે. અન્ય ગામો પણ આ બાબત આગળ વધી રહેલ છે. તેઓશ્રીની આ ઑફર કચ્છના કોઈ પણ ગામ માટેની છે.

ગામેગામ દુષ્કાળની પરિસ્થિતિના સમયે ઢોરવાડા ખોલવા અંગે પણ તેઓશ્રીએ વિચારી રાખેલ છે. તે માટે ગામના લોકોએ સહુપ્રથમ તો સહકારી મંડળીની રચના કરવાની રહે છે. સહકારી મંડળી જરૂરી ઘાસ જથ્થાબંધ ભાવે ખરીદે. સરકારશ્રી તરફથી દરેક ઢોર માટે દરેક દિવસ દીઠ રૂા. ૨૫/-ની સબસિડી આપવામાં આવે છે. સરકારશ્રીની શરત એ છે કે આ યોજનાનો લાભ લેવા દરેક સહકારી મંડળી પાસે ખાતામાં જમા બેલેન્સ રકમ ઓછામાં ઓછા રૂા. ૩.૫૦ લાખની રહેવી જોઈએ. ગામડાંના ખેડૂતોથી જાતે એ રોકાણ કરવાનું શક્ય ના હોવાથી ગુણવંતભાઈ આ પ્રકારની રૂા. ૩.૫૦ લાખની રકમનું ધીરાણ દરેક સહકારી મંડળીને ૧ વર્ષના ટોકન માત્ર ૧ ટકાના વ્યાજથી કરે છે. અત્યાર સુધી બે ગામોએ આ રકમ તેમની પાસેથી મેળવી લીધેલ છે. ૧૦-૧૨ ગામો માટે આ વિગત પ્રગતિમાં છે.

અભિયાનની સેતુ સંસ્થાના ડાયરેક્ટર મનીષ આચાર્ય, ગુણવંતભાઈની કચ્છની પ્રવૃત્તિઓનું સંપૂર્ણ સંચાલન કરે છે. તેટલું જ નહીં, પરંતુ તેઓશ્રી ગુણવંતભાઈને દરેક પ્રકારના કાર્યક્રમમાં પૂરેપૂરું માર્ગદર્શન આપે છે અને તેથી જ ગુણવંતભાઈની પ્રવૃત્તિઓ દીપી ઊઠે છે.

ગુણવંતભાઈ પૈસાપાત્ર છે. જરૂરિયાતની રકમનું ધિરાણ કરવાનો નિર્ણય તેમણે જાતે જ કરવાનો હોય છે. દિલ અને દિમાગમાં કચ્છના ગામડાંઓને પગભર કરવાની ભાવના છે. સાથે સાથે ગામડાંના લોકો સ્વમાનભેર જીવી શકે, કોઈ પાસે જરૂરી રકમ માટે હાથ લાંબો કરવા મજબૂર ના બને અને એ રીતે તેઓ આગળ વધે તેવી તેઓશ્રી ખેવના સેવે છે અને આપણને નવાઈ લાગશે કે તેમની યોજનામાં એક પછી એક ગામ જોડાતા જાય છે અને પોતાની રોજિંદી આવક સ્વમાનભેર વધારતા જાય છે.

ભારતના ગામડાંના છેવાડાના માનવી સુધી જોબ ક્રિએશન ઓછામાં ઓછા મૂડી રોકાણથી આ રીતે પણ કરી શકાય તેની રાહ ગુણવંતભાઈ આપણને સારી રીતે ચીંધે છે. ગુણવંતભાઈ જોબ ક્રિએશન કરે છે, લોકોને સ્વમાનભેર જીવવાના રસ્તે દોરી જાય છે, ગામડાંઓને સ્વાશ્રયી બનાવવા પ્રયત્ન કરે છે, ગામડાંઓમાં સાચી દિશાનું સમાજવાદ લાવવા મથામણ કરે છે. ગુણવંતભાઈને અભિનંદન આપીએ તેટલા ઓછા છે.

આ તો ગુણવંતભાઈના માત્ર એક દિશાના કાર્યની વાત થઈ. અન્ય કાર્યો માટે આપણે હવે પછીના લેખમાં વાંચીશું.

***(ક્રમશઃ)***

અતીતમાં નજર

અતીતની અટારીએથી-૪

# મુસ્લિમોને રાષ્ટ્રીય પ્રવાહમાં જોડાવા માટે આહ્‌વાન....

• બદરુદ્દીન તૈયબજી •

આપણે અગાઉ જોયું કે લોર્ડ હ્યુમની પહેલથી શરૂ થયેલી કોંગ્રેસના પ્રારંભિક સંમેલનમાં મુસલમાન પ્રતિનિધિત્વ જૂજ રહ્યું. આ પરિસ્થિતિમાં સુધારો લાવવા માટે કોંગ્રેસના ત્રીજા સંમેલનની બેઠકના પ્રમુખ તરીકે બદરુદ્દીન તૈયબજીને ચુંટવામાં આવ્યા. ડિસેમ્બર ૨૭, ૧૮૮૭ના રોજ મદ્રાસ ખાતે યોજાયેલી કોંગ્રેસના સંમેલનની ત્રીજી બેઠકના પ્રમુખ સ્થાનેથી બદરુદ્દીન તૈયબજીએ આપેલા વક્તવ્યને આ કડીમાં આવરી લેવામાં આવ્યું છે. આ વક્તવ્ય દ્વારા તૈયબજી ભારપૂર્વક મુસ્લિમોને કોંગ્રેસમાં સામેલ થવા સલાહ આપે છે, પરંતુ તેની ઝાઝી અસર થઈ નહીં (વક્તવ્ય પછીની નોંધ વાંચશો)

## વક્તાનો પરિચય :

*બદરુદ્દીન તૈયબજી ઓક્ટોબર ૧૦, ૧૮૪૪ના રોજ મુંબઈ ખાતે જન્મ્યા. ઈંગ્લેન્ડમાં શિક્ષણ પામ્યા અને ૧૮૬૭માં મિડલ ટેમ્પલમાંથી કાયદામાં સ્નાતક થયા. અંગ્રેજી ઉપરાંત તેઓ લેટિન, ફ્રેંચ, અરેબિક અને પર્શિયન શીખ્યા. તેઓએ મુંબઈમાં વકીલાત શરૂ કરી અને ઘણા સફળ થયા. ૧૮૯૫માં તેઓ જજ (ન્યાયાધીશ) બન્યા અને બોમ્બે હાઈકોર્ટમાં મુખ્ય ન્યાયાધીશ બનનારા પ્રથમ હિંદી હતા. તેઓએ પોતાના ભાઈ કમરુદ્દીનની સાથે મળીને ઈસ્લામી હેતુઓને પ્રોત્સાહન આપવા માટે અંજુમન-એ-ઈસ્લામની સ્થાપના કરી. તેઓને પાંચ પુત્રો અને આઠ પુત્રીઓ થયાં અને તે સૌનું શિક્ષણ ઈંગ્લેન્ડમાં થયું. તેઓનું મૃત્યુ સપ્ટેમ્બર ૧૯૦૬માં થયું.*

## વક્તવ્ય

સજ્જનો, નસીબજોગે ૧૮૮૫માં બોમ્બે ખાતે યોજાયેલી કોંગ્રેસના સંમેલનની પ્રથમ બેઠકમાં હું હાજર ન હતો તેમજ ગયે વર્ષે કલકત્તા ખાતે યોજાયેલી કોંગ્રેસની બીજી બેઠકની ચર્ચા વિચારણામાં પણ હું હિસ્સો લઈ શક્યો ન હતો. પરંતુ આ બંને બેઠકોના કામકાજની નોંધ હું કાળજીપૂર્વક વાંચી ગયો છું અને જરા પણ ખચકાટ વગર આપણે ગર્વથી કહી શકીએ કે તેમાં સુઝબુઝ, શાણપણ અને વાક્છટા સ્પષ્ટ જણાય છે.

### ● કોંગ્રેસ અને મુસલમાનો :

એક મોટી અને મહત્ત્વની એવી મુસ્લિમ કોમ છેલ્લા બે કોંગ્રેસ સંમેલનથી અળગી રહી તે મુદ્દે એમ કહેવાઇ રહ્યું છે કે આમ, આ કોંગ્રેસ, આખા રાષ્ટ્રનું પ્રતિનિધિત્વ કરવામાં ઉણી ઉતરી છે. પહેલી વાત એ કે આ માત્ર આંશિક સાચું છે અને કેટલાંક ચોક્કસ સ્થાનિક ખાસ હંગામી કારણોસર આ હકીકત માત્ર હિંદના એક જ ભાગ પૂરતી મર્યાદિત રહી છે. બીજી વાત એ કે અત્યારે આ કોંગ્રેસ સંમેલનને વાજબીપણે આ મુદ્દે દોષપાત્ર ઠેરવી શકાય એમ નથી. તમારી સમક્ષ પ્રામાણિકપણે મારે કબૂલવું જોઈએ કે મારી અત્યારની તબિયત સાથે આ સભાના અધ્યક્ષ તરીકેની જવાબદારી સંભાળવાનો મારો મોટો હેતુ એ સિધ્ધ કરવાની તીવ્ર ઈચ્છા ખરી કે મારી વ્યક્તિગત ક્ષમતામાં તથા અંજુમન-એ-ઈસ્લામ, મુંબઈના પ્રતિનિધિ તરીકે, આપણા સૌના સહિયારા લાભ માટે જે કોઈ સુધારા અને અધિકાર પ્રાપ્ત કરવા માટે હિંદુ, મુસ્લિમ, પારસી કે ખ્રિસ્તી કોમોએ, તેઓની નેતાગીરીએ, હળીમળીને કામ કરવું ઘટે. જેથી સર્વાનુમતે ગંભીર સંકલ્પ સાથે સરકાર પર તે માટે ખાતરીપૂર્વક જરૂરી દબાણ લાવી શકાય.

સજ્જનો, બેશક આપણા હિંદની દરેક મોટી કોમે પોતપોતાની વિશેષ સામાજિક, નૈતિક, શૈક્ષણિક અને રાજકીય મુશ્કેલીઓને પાર પાડવાની છે. જ્યાં સુધી આખા હિંદને અસર કરતા સર્વ કામોને સંબંધિત રાજકીય સવાલો પર આ કોંગ્રેસ વિચારણા કરે છે ત્યાં સુધી, હું સમજી શકતો નથી કે શા માટે મુસલમાનોએ હિંદની બીજી બધી કોમો સાથે ખભેખભા મેળવીને સૌના હિત માટે કામ ન કરવું જોઈએ!

### ● શિક્ષિત હિંદીઓની કોંગ્રેસ

સજ્જનો, આપણી વફાદારીને બટ્ટો લગાડવાના આશયથી એવું કહેવાઇ રહ્યું છે કે કોંગ્રેસ તો કહેવાતા શિક્ષિત હિંદીઓની બનેલી છે. હવે જો આવું કહેવાનો આશય એમ હોય કે સામાન્ય લોકો, અમીર વર્ગ અને કુલીન વર્ગ આપણાથી અળગા રહ્યા છે અને કોંગ્રેસ એ માત્ર શિક્ષણનો ધજાગરો ફરકાવતા લોકોનું ટોળું છે, તો તે વાતને હું સદંતર નકારું છું. જે કોઈ આવી વાત કહે છે તેમને હું કહીશ : મારી સાથે આ સભાખંડમાં આવો અને ચારેબાજુ જુઓ, અને મને કહો કે આ ખંડની બહાર કુલીન વર્ગનું આથી વધુ પ્રભાવી પ્રતિનિધિત્વ તમે ક્યાંય પણ જોયું છે? માત્ર જન્મજાત કે

ધનવૈભવતાના ધોરણે જ નહીં, પરંતુ બુદ્ધિ, શિક્ષણ અને પદવીના ધોરણે આ હકીકત છે. પરંતુ સજ્જનો, જો આવું કોઈ ગર્ભિત સૂચન આ વાતમાં ન હોય, તો હું ખુશ છું કે આ કોંગ્રેસ શિક્ષિત હિંદીઓની બનેલી છે.

હું શિક્ષિત તરીકે ઓળખાવા ઉપરાંત હિંદના વતની તરીકે ઓળખાવામાં ગૌરવ અનુભવું છું. અને સજ્જનો, મારે એ જાણવું છે કે રાણીના શાસન તળેની કરોડોની હિંદની પ્રજામાંથી આ શિક્ષિત હિંદીઓ કરતાં વધુ સાચા વફાદાર અને બ્રિટીશ સામ્રાજ્યના વધુ સમર્પિત મિત્રો બીજે ક્યાં મળવાના છે. બ્રિટીશ સરકારના સાચા અને સહૃદયી મિત્ર બનવા માટે જરૂરી છે કે આ સરકારે જે મહાન સુખશાંતિ આપ્યા છે તે બરાબર સમજીને તેની પ્રશંસા કરી શકે. કોણ આ વાત બરાબર સમજી શકે - અભણ અજ્ઞાની ખેડૂતો કે શિક્ષિત હિંદીઓ? ઉદાહરણ તરીકે સારા રસ્તાઓ, રેલવે, તાર - ટપાલ સેવા, શાળા, કૉલેજો, વિદ્યાપીઠો, હોસ્પિટલો, સારા કાયદા-કાનૂન અને તટસ્થ ન્યાયાલયોની કોણ સારી પ્રશંસા કરી શકે - શિક્ષિત હિંદીઓ કે અભણ અજ્ઞાની ખેડૂતો?

- **શું શિક્ષિત હિંદીઓ બેવફા છે?**

ના, સજ્જનો, આપણા વિરોધીઓએ ભલે જે કહેવું હોય તે કહે, આપણે, શિક્ષિત હિંદીઓ, આપણા શિક્ષણના જ જોરે, એક જાણકાર સભ્ય શાસનના લાભના ઉત્તમ પ્રશંસક હોઈ શકીએ અને તેથી જ આપણા પોતાના જ હિતમાં હિંદમાં બ્રિટીશ શાસનના ઉત્તમ અને વફાદાર સમર્થક હોઈ શકીએ.

- **કોંગ્રેસ અને સામાજિક સુધારા**

હવે આપણી ચર્ચા વિચારણા અને કાર્યવાહી અંગે વાત. ભારપૂર્વક એવી વિનંતી કરવામાં આવી છે કે કોંગ્રેસની કાર્યવાહીમાં સામાજિક સુધારાના સવાલને ચર્ચવામાં ન આવે. આ બાબત અંગે ગયા વર્ષની કોંગ્રેસના અધ્યક્ષ અને મારા મિત્ર **દાદાભાઈ નવરોજી** પૂરેપૂરી છણાવટ કરી ચૂક્યા છે. આ વાંધા વિષે મારે આશ્ચર્ય સાથે કહેવું પડે છે કે આ કોંગ્રેસ કોઈ એક વર્ગ કે કોમની પ્રતિનિધિ નથી કે કોઈ એક જ પ્રદેશનો પણ પ્રતિનિધિ નથી. પરંતુ જુદા જુદા બધા જ પ્રદેશ, વર્ગ અને કોમના પ્રતિનિધિઓ કોંગ્રેસમાં છે. સામાજિક સુધારાનો કોઈ પણ સવાલ હિંદના કોઈ ચોક્કસ પ્રદેશ કે કોમને સંબંધિત હોવો જોઈએ. જે રીતે આપણા હિંદુ અને પારસી મિત્રો સમક્ષ તેઓના ચોક્કસ સામાજિક સવાલો ઉકેલ માંગે છે તે જ રીતે અમારા મુસ્લિમો સમક્ષ પણ ઉકેલ માંગતા સામાજિક સવાલો છે. આ સવાલો સંબંધિત કોમની નેતાગીરીએ ઉકેલવા પ્રયત્ન કરવો જોઈએ અને એ જ એનો ઉત્તમ રસ્તો છે. તેથી મને લાગે છે કે, એકમાત્ર શાણો અને શક્ય રસ્તો એ છે કે આપણી ચર્ચા વિચારણા આખા હિંદને સ્પર્શતા સર્વસામાન્ય સવાલો સુધી મર્યાદિત રાખવી અને કોઈ એક ચોક્કસ પ્રદેશ અથવા કોમને સંબંધિત સવાલોથી દૂર રહેવું.

- **કોંગ્રેસ સમક્ષના વિષય :**

સજ્જનો, અત્યારે, આપની સમક્ષ ચર્ચા વિચારણા માટે રજૂ કરવામાં આવનારી જુદી જુદી સમસ્યાઓ અંગે હું કશું કહેવા માંગતો નથી. મને ખાતરી છે કે બધા સવાલો એ રીતે ચર્ચવામાં આવશે કે જે આપણને પ્રતિષ્ઠા અપાવે. હું માત્ર આટલું જ કહીશ : મર્યાદામાં રહીને માંગણી કરજો, ટીકા ટીપ્પણીમાં ન્યાયપૂર્ણ વિવેક દાખવજો, ચોક્સાઈપૂર્વક હકીકતનું નિરૂપણ કરજો, તાર્કિક નિર્ણયો પર આવજો; તો પછી ખાતરી રાખજો કે તમે કરેલી કોઈપણ દરખાસ્ત આપણા શાસક ઉદારવૃત્તિથી વિચારશે.

**નોંધ :**

**કોંગ્રેસના સંસ્થાપક એલન ઓક્ટેવિયન હ્યુમના** પ્રયત્નોને કારણે કોંગ્રેસ હવે ધીરે ધીરે આકાર લઈ રહી હતી. દર વર્ષે તેમાં સામેલ થતા પ્રતિનિધિઓની સંખ્યા વધતી જતી હતી. પરંતુ બદરુદ્દીન તૈયબજીએ કોંગ્રેસના ત્રીજા સંમેલનના અધ્યક્ષ સ્થાનેથી કરેલા આગ્રહ ચર્ચા આહ્‌વાન છતાં મુસ્લિમો ન તો કોંગ્રેસમાં સામેલ થયા કે ન કોંગ્રેસના સંમેલનમાં હાજર રહ્યા, કારણ શું?

મુસ્લિમ કોમના પ્રભાવી અગ્રણી એવા **સર સૈયદ એહમદ ખાન** પોતાના ભાષણો તથા લખાણોથી મુસલમાનોને કોંગ્રેસથી અળગા રહેવાની તાકીદ કરતા હતા. ત્યાં સુધી કે તૈયબજીને ત્રીજા કોંગ્રેસ સંમેલનનું અધ્યક્ષપદ સ્વીકારવા માટે ઠપકો પણ આપ્યો. આથી તૈયબજીએ હતાશ થઈને હ્યુમને લખ્યું : 'જુદી જુદી કોમ અને પ્રદેશો વચ્ચે એકતા સાધવાનો કોંગ્રેસનો હેતુ નિષ્ફળ રહ્યો છે અને અગાઉ કદી ન હતા એટલા મુસલમાનો હિંદુઓથી વધારે અળગા થયા છે. આ બે કોમો વચ્ચેની ખાઈ દિવસે ને દિવસે વધુ ને વધુ પહોળી થઈ રહી છે.' સાથે સાથે તેઓએ કોંગ્રેસને પાંચ વર્ષ માટે સ્થગિત કરી દેવા માટે સૂચવ્યું. તૈયબજીએ તેમનું શેષ જીવન મુસ્લિમોમાં એકતા લાવવા માટે હોમી દીધું. પોતાના ઈસ્લામિક ચરિત્રના પ્રમાણ પેટે તેઓએ તથા તેઓના કુટુંબે પોતાની માતૃભાષા ગુજરાતી છોડીને ઉર્દુનો ઉપયોગ શરૂ કર્યો. આ રીતે કોંગ્રેસને હિંદના બધા જ સામાજિક વર્ગોની પ્રતિનિધિ સભા બનાવવાના હ્યુમના પ્રયત્નો આંશિક સફળ રહ્યા. હવે પછીની આગલી કડીમાં આપણે સર સૈયદ અહમદખાન અને તેઓના વક્તવ્ય તથા વિચારો પર વાત કરીશું.

*ભાવાનુવાદ : ભરત ભટ્ટ (૯૯૦૯૯ ૧૦૦૯૨)*

સમાજની ક્ષિતિજો

# પતંગ અને સંબંધમાં જેટલા સાંધા હોય એટલા જ વાંધા હોય



ભોલાભાઈ ગોલીબાર

એક વખત એક ભિખારી રાજા પાસે ગયો. રાજાએ ભિખારીને કંઈ આપવાની ઈચ્છા વ્યક્ત કરી. ભિખારીએ રાજા સામે શરત મૂકતાં કહ્યું, 'મહારાજા, હું તમારી પાસેથી ત્યારે જ કંઈક લઈશ જ્યારે તમે મારી એક શરત પૂરી કરશો.'

રાજાએ નવાઇ સાથે કહ્યું, 'શું છે તારી શરત?'

ભિખારીએ કહ્યું, 'હું ત્યારે જ તમારી પાસેથી કંઈ લઈશ જ્યારે તમે આ વાટકાને પૂરેપૂરો ભરી દેશો.'

રાજાએ કહ્યું, 'તને શું લાગે છે, હું આ નાનકડી વાટકીને નહીં ભરી શકું. તું એ ન ભૂલ હું એક રાજા છું.'

ભિખારીએ કહ્યું, 'રાજા, શાંતિથી વિચારી લો, પછી પસ્તાવું પડશે.'

રાજાને ભિખારીની વાત પર હસવું આવ્યું. એણે મંત્રીને બોલાવ્યા અને ભિખારીના વાટકાને અનમોલ રત્નોથી ભરી દેવા કહ્યું. નવાઈની વાત તો એ હતી કે જ્યારે પણ વાટકો ભરાતો ત્યારે એમાં પડેલો સામાન ગાયબ થઈ જતો. આવું કેટલીયે વખત થયું.

આ બધું જોઈ રાજાને ગુસ્સો ચઢ્યો. તેમ છતાં એણે પોતાના પર કાબૂ રાખતા કહ્યું, 'ભલે, આખું રાજ્ય જતું રહે પણ હું આ વાટકાને ભરવાનું બંધ નહીં કરું. હું આ ભિખારીથી હારવા નથી માંગતો.'

ખજાનો ખાલી થઈ રહ્યો હતો. મહિના વીતી ગયા. ભિખારી ત્યાં જ હતો. કોઈને કંઈ સમજાતું નહોતું કે આખરે થઈ શું રહ્યું છે. આખરે રાજાએ હારી-થાકીને ભિખારીની માફી માંગી અને એના પગે પડી ગયો. રાજાએ ભિખારીને કહ્યું, 'મને માફ કરી દો. પણ પહેલા આ વાટકાનું રહસ્ય બતાવી દો.'

ભિખારી જોરથી હસવા લાગ્યો. એ બોલ્યો, **'આ પાત્ર મનુષ્યની ઇચ્છાઓથી બનેલું છે. દરેક વસ્તુ એમાં સમાઇ જાય છે. કોઈ વસ્તુ એને સંતુષ્ટ નથી કરી શકતી.** મોટામાં મોટું રાજ્ય આપી દો પણ આ ખાલી જ રહેશે. દરેક વસ્તુ એમાંથી ગાયબ થઈ જશે. **સિકંદર** ખાલી હાથે ગયો, **નેપોલિયન** પણ ગયો, **એડોલ્ફ હિટલર** ભિખારીની જેમ મર્યો. જે ઈચ્છાઓને મહત્ત્વ આપે છે એ રાજાઓની જેમ મરે છે અને રાજાઓની જેમ જીવે છે.

*ગોલીબાર પબ્લિકેશન્સ,*
*કાશીરામ ટેક્ષટાઈલ્સની પાછળ,*
*એશિયન પેઇન્ટ્સ ગોડાઉનની બાજુમાં,*
*બોમ્બે હાઈવે, નારોલ, અમદાવાદ-૩૮૨ ૪૦૫.*
*ફોન : ૨૫૩૨૯૧૮૧, ૨૫૩૨૯૬૭૧*

## વિવિધ માહિતી

(અનુસંધાન : પાના નં.-૪૦ ઉપરથી ચાલુ)

## હિંદુ યુવકનું હૃદય મુસ્લિમ યુવકમાં ધબક્યું

**નવસારીના બ્રેઇન ડેડ અમિત હળપતિએ અંગોનું દાન કરી ૪ વ્યક્તિના જીવનમાં પ્રકાશ ફેલાવ્યો**

દક્ષિણ ગુજરાતના નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાનાં ખાપરિયા ગામના અમિત રમણભાઈ હળપતિએ કિડની, લીવર, પેન્ક્રિયાસ, હૃદય અને ચક્ષુઓનું દાન કરીને ચાર વ્યક્તિઓને નવજીવન આપી માનવતાની મહેક પ્રસરાવી સમાજને નવી દિશા બતાવી તેમજ બ્રેઈનડેડ અમિતનું હૃદય સુરતની નવી સિવિલ હોસ્પિટલથી ૨૭૭ કિ.મી.નું અંતર ૮૫ મિનિટમાં કાપીને હૃદયનું ટ્રાન્સપ્લાન્ટ આણંદના મુસ્લિમ યુવક સોહેલ વ્હોરામાં **અમદાવાદની સિમ્સ હોસ્પિટલ**માં કરવામાં આવ્યું હતું. આમ ગુજરાતમાં હૃદય ટ્રાન્સપ્લાન્ટનો ત્રીજો બનાવ જેમાંથી બે હૃદય સુરત દ્વારા આપવામાં આવ્યા છે.

ન્યુરો ફિઝિશિયન ડૉ. પરેશ ઝાંઝમેરા અને ન્યુરો સર્જન ડૉ. મેહુલ મોદીએ અમિતને બ્રેઇન ડેડ જાહેર કર્યા હતા. નવી સિવિલ હોસ્પિટલના આઈ.સી.યુ.ના રેસિડેન્ટ ડૉ. નીલેશ કાછડિયાએ આ અંગેની જાણ ડોનેટ લાઈફના નીલેશ માંડલેવાલાને કરતાં ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટ ખાતે પહોંચીને ડો. નીલેશ કાછડિયા અને અમિત હળપતિના માતા ઉકીબેન, ભાઇ અજય, બનેવી રાકેશ તેમજ ખાપરિયાના ગ્રામજનો, જે હોસ્પિટલમાં આવ્યા હતા તેમને ઓર્ગન ડોનેશન કરવાની જાણકારી આપી તેનું મહત્ત્વ સમજાવ્યું હતું.

સંમતિ મળતા ડોનેટ લાઈફના નીલેશ માંડલેવાલાએ અમદાવાદની ઇન્સ્ટિટ્યૂટ ઑફ કિડની ડિસીસ - રિસર્ચ સેન્ટર (આઈ.કે.ડી.આર.સી.)ના ટ્રાન્સપ્લાન્ટ કો-ઓર્ડિનેટર પ્રિયાબેન શાહ અને ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કિડની અને લીવરનું દાન લેવા આવવા માટે જણાવતાં તેમણે કિડની, લીવર અને પેન્ક્રિઆસનું દાન સ્વીકાર્યું હતું. તેમજ સિમ્સ હોસ્પિટલમાં કો-ઓર્ડિનેટર નિખિલ વ્યાસ અને ચીફ ટ્રાન્સપ્લાન્ટ સર્જન ડૉ. ધવલ નાયકનો સંપર્ક કરતાં તેમણે તેમજ તેમની ટીમે આવી હૃદયનું દાન સ્વીકાર્યું હતું જ્યારે ચક્ષુઓનું દાન સુરત નવી સિવિલ હોસ્પિટલના ડૉ. જમાલ રીઝવીની ટીમે આવી સ્વીકાર્યું હતું. ■

વિચાર મંથન

# વાંચન, વિચાર, ચિંતન અને સમાજ



ભીમજી નાકરાણી
તંત્રી : 'સરદાર જ્યોત', 'ઉમિયા દર્શન'

એક સ્વજન સુરતમાં રહે છે. કોઈના કહેવાથી દાન કરે છે. દાનનું ઔચિત્ય ખબર નથી, કેમકે તે કદી કંઈ વાંચતા જ નથી, કશું જ નહીં. મેં એકવાર કહ્યું આપને કેટલુંક સાહિત્ય મોકલું છું કારણકે આપ સ્વામી સચ્ચિદાનંદજીના ચાહક છો. તેમના હજારો પુસ્તકો આપ સૌને ભેટ આપો છો. તેમણે નિખાલસતાથી કહ્યું, 'ભાઈ હું તો કાંઈ વાંચતો નથી. ચોપડીયું બધાને આપું છું. શિક્ષણ કાર્યમાં દાન આપું છું. પણ વાંચવા હારે મારે કોઈ લેવાદેવા નથી.' મને આંચકો લાગ્યો કે આ સ્વજન વાંચતા નથી તો પછી ચિંતનાત્મક વિચારની ભૂમિકા બાંધ્યા વગર સૌને પુસ્તકો આપી દેવા કે દાન આપી દેવું તે તો બરાબર ગણાય નહીં. છતાં મન મનાવ્યું હશે કે રૂપિયા છે, એટલે સૌને આપે છે. આપે છે તે સારૂં છે.

તાજેતરમાં એક ગાંધીવાદી સંસ્થા, જેમાં ધોરણ-૧ થી ૧૦ના વર્ગો ચાલે છે તેમાં શિક્ષકો સાથેની બેઠકમાં જાણવા મળ્યું કે આખા કેમ્પસમાં કોઈ શિક્ષક કે કર્મચારીને ઘેર દૈનિકપત્ર આવતું નથી. સંસ્થામાં લાઈબ્રેરી છે, પરંતુ આ લાઈબ્રેરીનો લાભ માત્ર ૮થી ૧૦ વિદ્યાર્થીઓ જ લે છે, શિક્ષકો તો કદીયે લાભ લેતા નથી. આ જાણીને પણ આઘાત લાગે કે માહિતીથી ભરપૂર આજના સમાજમાં જે શિક્ષકો છાપુંયે વાંચતા નથી તે તેમના વિદ્યાર્થીઓને કયા વિચાર આપે? ચિંતનની તો વાત જ નથી. સમાજનું આ સાચું ચિત્ર છે. ઊંડા ઉતરીએ તો મજા નથી. છતાં એમ લાગે છે કે આ બાબતે થોડું વિચારવું પડે તેવી સ્થિતિ છે.

આપણી આજુબાજુ અનેક દૈનિકપત્રો તથા ન્યુઝ મેગેઝિન્સ તેમાં આવતી રોજની નવા નવા વિષયોની જ્ઞાનસભર પૂર્તિઓ, જ્ઞાતિ, જાતિ, ધર્મ, સંપ્રદાય, શિક્ષણ, વેપાર, જ્ઞાન, વિજ્ઞાન, માહિતી, સામાન્ય જ્ઞાન વગેરે ઘેરઘેર વાંચન સામગ્રી પહોંચાડે છે. એક બાજુ ટી.વી., મોબાઇલ, ઈન્ટરનેટ, ગૂગલ, એસ.એમ.એસ., ફેસબુક, ટ્વિટર, ઈ-મેગેઝિન યુવાનોને પ્રિય છે. છતાં દેશ અને દુનિયામાં પુસ્તકોનું પ્રકાશન અને દૈનિકપત્રોની નકલો વધતી જાય છે. આ બતાવે છે કે, હજુ પણ વાંચન માટેની ભૂખ બરકરાર છે. ગુજરાતમાં જનકલ્યાણ જેવા સામયિકની એક લાખ નકલ વંચાય છે. એટલે પ્રિન્ટ મીડિયા પર્યાય તરીકે પણ ચાલશે. હા, લાઈબ્રેરીઓ ઘટતી જાય છે. કેટલીક બંધ થતી જાય છે. આ કરૂણતા છે. છતાં **વાંચન એ આત્માનો ખોરાક છે.** વિશ્વના મોટાભાગના મહાન વ્યક્તિઓ, ચિંતકો, ફિલોસોફરો, વૈજ્ઞાનિકો, રાજકીય કે સમાજ વિજ્ઞાનના વિદ્વાનો વાંચનના આધારે મહાન બન્યા છે. હા, કદાચ સાહિત્ય વિષયક જ્ઞાન ઘટતું જાય છે. તે સ્વીકારવું પડે. સારા વાંચન વિશે ખૂબ લખાયું છે. **વાંચન ન હોય તો વિચારોનું ઉદ્‌ભવવું શક્ય જ નથી** અને વિચારશીલ વ્યક્તિ જ ચિંતન સુધી જઈ શકે છે. આ વાત સૌ કોઈ જાણે છે. તમારી પાસે વાંચન નથી તો તમને સારા-નરસાની ખબર કેવી રીતે પડશે? સમજદાર સમાજ કઈ રીતે પેદા થશે? વાંચન એટલે એવું નથી કે આપણે વેદો, પુરાણો, મોટા ગ્રંથો વાંચીને વિદ્વાન બની જઈએ. આ બધું તો અભ્યાસ અને ચિંતન માટે છે. સામાન્ય રીતે સૌ કોઈ પોતાના જીવન ઉત્કર્ષ, વૈચારિક ભૂમિકા અને સ્વકેન્દ્રિત સમજણ માટે પોતાને ગમે તે વિષયનું વાંચન કરી શકે છે અને **આ વાંચન જ જીવન પરિવર્તનનું માધ્યમ બની શકે છે.**

સમાજમાં દેખાદેખી, ખૂના-મરકી, છળકપટ, ભ્રષ્ટાચાર, અંધાધૂંધી ફેલાવવાનું કારણ અજ્ઞાન છે. હવે આ અજ્ઞાનતાને દૂર કરવાનું સાધન તો માત્ર સારું વાંચન જ છે. આ સત્ય સમાજ પાસે ન હોય તો સારા વિચારોનું નિર્માણ નહીં થવાને કારણે આ અરાજકતા સમાજમાં ફેલાય છે. સારા વાંચનને કારણે વિશ્વના અનેક મહાનુભાવો આપણને મળ્યા છે. આજે વાંચનભૂખ ઘટતી જાય છે. નવી પેઢીને લાઈબ્રેરી સાથે ખાસ સંબંધ નથી. **મોબાઇલ અને નેટની દુનિયામાં ખોવાતું જતું આપણું યુવાધન વાંચન મહિમા નહીં સમજે ત્યાં સુધી જ્ઞાનની દિશાઓ પૂર્ણપણે ખીલવાની નથી.** માહિતીના વિસ્ફોટ સામે શું સારૂં, શું નરસું? જોવું પડશે. યુવાનોને ઘેલું લગાડનારા સારા વક્તાઓ કે વિદ્વાનો અથવા ટ્રેનરો... વાંચન વગર આ કળા

કેવી રીતે પામ્યા હોય? તેમણે પણ 'અપગ્રેડ' રહેવા માટે વાંચન, વિચાર, મનન અને ચિંતનની પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. **એટલે સારૂં વાંચન જ સારા જીવનનું ઘડતર કરી શકે છે.** આ સત્યને સ્વીકારવું જ પડશે.

જૈન સમાજે તો તેમનામાં રહેલા તક વંચિત અને ગરીબ જૈન કુટુંબો માટે તમામ ક્ષેત્રે કામ કર્યું છે. એટલે સુધી કે દાંતની સારવાર માટે પણ વીમાની વ્યવસ્થા કરી છે. જૈન સમાજ તેના યુવાનોને નોકરીની તકથી માંડીને વ્યવસાયમાં પણ મદદ કરે છે. આ પેટર્ન સ્વામિનારાયણ સંપ્રદાયમાં પણ દેખાય છે. કાઠી, દરબાર, રાજપૂત, ક્ષત્રિય સમાજમાં એકબીજાને કામ પડે ને 'જય માતાજી' કહે તો વાત પૂરી થઈ જાય. અનુભવ કરજો. આ સામાજિક ભાવના અને સ્વાર્થના સરવાળા, બાદબાકીના આધારે જવાબદારી અને વ્યવસ્થા નિભાવવામાં આવે છે. અન્ય નાની-નાની જ્ઞાતિ-જાતિ હજુ તો આર્થિક ક્ષેત્રે સધ્ધર થવા ફાંફા મારે છે. કચ્છી સમાજ એકબીજાને ખૂબ મદદ કરે છે. કચ્છ કડવા કે લેઉઆ ખૂબ કટ્ટરવાદી છે. કચ્છ કડવા પાટીદાર સમાજની સંગઠનની સુવિધા એકબીજાને મદદરૂપ થવાની સામાજિક ભાવના ઉદાર છે. આ સમાજનું સંગઠન મજબૂત છે. ૨૦૧૫માં આ સમાજે ગ્લોબલ સમિટ (વેપાર વૃદ્ધિ માટે)નું આયોજન માત્ર તેના સમાજ માટે કરેલ. બીજા કોઈ પાટીદાર સમાજ કે સંસ્થાઓને આમંત્રણ આપ્યાના અહેવાલ નથી. પરંતુ તેમણે જે કર્યું તે અદ્‌ભુત હતું. તેના સંગઠન દ્વારા તે સમાજ તેની સામાજિક જવાબદારી ખૂબ સારી રીતે નિભાવી રહેલ છે. સંગઠનનું ત્રિસ્તરીય માળખું તેની પાસેથી પાટીદાર અને બાકીના સમાજે શીખવા જેવું છે. તેના જ્ઞાતિ સામાયિકો પણ માતબર અને મજબૂત છે. જે તે બધાને એક તાંતણે બાંધી રાખે છે. હમણાં હમણાં સુરતના પાટીદાર ઉદ્યોગપતિઓ દ્વારા સામાજિક જવાબદારીના ખૂબ મોટા કાર્યો થઈ રહ્યા છે. જેમકે કિરણ હોસ્પિટલ, ઝડફિયા મેડિકલ સેન્ટર, ટી.બી. હોસ્પિટલ અને ગામડાંઓમાં મળતી ટિફીન સેવા જે તમામ જ્ઞાતિ જાતિ માટે છે. શિક્ષણ ક્ષેત્રે પાટીદારોએ સંકુલો જરૂર બનાવ્યા છે, પરંતુ તેમાં તગડી ફીનાં ધોરણો છે. અને કોલેજોમાં યુનિ.નાં ધારાધોરણ પ્રમાણે જવું પડે છે. એટલે ગરીબ વર્ગને ફાયદો નથી. જ્યારે જૈન સમાજ કે બીજા એકાદ બે સમાજે સંકુલો બનાવવાને બદલે ભણવું હોય તેને સંપૂર્ણ આર્થિક મદદ આપી અને ઉચ્ચ અભ્યાસ માટે સ્કોલરશિપ આપે છે. આ પદ્ધતિ ખરેખર ઉત્તમ અને સ્વીકાર્ય છે.

તાજેતરમાં સરદારધામ જે પાટીદારોની સંસ્થા છે, તેમના દ્વારા એક વિચાર વહેતો મૂકાયો છે. પાટીદાર ભાઈઓ ઉદ્યોગ - વ્યવસાયમાં એકબીજાને મદદ કરે અને આ સંસ્થાના માધ્યમથી જ સમાજમાં યુવાનોને નોકરી મળે તેવી સારી ભાવના સાથે ગ્લોબલ સમિટ - ૨૦૧૮નું આયોજન કરી રહ્યા છે. અગાઉ જૈન સમાજ અને કચ્છી કડવા પાટીદાર સમાજે આવો પ્રયત્ન કરેલ છે. સફળતાની ખબર નથી. આ જ પેટર્ન અને ગુજરાત સરકારની વાઇબ્રન્ટના ચીલે આવી જ સમિટનું આયોજન કરવું. સાથે સાથે સમાજના યુવાનોને પ્લેટફોર્મ પૂરું પાડવું. આ પ્રકારે સામાજિક જવાબદારી નિભાવવાની પહેલ કરવાની વિશાળકાય વાતો થાય છે. કામ પણ થશે. પાટીદારો પાસે ખૂબ મોટા ઉદ્યોગો અને કંપનીઓ છે. આમ છતાં હજારોની સંખ્યામાં પાટીદારોના સંતાનો બેકાર પણ છે. આનો ઉકેલ પણ શોધવો જ રહ્યો. પરંતુ 'જીતો' જૈન સમાજ દ્વારા આ બધાની સાથે સાથે સમાજની મૂળ સમસ્યાઓના નિરાકરણ માટે પણ કામ થાય છે. તે અંગેની વાત કોણ વિચારશે? અને આમ પણ આ આખી ઈવેન્ટ માત્રને માત્ર ઉપલા વર્ગના - ટોપ પર બેઠેલા પૈસાપાત્ર સમાજ અગ્રણીઓ દ્વારા અને લગભગ તેમના માટે જ થશે. માઈક્રો પ્લાનિંગ આમાં થતું હોય તેમ લાગતું નથી. છતાં સામાજિક જવાબદારી નિભાવવાની વ્યવસ્થા તરફ સૌ જઈ રહ્યા છે તે ખૂબ જ આવકારદાયક છે. સાથે સાથે પાટીદાર સમાજ વૈશ્વિક વેપારી બન્યા છે તે વાત પણ યાદ રાખવી પડશે. જો પાટીદારોને તેમના યુવાધનને રોજગારી અને વ્યવસાયમાં મદદ કરવી જ હોય તો અત્યારથી જ ૬૦% બિઝનેસ પાટીદારોએ પાટીદારોના યુવાનોને આપવાનો પ્રારંભ કરવો પડે, બાકી તો પબ્લિસિટી થાય, ઘણાં વ્યક્તિનું બ્રાન્ડિંગ થાય, પરંતુ સામાજિક જવાબદારીની વ્યવસ્થા ઊભી ન થઈ શકે. આ બાબતને ગંભીરતાથી લેવી પડે. મંચ ઉપરથી વાતો કરનારા અને કમિટીઓમાં બેસનારા કેટલા પાટીદારો પાટીદારના દીકરાને સહયોગ આપે છે? સૌ પોતે પોતાની જાતને પૂછીને આગળ વધે તેવી અપેક્ષા! બાકી તો એટલું સમજજો કે સુખી વધુ સુખી થશે અને ગરીબ વધુ ગરીબ થશે. તે ન થાય તે ધ્યાનમાં લેવા માટે સોશિયો - ઈકોનોમિસ્ટ અને સામાન્ય માણસના પ્રતિનિધિઓને પણ સાથે રાખી વિચાર વિમર્શ પછી આયોજન કરવું જરૂરી છે. બાકી જે કોઈ સમાજ આવા સમજદારીના કાર્ય કરે તે સૌ અભિનંદનને પાત્ર છે. **આપણે સૌ ધીમે ધીમે સરકારને બાજુ પર રાખી આપણી સામાજિક જવાબદારી અને વ્યવસ્થા નિભાવતા થઈએ તો આવતીકાલ ઉજ્જવળ હશે.**

*મો. ૯૭૨૩૩૩૬૪૮૨*
*E-mail : loksevatrust2004@gmail.com*

વાર્તા

# "સંકલ્પ"

• રમીલા મહેતા •

આકાશ અને વિભા સુખી દંપતી હોવાની છાપ સમગ્ર શહેરમાં હતી. છાપ ખોટીએ નહોતી. બંને સરકારી ખાતામાં સારા હોદ્દા પર હતા અને ઘરમાં મા સિવાય કોઈ નહોતું. માતા મયૂરીબેનને પણ પુત્ર અને પુત્રવધૂ પર ગૌરવ હતું. દીકરીને સાસરે વળાવી, પુત્ર માટે યોગ્ય કન્યા શોધી ચાર વર્ષ પહેલાં લગ્ન કરીને હવે નિરાંતનો શ્વાસ લેતા હંમેશાં ઈશ્વરને પ્રાર્થના કરતા કે, "આ ઘરમાં સુખ શાંતિ અને સમૃદ્ધિ સદાય જળવાય અને જલ્દી આનંદનો પ્રસંગ ઘર આંગણે ઉજવાય." કઇ માતાને દાદી બનવાની હોંશ - ઉમંગ ન હોય!

અને જાણે કે પરમાત્માએ તેમની વાત સાંભળી હોય તેમ એક દિવસ વિભાએ આકાશને ચૂપચાપ સારા સમાચાર આપ્યા. ઘડીભર આકાશ તેના મોઢાને જોઈ રહ્યો. **ઢળેલી પાંપણ પર જાણે કે આનંદના તોરણ વિભાના આંખે બંધાયા હતા.** આકાશના ચહેરા પર ખુશી નિહાળવા તેણે નજર ઊંચી કરી. સાવ નિર્લેપ ચહેરે આકાશ બેઠો હતો. બેઠો થયો. ગેલેરીમાં જઇને સિગારેટ સળગાવી. વિભાની વાતનો કોઈ જ પ્રત્યુત્તર નહીં! વિભા પણ તેની પાછળ ગઈ. આકાશના ખભા પર માથું ઢાળીને તે ઊભી રહી, પણ કોઈ ઉમંગનો અણસાર નહીં! પ્રેમ અને સ્વીકારની કશી જ ઉષ્મા નહીં! વિભા ઘડીભર વિચારતી રહી પણ તે વખતે કશું જ ન બોલી.

સવાર થતાવેંત મયૂરીબેન ઘરના કામે લાગી જતાં પણ આજે જોયું તો રસોડામાં વિભા તેમના કરતા વહેલી ગઈ હતી. મયૂરીબેને ખાસ નોંધ્યું કે આજે વિભા કશું જ બોલતી નથી. નહિંતર વિભા ગીત ગણગણ્યા વગર રહે ખરી! આજે તે ચૂપ હતી પણ તેની આંખો બોલતી હતી. ઉદાસ આંખો અજીબ માયુસીમાં ડૂબેલી હતી અને ઊંડા વિચારોમાં ગરકાવ વિભા બેધ્યાન પણ હતી. મયૂરીબેને દૂધનો ગેસ બંધ કર્યો ત્યારે મયૂરીબેને જોયું કે વિભાની આંખો છલકાઈ રહી હતી. વિભા બેટા, શી વાત છે? આજે આટલી ખામોશ કેમ? અને તારી આંખો વારંવાર કેમ છલકાઇ ઉઠે છે? બા... વિભા આગળ ન બોલી શકી. તેની અશ્રુધાર વહી નીકળી. મયૂરીબેને માથે હાથ ફેરવી આશ્વાસન આપ્યું ત્યારે કશી જ વાત ન કરી. બપોરે બંને નિરાંતે બેઠા હતા ત્યારે મયૂરીબેન પાસે વિભાએ બધી વાત કહી. વિભાની વાત સાંભળી મયૂરીબેન હર્ષિત થઇ ઉઠ્યા પણ વિભાની વાત આગળ સાંભળી તે સ્તબ્ધ થઈ ગયા. આકાશના વિચારો જાણી ઘડીભર તેમને આઘાત લાગ્યો.

વિભાની અશ્રુધારાનું રહસ્ય સમજાયું. આકાશને ખબર પડી કે ગર્ભસ્થ શિશુ બાળકી છે, તો તેને લેશપણ ગમ્યું નહીં. બાળકી તો શું? હાલ ઘરમાં બાળકનો જન્મ પણ તેને મંજૂર ન હતો. આકાશના વિચારોની બદલાતી શ્રેણીએ મયૂરીબેનને ઘડીભર વિચારતા કરી મૂક્યા. આ મારો આકાશ છે? ઘરમાં આનંદની શરણાઈઓ વાગવાની હોય ત્યારે આકાશ આવું કેમ ઇચ્છી શકે? પણ પુત્રને કેમ સમજાવવો? વિભાની હાલત તો વધારે કરુણ હતી. એક તરફ પતિની લાગણી - માંગણી હતી, બીજી તરફ પોતાના જીવનમાં આવી રહેલો અદ્‌ભુત વળાંક હતો. માતૃત્વ માણવાનો તેનો આનંદ આકાશને મંજૂર ન હતો. તેને મન આ બધી ઘટના લાગણીવેડાની લાગણી હતી. હજુ જીવનની મંઝિલમાં ઘણા પડાવ પાર કરવાના હતા. વાત શરૂ કરતાં મયૂરીબેને આકાશને સીધું જ પૂછી નાખ્યું, 'આકાશ, તને દીકરી વહાલી નથી?' કેમ મમ્મી, આમ કેમ પૂછે છે? આશા - મારી બહેન તો મને અતિશય વહાલી છે અને મમ્મી, આશાએ તો સાચ્ચે જ બે કુળનું નામ દીપાવ્યું છે.' તો પછી વિભાને પુત્રીનો જન્મ આપતા કેમ અટકાવે છે?! આકાશના જવાબ સામે મયૂરીબેને તીર છોડ્યું. પણ મમ્મી એવું છે કે, હજુ અમારા બંનેની માનસિક તૈયારી નથી અને હજુ.. હજુ...' 'એમ વાત આમતેમ કેમ ઉલાળે છે? સાચુ કહેને, તને તારી કેરિયર વહાલી છે! હજુ વધારે પૈસા કમાવા પાછળ દોટ મૂકવી છે. તું ક્યાં જઈ અટકીશ?' મયૂરીબેનના સવાલ પાછળ આકાશને તે શું કહેવા ઇચ્છે છે તે ન સમજાયું.

મમ્મી આ વાતને વધારે તાણીને લાંબી ન કર. મારે હાલ સંતાન નથી જોઈતું. આકાશના વિધાન પછી ઘડીભર ચૂપકીદી છવાઈ ગઈ. શાંતિને વીંધતો વિભાનો મક્કમ જવાબ આવ્યો, 'મારે સંતાન જોઈએ છે અને મારી ઇચ્છા આગળ આકાશ, તમારું કશું નહીં ચાલે.' 'મને ધમકી આપે છે?' આકાશ વધારે ગિન્નાયો. 'આ પોકળ ધમકી નથી અમારા બંનેનો સંયુક્ત નિર્ણય છે.' મયૂરીબેનના વેધક જવાબે ઘડીભર તો આકાશને જમીન પર પટકી દીધો.

જો બેટા, મારે વાતને વધારે લંબાવવી નથી. પણ અમારા બંનેનો સંકલ્પ છે કે, તારી વાતને વિભાએ વશ ન થવું અને શિશુનો જન્મ લેવાનો અધિકાર છિનની ન લેવો. અને છતાંય તું તારી જીદ પર અડગ રહીશ તો પણ અમારે બંનેએ શું કરવું તે અમે નક્કી કર્યું છે. મયૂરીબેનની મક્કમ વાતોએ આકાશને હચમચાવી દીધો. પણ મમ્મી, તમે સમજો તો ખરા, વિભાને મા બનવાની એવી શી ઉતાવળ છે? તેને માટે તો હજુ નોકરીમાં આગળ વધવાના ઘણા ચાન્સ છે અને ત્યાં આ પ્રકારની જવાબદારી તેને માટે મુશ્કેલ બની જશે. વળી ત્યાં આવી પળોજણ કેમ પોષાય? આકાશને મન જીવનમાં કેરિયર મહત્ત્વની અને લાગણી, ગૌણ હતી. હજુ ઘણું મેળવવાનું બાકી છે ત્યાં વિભા આ રીતે બાળ ઉછેરમાં રોકાઈ રહે તે કેમ ચાલે? જમાનો કેટલો ઝડપી બદલાઈ રહ્યો છે ત્યારે વિભા ઍબોર્શન માટે માનતી નથી! આકાશને મન ગર્ભસ્થ બાળકીનો જન્મ ન થાય તો તેમાં કોઈ આકાશ તૂટી નથી પડતું! જ્યારે વિભા અને મયૂરીબેન જુદું જ વિચારતા હતા. વિભાની દલીલ હતી કે હવે તો બધી સંસ્થાઓ લાંબી રજાઓ મંજૂર કરે છે અને પછી ઘરમાં બાળકની દેખભાળ અને ઉછેર માટે મા તો છે જ. પછી બાળકીના આગમનનો વિરોધ શા માટે?

થોડા સમય આકાશ અને વિભા વચ્ચે અબોલા રહ્યા. તે વારંવાર દબાણ કરતો કે ચૂપચાપ કોઈ સારા ડૉક્ટર પાસે જઈ ઍબોર્શન કરાવી આવ. હવે તો નવા મેડિકલ સાધનો અને ઉપચાર ઉપલબ્ધ છે પછી કેરિયરને શા માટે રૂંધવી? મયૂરીબેન બંને વચ્ચેના તનાવને ચૂપચાપ જોયા કરતા હતા. શું કરવું? કેમ માર્ગ કાઢવો? તેઓ પણ અવઢવમાં હતા કે આકાશ સાથે વાત કેમ શરૂ કરવી? હમણાં હમણાં તો તેને સરખી રીતે નાસ્તો કરવાનો કે જમવા માટે પણ સમય નહોતો રહ્યો. આખો દિવસ ભાગદોડમાં જાણે કે જીવવાનું જ ભૂલી ગયો હતો. વિભા સ્વભાવે શાંત અને સમજુ હતી. તે ઇચ્છતી હતી કે ઉદરમાં ઉછરી રહેલ બાળક હોય કે બાળકી તેને આ પૃથ્વી પર પનોતા પગલાં પાડવાનો પૂર્ણ અધિકાર છે. મયૂરીબેન બંનેની મૂંઝવણ સમજતા હતા. તેમણે અને વિભાએ નિરાંતે જીવે વાતો કરી અને નક્કી કર્યું કે આજે તો આકાશ સાથે આર યા પારની વાત કરી જ લેવી. થોડીવાર પછી બંનેના ચહેરા પર સ્મિતની રેખાઓ હતી. ઘણા સમય બાદ મયૂરીબેને વિભાને ખુશ મિજાજમાં જોઈ.

રાત્રે જમ્યા બાદ ત્રણે જણ દીવાનખાનામાં બેઠા હતા. ‘પણ આકાશ, હજુ મારી નોકરીને બે વર્ષ થયા છે અને હજુ ત્રણ ચાર વર્ષ તો સહેજે પ્રમોશન મળતા નીકળી જશે.’ એટલે તારે મારી વાત નથી જ માનવી એમ ને? વિભાના જવાબથી આકાશ વધુ ઉશ્કેરાયો. ‘મમ્મી, તમે આ શું માંડ્યું છે? બંને જણા જીદ પર ચઢ્યા છો. મમ્મી, વિભાને સમજાવજે.’ મયૂરીબેને વિભાને ઇશારો કરી તે વખતે ચૂપ રહેવા સમજાવ્યું. ત્રણેના મન ઉચ્ચક થઈ ગયા. રાત્રે ત્રણમાંથી કોઈ ઊંઘી શક્યું નહીં. સવારે વિભા ઊઠી ત્યારે મયૂરીબેન પોતાની બેગ તૈયાર કરતા હતા. ‘મા ક્યાં જવાનું છે અને તમે આ બેગ કેમ તૈયાર કરો છો?’ વિભાએ અડધા ઊંઘતા - જાગતા સવાલ પૂછ્યો. ધીમું મલકાતા મલકાતાં મયૂરીબેને વિભાની પાસે આવી તેને પણ બેગ તૈયાર કરી સોફા પર બેસી જવા કહ્યું. મયૂરીબેનની વાત સાંભળી વિભાએ પણ તે પ્રમાણે કર્યું. બંને સોફા પર બેઠા હતા. આજનું છાપુ વાંચતા હતા. ત્યાં જ આકાશ પોતાના રૂમમાંથી બહાર આવ્યો. બંને સાસુ-વહુ પોતાની બેગ લઈ દરવાજા ભણી ચાલવા માંડ્યા. આકાશને ઘડીભર ન સમજાયું કે આ શું બની રહ્યું છે. આંખો ચોળતો તે પાસે આવ્યો. ‘મમ્મી, તમે ક્યાં જાવ છો? અને વિભા તું પણ આમ કશું કહ્યા વગર ક્યાં ચાલી?’ ‘અમે બંને અનિલામાસીને ઘેર જઈએ છીએ અને બાળકીનો જન્મ થશે પછી જ ત્રણે આ ઘરમાં પગ મૂકશું.’ બંનેએ એક સાથે મક્કમ અવાજમાં કહ્યું. બંનેના સ્વરની મક્કમતા સાંભળી આકાશ સ્તબ્ધ થઈ ગયો.

આકાશ દરવાજા પાસે આડા હાથ રાખી ઊભો રહ્યો. તેની આંખોમાં આંસુ હતા.

*૧૬, ‘ધવલધારા’, ભાનુશાલી નગર,*
*પ્રાથ. શાળા પાસે, ભુજ-૩૭૦ ૦૦૧.*
*મો. ૯૪૨૭૨ ૭૨૯૧૯*

## વિરાટ અને અસીમ આકાશનો સ્પર્શ

**(અનુસંધાન : પાના નં.-૨૩ ઉપરથી ચાલુ)**

**દરેક વ્યક્તિ પાયામાં પ્રતિભાવાન જ છે.** પ્રકૃતિ, ભગવાન કે કુદરતે બધાને જન્મથી આવા પ્રતિભાવાન બનાવ્યા છે. **પણ આ પ્રતિભા સુષુપ્ત હોય છે. તેને કેળવવી પડે છે.** તે માટે સાધના કરવી પડે છે. તપસ્યાના અગ્નિમાંથી પસાર થવું પડે છે. તે માટે જીવનના આરામ કે શોખ જતા કરવા પડે છે ત્યારે તે પ્રગટ થાય છે. પણ એકવાર જો પ્રગટ થઈ, તો તે પળથી જીવનની ગુણવત્તા જ બદલી જાય છે. વ્યક્તિ એક નવા જ સ્તરે પહોંચી જાય છે. પછી તેને જે આનંદનો અનુભવ થયા કરે છે તે ‘સમાધિસ્થ’ શબ્દ જ વાપરી શકાય.

આવો અનુભવ કરવા આવા પ્રતિભાવાનોનો સતત સત્સંગ અનિવાર્ય છે. છેવટે આવા કાર્યક્રમો જોઈને પણ તે કરી શકાય છે. સતત આવું થશે તો — પેલા ભજનમાં કહે છે તેમ — **“બનત બનત બની જાઈ.”** અથવા પેલું ગીત છે કે **“ના ના કરતે પ્યાર કિસી સે કર બૈઠે.”** પ્રતિભાવાન થઈ જવાશે. તેને જ સફળ જીવન કહેવાય.

સાતત્ય જ સફળતાનું રહસ્ય છે. રહેમાન પણ તેનો જ ઉજ્જવળ દાખલો છે.

માટે જ રહેમાનનો જય હો! ■

## વાત-વાતમાં

વાર્તા

# પપ્પુની કીટલી



બલવીરસિંહ જાડેજા

આજકાલ જ્યાં જુઓ ત્યાં કિટલી / કીટલીની ચર્ચા સંભળાય છે. કારણ...? સૌ જાણે છે. કહેવાની જરૂર ક્યાં છે? નવો ધંધો વિચારનારાઓ, વગર વિચારે ચા ની કીટલી ચાલુ કરવા મંડી પડ્યા છે. કોઈ નાના પાયે, કોઈ મોટા પાયે. પેલા રાજકોટવાળા ખેતલા બાપા ચા વાળાની જેમ. છાપા અને વૉટ્સઍપમાં વીડિયો પણ જોયા કે ખેતલ બાપાએ ચાની હારબંધ બ્રાંચ અમદાવાદમાં ખોલી છે. **કીટલી ચાલુ કરનારા, ઉંડે ઉંડે ઇચ્છા રાખે છે કે કોઇક દિવસ આપણા પણ નસીબ બદલાય ને આપણે પણ ક્યાંક ઉપર લેવલે પહોંચી જઈએ.** પણ એનાથી વિરુધ્ધ અમારા અમદાવાદમાં દાળવડા અને ભજીયાવાળાનું થયું છે. સુરતના ભજીયાવાળા ઈન્કમટેક્ષવાળાની હડફેટમાં ચડ્યા ત્યારથી ચોમાસાની ભરપૂર સીઝન ચાલતી હોવા છતાં, ઘણાએ ભજીયા - દાળવડાનો ધંધો બંધ કરી દીધો છે ને ચાની કીટલી તરફ ફંટાઈ ગયા છે. એ પણ યોગાનુયોગ ગણો કે ભવિષ્યનું ઈન્વેસ્ટમેન્ટ પ્લાનિંગ ગણો - જે ગણો તે, પણ વાત સાવ સાચી છે કે ખેતલા બાપા ચા ની પોતાની અમદાવાદની શાખાઓ માટે દૂધ પાછું રાજકોટથી જ મંગાવે છે. મને તો એ વાતનું વિસ્મય છે કે હવે તો અમદાવાદની જેમ રાજકોટમાં પણ પાણી તો નર્મદાનું પહોંચી ગયું છે તો પછી અમદાવાદ કરતાં રાજકોટવાળા દૂધમાં બીજું કયું પાણી ઉમેરતા હશે કે તે ખેતલા બાપાની ચા માટે દૂધ રાજકોટથી આવે છે?

અમારો પરમ મિત્ર મનસુખ, જેના ચહેરા ઉપર મુત્સદ્દી જેવું હાસ્ય, **ચાવદ્ ચંદ્ર દીવાકરૌ**ની જેમ એના તકિયા કલામ 'જરૂર' સાથે હંમેશાં શોભી રહ્યું છે. એ રીટાયર થયો પણ એનો દીકરો જયંત ઉર્ફે 'પપ્પુ', ગ્રેજ્યુએટ થયો છતાં ક્યાંક લાઈને લાગ્યો નહોતો. મિત્રદાવે મનસુખે મને પૂછ્યું, 'બાપુ, કોઈક સારો ધંધો બતાવોને યાર, છોકરાને કોઈક સારી લાઈને ચડાવીએ.' મને છાપાઓ અને ટી.વી. જોતા જોતા મર્ક્યુરી લાઇટ થઈ. મેં મનસુખને ચા ની કીટલીનો આઇડિયા આપ્યો. ત્યારે તેણે સામે ચોખવટ કરી. 'જરૂર બાપુ તમારી વાત મંજૂર, પણ ભલે પૈસા હું રોકીશ પણ કીટલી માટે જગ્યા અને નામ તો તમારે જ શોધી આપવા પડશે. મેં કહ્યું, 'મંજૂર.' એટલે મનસુખે કહ્યું, 'જરૂર.'

મેં ને મનસુખે હવે પ્રોજેક્ટ રિપોર્ટ બનાવવાનું શરૂ કર્યું. સૌપ્રથમ તો અઠવાડિયા માટે, આખા અમદાવાદમાં જ્યાં જ્યાં પપ્પુની કીટલી માટે શક્યતા હતી તે વિસ્તારમાં ફર્યા. પછી જુદી જુદી જગ્યાએ વિસ્તાર પ્રમાણે પ્રખ્યાત કીટલીઓની ચા નો સ્વાદ લીધો અને નોંધ કરી કે ચા બનાવનાર કેવા છે અને કેવી બનાવે છે ચા? કોઈ કોઈ જગ્યાએ તો બે-ત્રણ કટિંગ પીવાની નોબત આવી કારણકે જાણવું હતું કે ચા બનાવનારની આવડતર અને હોંશિયારી તથા વ્યવહાર કેવો છે? ભગવાન કે માતાજીઓના નામે જેટલી પણ કીટલી હતી તેનો ખાસ ટેસ્ટ કર્યો પણ મજા આવી નહીં. પછી નક્કી કર્યું, 'મનસુખ, આપણે તારી કીટલીનું ચીલાચાલુ નામ નથી રાખવું. અને જગ્યા પણ અફલાતુન જ શોધવી છે હોં.'

અંતે 'નામમાં શું છે? હેં...?' એ કહેવતને બદલે, 'નામ રહંતા ઠાકરા, નાણા નવ રહંત, કીર્તિ કેરા કોટડા, પાડ્યા નહીં પડંત' એને ધ્યાનમાં રાખીને બંને સારૂં નામ વિચારવા લાગી પડ્યા.

અને એકાએક...! છાપામાં અને મીડિયાં ગુંજતું નામ! અરે... કાખમાં છોકરૂં ને બહાર શોધાશોધ? મનસુખના દીકરા જયંતનું 'પપ્પુ' જેવું નામ હોય પછી બીજા નામની શી જરૂર! મનસુખે પણ 'જરૂર' કહીને વાતને વધાવી લીધી. કીટલીના નામે એક પક્ષવાળા અને પપ્પુના નામે બીજા પક્ષવાળા માટે 'પપ્પુની કીટલી' તો પોતાની જ લાગેને! અને જગ્યા પણ શોધી કાઢી એક પક્ષના કાર્યાલય – ઓફિસ પાસે નજીકમાં ચાલુ થઈ 'પપ્પુની કીટલી.'

બંને પક્ષના વિશાળ કાર્યકર્તા સમૂહને પ્રથમ દિવસે મફત એટલે ઉદ્‌ઘાટનને લઈને અંગ્રેજીમાં 'કોમ્પ્લિમેન્ટરી' શબ્દ સારો લાગે મફત જરા હલકો કહેવાય તેમ. કોમ્પ્લિમેન્ટરી ચાનું આમંત્રણ છાપા, પત્રિકાઓ અને વી.આઈ.પી.ઓને કાર્ડથી અપાઇ ગયું. તટસ્થ ધાર્મિક ગુરૂ, જેમને બધા માને

એવા બાબાના હસ્તે ઉદ્‌ઘાટન કરી સૌએ ચાની ચુસ્કીઓ માણીને પપ્પુની ચાને વખાણી.

મેં અને મનસુખે પાછો પ્રોજેક્ટ રિપોર્ટની સાથે સાથે રાજકોટમાં વખણાતી 'મોમાઈની ચા'ના કારીગર મેરાભાઈને વિનંતી કરી, અઠવાડિયાની રજા મૂકાવી. ઉદ્‌ઘાટન વખતે તેમના હસ્તે ચા બનાવી હતી એટલે તો પપ્પુની કીટલીની ચા વખણાઈ. સાથે સાથે અમારા સ્ટાફને પણ મેરાભાઈએ અઠવાડિયામાં 'ટ્રેઇન' કરી દીધો. પછી મજાલ છે કોઈની કે પપ્પુની ચા ને વખાણે નહીં? વળી એક વાત નોંધી લો કે, આ હરીફાઈના જમાનામાં એમ જ કાંઈ ધંધો જામે નહીં. એટલે અમે બંનેએ આઈ.આઈ.એમ.ના મેનેજમેન્ટના કોર્સમાં ભણાવાતા શામ (દામ નહીં), દંડ અને ભેદની સાથે દુનિયાના કોઈ કોર્સમાં ન શીખવાડાતી 'ટેકનિક' કે થીયરી અખત્યાર કરી. પપ્પુની કીટલીની આજુબાજુ બે-પાંચ ચાની કીટલીવાળાઓ તો પહેલેથી જ હતા. પણ એમને દાદા, ભાઈલોગ (ખાદીના કપડાં પહેરનારા કે ખાખી પહેરનારા) મારફત 'બહુ મોટા માણસ છે મનસુખભાઈ, ધંધો બીજે શોધી લો નહિ તો છોકરા ભૂખે મરશે' કહીને તેમજ તેમના ચા બનાવનારા કે ટેણિયાઓને ફોડી - લાલચ આપી લઈ લીધા. એટલે એક-બે જણ અમારા ભેગા આવી ગયા, એક-બે બીજે જતા રહ્યા એટલે અમારા માટે મેદાન સાફ! હા, ભાઈલોગને કાયમી મફત 'કટિંગ' પીવડાવવાની ઑફર તો કરવી જ પડી. એમાં તો એવું કે કાનખજૂરાનો એક પગ ઓછો હોય તો શું ફરક પડે હેં...! આવા જબરદસ્ત 'ટર્નઓવર'માં પાંચ-પચ્ચીસ 'કટિંગ' ફ્રી માં જાય તો પણ શું વાંધો, કહો જોઈએ? ભાઈ ભાઈ...

ભલે પપ્પુની કીટલી એક પક્ષની ઓફિસ પાસે હતી પણ એ પક્ષના કાર્યકરો વારંવાર આવે કે સંમેલનો યોજાય એટલે પપ્પુની કીટલીની ચા તો મંગાવે જ, પરંતુ બીજા પક્ષવાળા અહીં આવી ચા કેમ પીવે ભાઈ? અરે એની તો મજા છે ને! આજકાલ પહેલા પક્ષની ઓફિસે કોણ કોણ આવે છે? ઓફિસ જેની છે એની પાર્ટીના મહાનુભાવો ઉપર નજર રાખવાની હોય તેમજ આપણા વાડાના ઘેટા બીજાના વાડામાં ઘૂસ મારવા તો નથી માંગતા ને? અને જો જતા આવતા હોય, તો કોણ છે એ લોકો? એનો આદેશ 'હાઈકમાન્ડ' દ્વારા મળેલો હોય એટલે સૌ વહાલા થવા, વગર આદેશે પણ, પપ્પુની ચા, ગાડીના કાચ ચડાવી, નજર રાખતા રહેતા ને વખાણતા થઈ ગયા. બોલો છે ને આઇડિયા અફલાતુન! ભાઈ ભાઈ...

બસ, અમારે તો એટલું જ જોઈએ. બસ પછી તો મનસુખ સૌને હસતા હસતા હહહહ અઅઅ... કરીને 'જરૂર' કહીને આવકારે. પછી છે કોઈની મજાલ કે પપ્પુની કીટલીની ચા પીધા વિના જાય અને વખાણે નહીં? ભાઈ... ભાઈ...

**વાતવાતમાં :**

મહેરબાની કરીને બીજા કોઈએ આ કીટલી આઇડિયા કે નુસખો અજમાવવો નહીં કારણકે હવે બંને 'આપણા વારા' ને ખબર પડી ગઈ છે કે આ તો ધંધો જમાવવાની તરકીબ હતી. એટલે આ નુસખો કામ નહીં લાગે. અને તમે બીજો પપ્પુ ક્યાંથી લાવશો, જેના પપ્પા મનસુખની જેમ 'જરૂર' કહીને આવકારે...? ભાઈ...ભાઈ...

***૧૨, ઘરઆંગણ એપાર્ટમેન્ટ, ચાઈલ્ડ કૅર પાછળ, પ્રોફેસર કોલોની સામે, વિજય ચાર રસ્તા પાસે, નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯. મો. ૯૮૨૫૭ ૦૦૦૯૬***

## લઘુકથા : લાકડી

***– શંકર ન. ઠક્કર***

સુમનરાય ઘણીવાર એમના મિત્રોને કહેતા કે વૃધ્ધાવસ્થામાં પત્ની, એ એવી લાકડી છે કે તે પતિની તમામ વ્યથાઓ સાંભળી શકે, સમાવી શકે અને એને (પતિને) ટકાવી પણ શકે.

....અને સમયચક્ર સરકતું ગયું. સુમનરાયની પત્ની શ્રધ્ધા અનંતના ખોળે પોઢી ગઈ અને નિઃસહાય થઈ, એ એમના ધનાઢ્ય પુત્રના શરણે થયા. વૃધ્ધત્વ વધતું ગયું, નબળાઈ કનડતી રહી. ચાલવા માટેય હવે લાકડીની જરૂરત રહી એટલે સંકોચ સાથે પુત્રને કહ્યું. એણે આ કહેણ એની પત્નીને પાસઓન કર્યો અને તેણીએ નોકરને પૂછ્યું, "અલ્યા, લાકડી કેટલાની આવે?"

"મેડમ, એ તો જેવી લાકડી. ફેશનેબલ અને ટકાઉ સ્ટેનલેસ સ્ટીલની લઈએ તો બારસો પંદરસોની આવે અને સાદી તકલાદી લાકડાની લઈએ તો વીસ રૂપિયામાં આવે."

મોંઘા ભાવની ચમકતી પર્સમાંથી વીસ રૂપિયાની નોટ કાઢી લાકડી લેવા એણે નોકરને આપી.

***નિવૃત્ત નાયબ કલેક્ટર***
***૪૦૩, અંજલિ ટાવર, હોસ્પિટલ રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૪૨૬૭ ૮૮૭૯૫***

*દ્રૌપદીએ દુર્યોધનનું અપમાન કરતા કહ્યું હતું કે "આંધળાના પુત્ર આંધળા જ હોય છે." આ કિસ્સામાં પાંડવોની ભૂલ હતી. તેમણે કૌરવોને આંજી દેવા માટે તેમના મહેલમાં જળ હોય ત્યાં સ્થળ અને સ્થળ હોય ત્યાં જળનો આભાસ થાય તેવી રચના કરેલ હતી. પરિણામે દુર્યોધનને હાંસીપાત્ર બનવું પડ્યું હતું. આ કિસ્સામાંથી બોધપાઠ મળે છે કે સત્તાનો મદ રાખવો નહીં. બોલવામાં વિવેકભાન રાખવું જોઈએ. બીજા લોકોને આંજી દેવા માટે સંપત્તિનું પ્રદર્શન કરવું નહીં. સંપત્તિનો સદુપયોગ કરવો જોઈએ.*

સ્વાસ્થ્ય

# માનસિક સ્ટ્રેસની શરીર પર અસર – (૬) : સારવાર (ભાગ-૨ )




ડૉ. મણિલાલ ગડા
(મનોચિકિત્સક)

ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

આગળના લેખોમાં આપણે જાણ્યું કે સ્ટ્રેસ એટલે શું? માનસિક સ્ટ્રેસના નિર્માણ માટે બાહ્ય પ્રસંગ કે બાહ્ય ઘટના કરતા વ્યક્તિનો પ્રતિભાવ અને પ્રતિક્રિયા વધારે મહત્ત્વના છે. પ્રસંગ કે ઘટના ૧૦% ભાગ ભજવે છે જ્યારે વ્યક્તિના પ્રતિભાવ તથા પ્રતિક્રિયા ૯૦% ભાગ ભજવે છે.

ગયા અંકમાં દવાઓની સારવાર વિષે જાણકારી મેળવી. આ લેખમાં મનોવિશ્લેષણ - કાઉન્સેલિંગ તથા જીવનશૈલી દ્વારા સ્ટ્રેસની સારવાર વિશે જાણકારી મેળવીએ.

- **મનોવિશ્લેષણ - કાઉન્સેલિંગ (Psychotherapy - Counselling) :**

મનોવિશ્લેષણ - કાઉન્સેલિંગની પ્રક્રિયા દર્દી યોગ્ય રીતે સમજી શકે તથા પોતાના માટે યોગ્ય નિર્ણય લઈ શકે એ માટે દર્દીની મનની સ્થિતિ નોર્મલ હોવી ખૂબ અગત્યનું છે. દર્દી પોતે મનોવિશ્લેષણની પ્રક્રિયા ન સમજી શકે ત્યારે મનોવિશ્લેષણની સારવાર આપવી પથ્થર પર પાણી રેડવા જેવું છે.

માટે દર્દીની દવાઓ દ્વારા પ્રથમ સારવાર કરાય છે. દવાઓની સારવારના પરિણામ ટૂંક સમયમાં જ મળે છે. દર્દીની મનની સ્થિતિ નોર્મલ થયા બાદ જ મનોવિશ્લેષણની પધ્ધતિથી સારવાર અપાય છે.

મનોવિશ્લેષણની પધ્ધતિઓ દ્વારા સ્ટ્રેસની બીમારી તરફ ધકેલનાર ખામીયુક્ત માનસિક તથા સામાજિક વ્યવહાર અને અન્ય પરિબળોની દર્દી જોડે નિખાલસ ચર્ચા કરવામાં આવે છે. મનોવિશ્લેષણની વૈજ્ઞાનિક પધ્ધતિઓ દ્વારા દર્દીને આ પરિબળો સમજાય છે. જેથી દર્દી પોતાના સ્વભાવ તથા દૃષ્ટિકોણમાં જરૂરી પરિવર્તન લાવે છે. આવી વર્તણૂંકમાં યોગ્ય ફેરફારો થાય છે. દર્દી સ્ટ્રેસની બીમારી તરફ ધકેલનારા માનસિક તથા સામાજિક પરિબળોનો યોગ્ય સામનો કરવા માટેનું મનોબળ કેળવે છે (Mental and Emotional Immunity).

મનોવિશ્લેષણ પધ્ધતિ દ્વારા સારવાર એક વૈજ્ઞાનિક પધ્ધતિ છે. આમાં થેરાપિસ્ટ - દર્દીનો સંબંધ મહત્ત્વનું પાસું છે. આ પધ્ધતિ ફક્ત વાતચીત કરવાની કે સલાહ આપવાની પધ્ધતિ નથી. સાયકોથેરાપિસ્ટ (મનોવિશ્લેષણ કરનાર થેરાપિસ્ટ) અલગ અલગ પધ્ધતિઓ દ્વારા દર્દીને પોતાનું અંદરનું મન મોકળું કરવા પ્રેરે છે. મનમાં દબાવી રાખેલી દુખભરી, નકારાત્મક લાગણીઓ તથા પ્રસંગોને વ્યક્ત કરવા માટેનું વાતાવરણ ઊભું કરે છે. સાયકોથેરાપિસ્ટ દર્દીને સમભાવપૂર્વક (Empathy) સમજવાનો પ્રયત્ન કરે છે. સાથે સાથે દર્દીનો માનસિક ઉછેર, વ્યક્તિત્વ, ઘરનું વાતાવરણ, કુટુંબીજનોના પરસ્પરના સંબંધો પણ તટસ્થપણે સમજવાની કોશિશ કરે છે.

મનોવિશ્લેષણના નિયમો છે. એની પણ મર્યાદાઓ છે. સાયકોથેરાપિસ્ટને વ્યવસાયિક તાલીમ મળેલી હોય છે. એ પોતે તટસ્થ રહે છે. પોતાની લાગણીઓ, પોતાના અભિપ્રાયો, ગમા-અણગમા મનોવિશ્લેષણની પ્રક્રિયામાં વચ્ચે ન આવે એની તકેદારી રાખે છે.

સાયકોથેરાપિસ્ટ દર્દી માટે નિર્ણયો કરતા નથી. દર્દી જાતે સમજી વિચારીને નિર્ણયો કરે છે અને અમલમાં મૂકે છે.

ઘટીત પ્રસંગો તથા દર્દીની એ પ્રસંગો પ્રત્યેની પ્રતિક્રિયાનું પૃથક્કરણ (Analysis) કરવામાં આવે છે. નકારાત્મક લાગણી કે પ્રતિક્રિયા વગર હકીકતનો સ્વીકાર કરવો એ બાબત ચર્ચા કરવામાં આવે છે. પરસ્પરના સંબંધો, અપેક્ષાઓ, લાગણીઓ વિશે તટસ્થપણે ચર્ચા કરાય છે. સમસ્યાનો હલ અલગ અલગ પધ્ધતિથી કેવી રીતે થઈ શકે તથા તત્કાલીન સંજોગો અને પરિસ્થિતિમાં યોગ્ય નિર્ણયો (Decision making) લેવામાં સાયકોથેરાપિસ્ટ દર્દીને સહાય કરે છે. નિર્ણયો કર્યા બાદ એને અમલમાં (Positive Action) મૂકવા માટેની પધ્ધતિઓ વિશે ચર્ચા કરાય છે. એ પ્રમાણે લાગણી (feelings), વલણ (attitudes), વર્તન (behaviour)માં ફેરફાર કરવો એ મહત્ત્વનું છે.

પરિવારજનો જોડે પણ ચર્ચા કરી હકીકતની જાણકારી

મેળવાય છે. એમની લાગણી તથા વર્તનની દર્દી પર થતી વિવિધ અસરો વિશે પરિવારજનો સાથે યોગ્ય ચર્ચા કરાય છે. જરૂરી બાબતમાં પરિવારજનોને ફેરફાર કરવાનું મહત્ત્વ સમજાવાય છે. પરિવારજનોનો સાથ અને સહકાર આ બાબતમાં મેળવવાનો પ્રયત્ન કરાય છે.

અલગ અલગ પ્રકારની મનોવિશ્લેષણની પધ્ધતિઓ ઉપલબ્ધ છે. દર્દીની સમસ્યા તથા જરૂરત પ્રમાણે વ્યક્તિગત રીતે મનોવિશ્લેષણની પધ્ધતિઓનો ઉપયોગ લેવાય છે.

મનોવિશ્લેષણની (Psychotherapy) અલગ અલગ પધ્ધતિઓ છે જેવી કે સપોર્ટિવ સાયકોથેરાપી (Supportive Psychotherapy), કાઉન્સેલિંગ (Counselling), બિહેવિયર થેરાપી (Behaviour therapy), કોગ્નિટિવ બિહેવિયર થેરાપી (Cognitive behaviour therapy), ઈન્ટર પર્સનલ થેરાપી (Inter personal therapy), એસર્ટિવ ટ્રેનિંગ (Assertive training), પોઝિટિવ રીએન્ફોર્સમેન્ટ (Positiv reinforcement), એનાલિટિકલ સાયકોથેરાપી (Analytical psychotherapy) વગેરે...

- **વિવેકપૂર્વકનો નકાર વિપદા નિવારે :**

વિવેકપૂર્વક "ના" પાડતા શીખવું જરૂરી છે. "ના" પાડીએ તો 'બીજાને દુઃખ લાગે', 'માઠું લાગી જાય', 'સંબંધ બગડે', 'લોકોમાં વાતો થાય', 'બધા આપણને સ્વાર્થી કે અતડામાં ખપાવી દે', 'જ્યારે આપણને જરૂર પડે ત્યારે કોઈ નજીક ન આવે' વગેરે ચિંતા કે કલ્પના કરી 'ના' પાડી શકતા નથી. ત્યાગમૂર્તિ બનીને બધા માટે કરી છૂટે છે અને છેવટે દુઃખી થાય છે.

**જે વ્યક્તિ બધાને 'હા' જ કહે છે કે તે પોતાને, પોતાની જરૂરિયાતોને, સુવિધાઓને કે પસંદગીને 'ના' કહે છે. છેવટે દુઃખી થાય છે તથા સ્ટ્રેસ અનુભવે છે.**

પોતાની જાતનો, સમયનો, શક્તિનો, સંજોગોનો, પ્રૃવત્તિનો, ક્ષમતાનો અને સીમાનો ખ્યાલ રાખ્યા પછી જ 'હા' કે 'ના' કહેવાનો નિર્ણય લેવો જોઈએ તો સ્ટ્રેસની બીમારીમાંથી બચી શકીશું.

'ના' પાડવાની હિંમત કેળવવી જરૂરી છે. 'ના' પાડવાની રીત તથા પધ્ધતિ પર ધ્યાન આપવું અગત્યનું છે (Proper way of saying "No").

- **તર્કબુધ્ધિથી નિર્ણય**
**(Rational / Logical Decisions) :**

મહત્ત્વની નિર્ણાયક બાબતોમાં લાગણીથી નહીં પણ મક્કમ તર્કબુધ્ધિથી નિર્ણય લેવો જોઈએ. અંત કે વ્યવસાયીક જીવનમાં અનિર્ણાયક પરિસ્થિતિમાં મૂકાઈ જઈએ તથા ભાવનાત્મક મુંઝવણથી ઘેરાઈ જઈએ ત્યારે મક્કમ થઈને નિર્ણય લેશું તો પાછળથી સ્ટ્રેસની બીમારી અટકાવી શકીશું.

- **હકારાત્મક જીવનશૈલી (Positive Life Style) :**

૧. નિત્યક્રમ સામાન્ય બનાવી દો. સવારના ખુલ્લી હવામાં ફરવા જાઓ. નિયમિતપણે પોતાને માફક આવે એવી કસરત કરો (Regular morning walk).

૨. પર્યટન, પિકનિક, યાત્રાનું આયોજન કરો (enjoyment)

૩. નિયમિત, સક્રિયપણે મેડિટેશન, યોગા, શવાસન કરો (relaxation).

૪. દરેક કામ માટે સમય કાઢવો પડે છે. જરૂરત છે એ કામને પ્રાથમિકતા આપવાની (Priority)

૫. સકારાત્મક વિચારો કરવા પૂરતા નથી. એની સાથે નક્કર પગલા લેવા જરૂરી છે (Positive Action)

૬. **વર્તમાનમાં જીવો. ભૂતકાળને યાદ કરી પસ્તાવો ન કરવો. ભવિષ્યની ખોટી ચિંતા ન કરો.**

૭. કંઈક અણગમતું બને ત્યારે અફસોસ ન કરતાં હકીકતનો મનથી સ્વીકાર કરવો. ભૂલ થાય તો એને સ્વીકારી સુધારવાનો પ્રયત્ન કરો.

૮. ઘનિષ્ટ મિત્રો બનાવો. એમની સાથે અંગત તથા મનની વાતો કરી શકાય તથા દુઃખ દૂર કરી શકાય.

૯. યોગ્ય પૌષ્ટિક આહાર લો. સીઝન પ્રમાણેના તાજા ફળો, લીલા શાકભાજીનું સેવન કરો. શક્ય હોય તો ફાસ્ટ ફૂડ ટાળો.

૧૦. નિયમિત અને પ્રમાણસર ઊંઘ લો.

૧૧. ખૂબ લાગણીવેડાને સ્થાન ન આપો.

- **સારાંશ :**

માનસિક સ્ટ્રેસની શરીર પર વિવિધ અસરો થાય છે. માનસિક સ્ટ્રેસને એક પ્રકારની બીમારી સમજવી અગત્યનું છે. યોગ્ય સારવાર કરવી જોઈએ. હકારાત્મક જીવનશૈલી અપનાવો જેથી માનસિક સ્ટ્રેસની નકારાત્મક અસરોમાંથી બચી શકાય અને યોગ્ય ગુણવત્તાભર્યું જીવન જીવી શકાય.

*E-mail : drmanilalgada@yahoo.com*
*E-mail : diptishah999@yahoo.co.in*

## આ તે કેવી પ્રાપ્તિ?

પામવું'તું કંઈક પણ કંઈક વળી પામી ગયો,
આશા - અપેક્ષા કંઈકની, પણ અન્યને થામી રહ્યો.
સુખ સમૃધ્ધિની ખેવના ત્યાં દુઃખ ને યાતના મળ્યા,
પ્રેમ મિલનની ઝંખના ત્યાં વિરહ તો આવી મળ્યો.
પામવું'તું...૦

આંખમાં કંઈક મેઘધનુષના રંગ કેરી રંગોળી હતી,
સતત એક રંગ એવો મળ્યો, રંગીનિયા ઊડી ગઈ.
જિંદગીની રસાળતા રસહીન ધરા થઈને રહી,
સરિતાના કલબલને બદલે ઉલટી ગંગા વહી રહી.
પામવું'તુ...૦

સવલત મળી, સગવડ મળી, તો ય ધાર્યું ન મળ્યું,
મળતું રહ્યું તો પણ અરે મનમાં હતું તે ન મળ્યું.
આ તે કેવી પ્રાપ્તિ? પામ્યો છતાંય લાગે ન મળ્યું,
મૃગજળ જેવી 'આરસી'એ મન મારું ઘેરાઈ ગયું.
પામવું'તું...૦

*'આરસી' શાહ - અમદાવાદ (ફોન : ૨૭૪૩૮૧૬૩)*

## ગઝલ : ગયાં છો

ભૂલકણું વચન તો દઈને ગયાં છો,
જરી થોભવાનું કહીને ગયાં છો.

લખી કેટલીયે ટપાલો ઉમંગે,
છતાં મૌન શાને લઈને ગયાં છો.

તમારા વિનાનું સદન સૂન ભાસે,
બધી સ્મૃતિ સાથે લઈને ગયાં છો.

ક્ષિતિજે અટકજો નિહાળી વિહંગમ,
કહીને ઈજન તો દઈને ગયાં છો.

સદા યાદ કરતો નિહાળું બગીચે,
ખિલતી કળીમાં વસીને ગયાં છો.

હવે શોધવી છે ચરણરજ રહી જે,
ફળીને ગલીમાં મૂકીને ગયાં છો.

હતું સ્થાન મારું તમારા નયન તે,
નિરખવા છબીમાં મઢીને ગયાં છો.

*નવીન ત્રિપાઠી 'અલ્પ'*
*ડી-૫, અરિહંત નગર, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૮૨૫૭ ૬૫૬૬૨*

## શ્રદ્ધા

સજા થાય છે નિર્દોષને
ગુનેગાર છૂટી જાય છે,
રાખેલ તારી પર શ્રદ્ધા,
પ્રભુ ત્યારે તૂટી જાય છે.

*અરવિંદ સોમૈયા - નખત્રાણા*

## અમે રડ્યા નથી કરતા!

*– એન. જે. ગોલીબાર*

આ 'ગોલીબાર' કોઈની ભલે પરવા નથી કરતા,
પ્રિયા સામે જો હો તો એ કશી ચૂં-ચાં નથી કરતા.

જલાવ્યા'તા અમે ઘીના ચિરાગો પણ કોઈ વેળા,
હવે તો તેલના પણ ઘર મહીં દીવા નથી કરતા.

ખબર છે અમને એમાં દૂધ કરતાં છે વધુ પાણી,
કે ઢોળાયેલા દૂધ ઉપર અમે રડ્યા નથી કરતા.

ભલા આ શાયરોને શું થયું છે કોઈ સમજાવો,
કરે છે કાવ્યરચના પણ જીવનરચના નથી કરતા.

અમે પાછળ છીએ કોઈથી એવું માનીએ શાને,
ને તેથી પીઠ પાછળ કોઈની નિંદા નથી કરતા.

પ્રણય કરવો હતો અમને મગર પરણી જવું પડ્યું,
હવે એકીટસે કોઈ તરફ જોયા નથી કરતા.

પ્રિયાને શું છે? એ તો માગશે હીરા અને મોતી,
નથી પરવડતા જે ખિસાને એ ખરચ નથી કરતા.

આ 'ગોલીબાર' ચાર આનામાં અક્કલ એની વેચે છે,
બહુ સારું છે એ 'ચક્રમ'ના આઠ આના નથી કરતા.

## હાઈકુ

પ્રભુ પ્રાર્થના
જાણે અમૃતકુંભ
અશાંતિ ટળે.

સારા વિચાર
બળ આપે અપાર
ને થાય ભલું.

હે... મા ધરતી
અમે કર્યા જુલ્મ
તું કંપી ઊઠી.

છે સાચો સાથી
માર્ગદર્શક બને
શ્રેષ્ઠ પુસ્તક.

સાચો મનુષ્ય
તો, ચાહે સૌનું ભલું
જીવન ધન્ય.

*બાબુલાલ ગોર - ભુજ, કચ્છ.*

# પ્રતિભાવ

## 'કચ્છશ્રુતિ'ના અંકોમાં વિવિધ પ્રકારની શ્રેષ્ઠ લેખન સામગ્રી

જુલાઈ માસના 'કચ્છશ્રુતિ'ના અંકમાં શ્રી બાબુલાલ ગોર, શ્રી રજનીકાંતભાઈ ઓઝા અને શ્રી જગદીશભાઈ જાનીની લઘુકથાઓ ગમી. લઘુકથા એટલે કુંડામાં ઉગેલ બોન્સાઇ વૃક્ષ છે. થોડામાં ઘણું કહેવાની કલા એટલે સફળ લઘુકથા. રજૂઆત અને અંત ચોટદાર રહ્યા. લેખકોને અભિનંદન. શ્રી ભોલાભાઈ ગોલીબારની 'પાસબુકમાં નવી એન્ટ્રી' પણ અતિશય લાગણીસભર અને સચોટ વાર્તા રજૂ થઇ છે. 'કચ્છશ્રુતિ'માં કાવ્ય, વાર્તા અને લઘુ કથાઓ રજૂ થતા રહે છે, એ ગમે છે. અરુણા અરુણ ઠક્કર, મુકુંદભાઈ 'અલ્પ' અને અદિતિ વસાની કાવ્ય રચનાઓ માણવા જેવી રહી.

'સ્વાસ્થ્ય'માં જરૂરી જાણકારી વાંચવા મળી. અન્ય વિભાગો પણ સુચારૂરૂપે પ્રગટ થાય છે તે બદલ અભિનંદન. આ દરેક માટે સંસ્થાના મુખપત્રના તંત્રી મંડળને અભિનંદન.

મુખપૃષ્ઠની સુંદર તસવીરથી 'મન મોર બની થનગનાટ કરે' એવું અનુભવ્યું. તે માટે પણ અભિનંદન.

*રમીલા પી. મહેતા - ભુજ (મો. ૯૪૨૭૨ ૭૨૯૧૯)*

## 'કચ્છશ્રુતિ'ની કૃતિઓ આસ્વાદમય

'કચ્છશ્રુતિ' મેગેઝિન મને ખૂબ ગમે છે. આપણી માતૃભાષાનું આ સામાયિક ખરેખર એક ઉમદા અને ઉત્કૃષ્ટ પ્રકાશન છે. ગત વર્ષ દરમ્યાન પ્રકાશિત થયેલા વિશેષાંકો વાંચીને હર્ષની લાગણી થઈ છે. કેટલાક અંકોમાં દેશપ્રેમનાં ગીતો, માહિતી વગેરે વાંચીને ખુશ થયો છું. ઉપરાંત કચ્છશ્રુતિના અંકોની કૃતિઓ પણ આસ્વાદ્ય છે. 'કચ્છશ્રુતિ' પ્રતિ આપ સૌની નિષ્ઠાને શત્ શત્ સલામ. વંદે માતરમ.

*ઇશ્વરભાઈ પરમાર - અમદાવાદ*

★

## 'કચ્છશ્રુતિ'ના અંકો માહિતી અને વિવિધતાસભર

આપના તરફથી કચ્છશ્રુતિના અંકો નિયમિત મળતા રહે છે. એ માટે આપનો આભાર.

માહિતીસભર અને વિવિધતાપૂર્ણ સામગ્રી ખરેખર પ્રશંસનીય છે. અભિનંદન.

*અનિલા રમેશ ધોળકિયા - અમદાવાદ*

## લઘુકથા : "કચ્છી માડુ"

*– નિખિલ એચ. ઠક્કર*

અને પછી ઠાકર સાહેબે પોતાના બંને ચૂંટણી કામના મદદનીશોને કહ્યું કે, "આપણે ત્રણે જણા અને એ ગામમાં કે જ્યાં આપણું ચૂંટણી બુથ છે તે ગામની પ્રા. શાળાના બહેન – ચારે સાથે મળીને ચૂંટણીનું કામ પતાવવાનું છે, બરોબરને!" પણ આ બંને સાથીદારો કે જે ઠાકર સાહેબના ચૂંટણી કામમાં મદદનીશ હતા, તેમણે જાણે પહેલેથી જ મનમાં નક્કી જ કરી લીધું હતું કે, અમારા ચૂંટણીના પ્રિસાઈડિંગ ઑફિસરને મદદ ન કરવી અને કામમાં હેરાન કરવા. એટલે બંને સાથીદારોએ ઠાકર સાહેબને સહકાર ન આપ્યો. ઠાકર સાહેબ એકલા અને તેમની મદદમાં પ્રા.શાળાનો પટાવાળો સવારે આઠથી સાંજે પાંચ વાગ્યા સુધી દોડતા રહ્યા અને પછી પણ! સાથે માત્ર પ્રા. શાળાના શિક્ષિકાબહેને મદદ કરી. રાત્રે ચૂંટણી કામની ઢસરબોળો કરી ઠાકર સાહેબ થાકી ગયા હતા. પણ તેમના બંને ચૂંટણી કામના મદદનીશ, બંને પ્રા. શિક્ષકોએ એમને છેવટ સુધી મદદ ન કરી. કોઈ પૂર્વગ્રહ હશે કચ્છીઓ પ્રત્યે! એવું ઠાકર સાહેબને લાગ્યું. ચૂંટણીના બુથનું કામ તો પત્યું પણ આજે ઠાકર સાહેબને બહુ જ અફસોસ થયો કે આ બંને મારા બેટા, મારા ચૂંટણી કામના મદદનીશ પ્રા. શિક્ષકો!! મારા – અરે અમારા સહિયારા કામમાં મદદ ન કરી! કારણ? કારણકે હું કચ્છી હતો? કશો વાંધો નહીં. કુદરત, જેવી તારી મરજી!

થોડા વખત પછી ઠાકર સાહેબને વડી કચેરીમાં શિક્ષણ નિરીક્ષક તરીકે હવાલો સંભાળવાનો ઓર્ડર મળ્યો. ઠાકર સાહેબ ફરજ પર હાજર થયા. પહેલે જ દિવસે એક ફરિયાદની તપાસ માટે પાસેના ગામડાંની પ્રા.શાળાના મુખ્ય શિક્ષકની તપાસ હાથમાં લીધી. મુખ્ય શિક્ષક પાસે નિવેદન લેવા પ્રા. શાળામાં ગયા. જોયું તો એ જ શિક્ષક, જેણે ચૂંટણીમાં છ માસ પહેલા ઠાકર સાહેબને કચ્છી હોવાને લીધે અસહકારભર્યું બેહૂદુ વર્તન કર્યું હતું. અને આજે...?

આજે એ જ મુખ્ય શિક્ષક ઠાકર સાહેબ પાસે ગળગળો થઈ પગે પડી માફી માંગી રહ્યો હતો. ત્યારે ઠાકર સાહેબે એટલું જ કહ્યું, "તમે તમારું બચાવનું નિવેદન લખી લ્યો. હું જ તમને લખાવવાનું કહું છું. હું જ લખાવીશ અને તમને બચાવીશ! પણ એક વાત યાદ રાખજો, હું કચ્છી છું. તમને હેરાન કરવા નથી માંગતો. તમે ભલે મને અગાઉની ચૂંટણીમાં તમારા સાથી મદદનીશ શિક્ષક સાથે મને હેરાન કરી નાખ્યો પણ આ તમારા કચ્છી માડુ ઠાકર સાહેબ, તમને તમારી એ દુષ્ટ હરકત બદલ માફ કરે છે. અમારા કચ્છનું પાણી એવું નથી કે અમે બીજાને હેરાન કરીએ. અમારા વતનની, અમારા મુલકની માટી એવી નથી. જાઓ, સારી રીતે નોકરી કરો. અને યાદ રાખજો, કે કચ્છીઓ ક્યારેય ડંખીલા નથી હોતા." ■

# અન્ય સંસ્થાના સમાચાર

## મહેન્દ્ર સુધાકરભાઈ શાહની ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સ ઇન્ડસ્ટ્રીઝમાં વરણી થઈ

ભાવનગરના જાણીતા ઉદ્યોગકાર અને ભાવનગર ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ ઈન્ડસ્ટ્રીઝ સાથે ૩૦ વર્ષથી સંકળાયેલા અને હાલમાં સંસ્થાના ચેરમેન તરીકે ફરજ બજાવતા શ્રી મહેન્દ્ર સુધાકરભાઈ શાહની ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝની કારોબારી સમિતિમાં કો-ઓપ્ટ સભ્ય તરીકે તાજેતરમાં વરણી થઈ છે, એમ ભાવનગર ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઑફ ઈન્ડસ્ટ્રીઝની એક યાદીમાં જણાવાયું છે.

## મુંબઈમાં ગુજરાતી સમાજ ભવન

બૃહદ્ મુંબઈ ગુજરાતી સમાજે મુંબઈના અંધેરી લિન્ક રોડ પર ૨૧ રૂમોની સગવડ સાથે ૭ માળનું ગુજરાતી સમાજ ભવન તાજેતરમાં બાંધ્યું છે જે આગામી દશેરાની આસપાસ શરૂ થવાની ધારણા છે.

ચોથે માળે નામની શરતે રૂા. ૫૧ લાખનું દાન તથા પ્રતિ રૂમ માટે રૂા. ૧૧ લાખના દાન સ્વીકાર્ય છે. તેની સામે દાતાશ્રીઓને કેટલાક લાભ મળી શકશે તેવું બૃહદ્ મુંબઈ ગુજરાતી સમાજ તરફથી એક યાદીમાં જણાવાયું છે.

સરનામું : પ્લોટ નં. એ/૭, ૪૧, આદર્શ નગર, જોગેશ્વરી ઓશીવારા લિન્ક રોડ, લોટસ પેટ્રોલ પંપ સામે, અંધેરી (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૧૦૨. ફોન : ૨૬૩૪૯૨૦૯

## શ્રી કચ્છી વીસા ઓસવાલ જૈન સમાજ - હૈદ્રાબાદના રજત જયંતિ મહોત્સવની ઉજવણી થઈ

શ્રી કચ્છી વીસા ઓસવાલ જૈન સમાજ - હૈદ્રાબાદની સ્થાપનાને ૨૫ વર્ષ પૂર્ણ થતાં કચ્છી ભવન - હૈદ્રાબાદ મધ્યે ભવ્યાતિભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત નવકારમંત્ર અને રાષ્ટ્રગીતથી કરવામાં આવી હતી. ત્યારબાદ વિવિધ શહેરોથી પધારેલા મહેમાન અને પદાધિકારીઓના શુભ હસ્તે દીપ પ્રજવલન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પ્રમુખ શ્રી નીતિનભાઈ ધરોડે ઉપસ્થિત સર્વેને આવકાર આપી સંસ્થાની પ્રવૃત્તિઓ વિશે પરિચય આપ્યો હતો. ત્યારબાદ મુંબઈથી પધારેલા વક્તા શ્રી નીલેશભાઈ ગાલાએ **'જનરેશન ગેપ'** વિષય પર સુંદર વક્તવ્ય આપ્યું હતું. જેને શ્રોતાઓએ મંત્રમુગ્ધ થઈને માણ્યું હતું. જ્યારે બીજા વક્તા શ્રી અતુલભાઈ ભેદાએ **'સમાજની ઘટતી જતી વસ્તી – એક સમસ્યા'** એ વિષય પર પોતાના મંતવ્યો સંશોધન અને દાખલા સહિત રજૂ કરતાં શ્રોતાઓએ રસપૂર્વક સાંભળ્યું હતું. આ પ્રસંગે બહારગામથી પધારેલા મહેમાનોએ પ્રાસંગિક પ્રવચન કરી સંસ્થાના પદાધિકારીગણ તથા બોર્ડ મેમ્બરને અભિનંદન આપ્યા હતા.

કાર્યક્રમ દરમ્યાન ધારાસભ્ય શ્રી તારાચંદભાઈ છેડાના વરદ્ હસ્તે કચ્છી વીસા ઓસવાલ જૈન સમાજ - હૈદ્રાબાદ તરફથી સમગ્ર તેલંગાણા - આંધ્રપ્રદેશના સભ્ય પરિવારોને આવરી લેતાં આકર્ષક માહિતીસભર વસ્તી પત્રકનું વિમોચન કરવામાં આવ્યું હતું એમ શ્રી ક.વી.ઓ. જૈન સમાજ - હૈદ્રાબાદના એક અહેવાલમાં જણાવાયું હતું.

## ધારાસભ્યશ્રીની માંડવી - મુંદ્રા તાલુકાના અધિકારીઓ સાથે બેઠક

કચ્છ જિલ્લાના ધારાસભ્ય શ્રી તારાચંદભાઈ છેડાએ તેમના મત વિસ્તાર માંડવી તથા મુંદ્રા તાલુકામાં વરસાદ પછી ઊભા થયેલ પ્રશ્નો અને તેના નિરાકરણ માટે માંડવી અને મુંદ્રા તાલુકા મથકે અધિકારીઓ તથા પદાધિકારીઓ સાથે બેઠકો યોજીને બંને તાલુકામાં આગામી દિવસોમાં ક્યાંય પણ મુશ્કેલી ન થાય તે માટે ચર્ચા વિચારણા કરી હતી.

